સળંગ અંક ૪૩૪
આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક
વર્ષ ૩૭ · અંક બીજો · ફેબ્રુઆરી ૧૯૬૦

તંત્રી
બચુભાઈ રાવત

સંસ્થાપક : રવિશંકર રાવળ





ટિકિટસંગ્રહ અબ્રાહમ લિંકન–અમેરિકન ટિકિટો પર. આ માસમાં અમેરિકન પ્રેસિડેન્ડ અબ્રાહમ લિંકનની જયંતી આવે છે એ નિમિત્તે, છેક ઈ. ૧૮૬૬થી માંડી અત્યાર સુધીની અમેરિકન ટિકિટો પર આવેલી તેની છબિઓનો આ સમૂહ પ્રસંગોચિત ગણાશે. વચ્ચે એક ડોલરની ટિકિટ પર તેના સ્મારકનું ચિત્ર છે.

કુમાર ફેબ્રુઆરી ૧૯૬૦ • અંક • ૪૩૪

ચિત્રો

સૌંદર્યપુંજ — પૂઠું
વીરભદ્ર-રૂપમાં શિવ-પ્રતિમા — મુખચિત્ર પાછળ
મુરલીધર — કલાકાર: પ્રદ્યુમ્ન તન્ના — ત્રિરંગી મુખચિત્ર

કાવ્યો

કોશી — રાજેન્દ્ર શાહ ૪૫
સાથસાથ — હેમન્ત દેસાઈ ૪૫
હજી — હરીન્દ્ર દવે ૪૫
વિરામ — 'શશિશિવમ્' ૪૫
રાત રાત નથી — 'સરોદ' ૪૪
સંધ્યાકાળ. — જસુભાઈ શાહ ૪૫
મૃગજળ — શશિન્ ઓઝા ૪૫
એ ચંદની — પિનાકિન્ ઠાકોર ૪૫

ચરિત્ર

પ્રો. સી. એન. વકીલ — પ્રો. હૃષીકેશ નાનુભાઈ પાઠક ૫૦
બેરન્ટ્સ (સોળમી સદીના શોધસફરીઓ-૨) — પ્રો. ર. ચી. શાહ ૫૩

નાટિકા

બંગલો વેચવાનો છે — વિભૂતકુમાર શાહ ૪૭

લેખો

કલામાં વિકૃતીકરણનાં કારણો–પ્રતીક — જ્યોતિ ભટ્ટ ૫૫
આહારની અગત્ય (આહાર ને આરોગ્ય-૨) — ડૉ. શિવપ્રસાદ ૬૧
થાઈ દેશની લલિતકળા (અગસ્ત્યને પગલે-૩૨) — નવનીત પારેખ ૬૩
ઉષ:પાન — નટવરલાલ માલવી ૭૦
સાહિત્યિક સમસ્યા — મહેન્દ્ર ન. પંડ્યા ૭૪
બાહ્ય અવકાશમાં ઉડ્ડયનની સિદ્ધિ (ચિત્રકથા) — ૮૦

વિભાગો

ટિકિટસંગ્રહ: ટિકિટો પર પ્રેસિડેન્ટ લિંકન — આગલા પૂઠામાં
વાચકો લખે છે — ૪૪
વિચારવિશેષ — ૪૬
अद्यापि दुर्निवारं [સુભાષિત] — શંકરદેવ વિદ્યાલંકાર ૬૨
ઈ. ૧૯૫૯નો 'કુમાર'-ચંદ્રક — ૬૭
પચ્ચીસ વર્ષ પહેલાં — ૬૮
સાહિત્યસંપર્ક (શબ્દકથા આદુ, સૂંઠ, જિંજર : હરિવલ્લભ ભાયાણી) — ૭૪
ખડમાંકડી (આપણાં જંતુઓ : ૨૫) — ૭૬
માધુકરી (મૅકૉલે, આફ્રિકન દેશોની સ્વાતંત્ર્યસિદ્ધિ) — ૭૬
આ માસ ઇતિહાસમાં (વ્યક્તિવિશેષ : બાબર) — ૭૯
છેલ્લું પાનું — ૮૨

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

વાચકો લખે છે.

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★ ગયા શ્રાવણ માસમાં જન્માષ્ટમીના દિવસે બાકોર પાંડરવાડા (તા. લુણાવાડા) પ્રદેશમાં ખૂબ વરસાદ પડ્યો. એથી પાંડરવાડાની પૂર્વમાં મકરાણા ડુંગરમાંના પાણીના વહેણથી જમીન ખોદાઇ તેમાં એક ભાંગેલું માટલું અને તેમાં એક મૂર્તિ જોવામાં આવ્યાં. પહેલાં આ મૂર્તિને એક મુસ્લિમ ભાઇએ જોએલી. તેણે તે પોતાની પાસે રાખેલી. પછી એ ગામલોકોએ એક મંદિરમાં પધરાવી અને તેની પૂજા કરવા માંડી!



માટલાની અંદરથી આ મૂર્તિ નીકળી હોઈ માટલામાં દેવને મૂકીને પાણીમાં પધરાવવાનો કે જમીનમાં દાટવાનો કોઈ રિવાજ કોઈક કાળે હશે? ખોદાણ થએલી જમીનમાં પહેલાં કોઈ નદી કે વહેળો હોવાનું જાણવામાં નથી.

મૂર્તિ લીલાશ પડતા રંગીન પથ્થરની છે. પથ્થર સુંવાળો છે. ત્યાંના લોકો તેને ડુંગરપુરી પારેવો પથ્થર કહે છે. (આ પથ્થરને વાટીને ઝીણું ચૂર્ણ બનાવીને કેટલાંક સ્ત્રીદર્દો પર પણ વાપરવામાં આવે છે, એવું જાણવા મળ્યું છે.)

મૂર્તિને એક કાટખૂણી, ૧૦" ઊંચી અને ૩" આડી પીઠિકા છે, જેની જાડાઇ ૧" છે. આ માં સ્ત્રીપુરુષ બંને ની આકૃતિઓ છે. સ્ત્રીમૂર્તિ $૭\frac{૧}{૨}$" ઊંચી અને $૨\frac{૧}{૨}$" પહોળી છે. પુરુષમૂર્તિ લગભગ $૮\frac{૧}{૨}$" ઊંચી અને ૩" પહોળી છે. સ્ત્રીના હાથ જોડેલા છે; તેના કાનમાં કુંડળ છે; સ્તન પુષ્ટ છે; હાથે બાજુબંધ નથી. પુરુષના એક હાથે બાજુબંધ છે, બીજા હાથે સ્પષ્ટ નથી. સ્ત્રીના ગળામાં બે પંક્તિની સાદી માળા—જરા ય કારીગરી કે કોતરણી વિનાની છે. પુરુષના ગળામાં ત્રણ પંક્તિની તેવી જ સાદી માળા છે. પુરુષની કમરમાં ત્રણ પંક્તિના પટા જેવું કંઈક વરતાય છે. બનેના હાથમાં સાદાં કંકણ છે. બંને આકૃતિઓમાં ડાબો ગાલ નીચો ને જમણો ડાબા કરતાં ઊંચો છે—ખંડિત નથી તેવું લાગે છે. બંનેના માથા પર સાદું કેશગુંફન છે. પુરુષના હાથમાં કોઈક ચીજ છે, જે સ્પષ્ટ વર્તાતી નથી. તેણે ડાબો હાથ કમર પાસે રાખી ત્યાં તે વસ્તુનો એક છેડો પકડેલો છે; જમણો હાથ કોણીથી વાળેલો ને ઊંચો કરેલો છે અને ત્યાં પેલી વસ્તુનો બીજો છેડો પકડેલો છે. તે વસ્તુનો છેડો કમળના મોગરા જેવો છે, અને તેની ભાત મગરનાં ભીંગડાં જેવી છે.

આ રીતે માટલામાં મૂકીને પધરાવેલી યુગલમૂર્તિ કોઇ ઘટનાનું કે રિવાજનું પ્રતીક હશે કે કેમ? આ પ્રદેશમાં હોલિકોત્સવ પ્રસંગે માટીની નગ્ન પુરુષમૂર્તિ બનાવી ઉત્સવાંતે તેને પાણીમાં પધરાવી દેવાનો થોડાંક વર્ષો પહેલાં રિવાજ હતો, જે રિવાજમાં અશ્લીલતા હોઈ રાજ્યસરકારે તે બંધ કરાવેલો. અભ્યાસીઓ આ વિષે પ્રકાશ પાડશે, એવી આશા છે.

(નડિયાદ) —પ્રા. રમણલાલ ગાંધી

અંક ૪૩૦માં ડૉ. પ્રિયબાળા શાહના લેખમાં જણાવાયું છે કે આપણે ત્યાં પૂજાતી બ્રહ્માની મૂર્તિ કે તેનું મંદિર માત્ર ખેડબ્રહ્મા ને અજમેરમાં છે. બ્રહ્માની પૂજાતી મૂર્તિ મારા તલંગપુર ગામે છે જે પોરબંદરી ચૂનાના પથ્થરમાંથી ઘડેલી છે. આવી બ્રહ્માની મૂર્તિઓ કામરેજના નારદબ્રહ્માના મંદિર ઉપરાંત નવસારી, મોતા વગેરે સ્થળોએ પણ છે. એ માટે જુઓ 'લોકવાણી' (સૂરત) દિવાળી અંક '૪૮: ડૉ. રમણલાલ મહેતાનો લેખ 'કામરેજ'. તલંગપુરની મૂર્તિ, ડૉ. શાહના લેખમાં છપી છે તેને બરાબર મળતી આવે છે.

(તલંગપુર, વાયા સચીન)—ભીમભાઈ દેસાઈ

ગયા માસમાં શ્રી નટવરલાલભાઈના લેખમાં હરડે-ગુલાબજળનું અંજન કરવા વિષે જાણ્યું. નાનપણથી મારા પિતાશ્રીએ મને હરડેનો એક પ્રયોગ બતાવ્યો હતો. હિમેજને પાણીમાં ઘસી એમાં ખડી સાકરના બેત્રણ લસરકા કરી આંખે આંજવાથી ખીલ મટી જાય છે. શ્રી નટવરલાલભાઈ હિમેજની વાત કરે છે કે મોટી હરડેની? ખુલાસો થાય તો સારું.

આવા પ્રયોગો 'કુમાર'માં આપો છો તે સિદ્ધ પ્રયોગો જ હશે એમ માની મેં એનો અનેક વાર લાભ લીધો છે.

(છોટા ઉદેપુર) —અરુણ દ્વિવેદીઆ

'કુમાર'માં વિદ્યાર્થીઓને ઉપયોગી એવું હુન્નર-ઉદ્યોગને લગતું માર્ગદર્શન અથવા માહિતી આપો તો ઘણું સારું. ઓછું ભણેલા અથવા મૅટ્રિક થએલાને ઓછા સમયે હુન્નર-ઉદ્યોગને લગતી તાલીમ આપતી શાળાઓ–કૉલેજો, સંસ્થાઓ વગેરેની માહિતીની આજે ઘણી જરૂર છે. એવા નાના ગૃહઉદ્યોગોની માહિતી, તેની યંત્રસામગ્રી ક્યાં મળે, સરકાર શી મદદ કરે, એવી બાબતો હુન્નર-ઉદ્યોગ પ્રતિ આજના વિદ્યાર્થીઓનું વધુ લક્ષ દોરશે ને દેશની ગરજ કંઈક અંશે ઓછી થશે.

(બોરડી) —ઈ. ગો. શાહ

જાન્યુ૦ અંકમાં 'દિનવિશેષ'માં 'નેતાજી'નો જન્મદિવસ તા. ૩-૧-૧૮૯૭ જણાવ્યો છે, પરંતુ તે તા. ૨૩-૧-૧૮૯૭ હોવો જોઇએ.

(અમદાવાદ) —દશરથલાલ શાહ

(દહાણુરોડ) —મનુભાઈ ગુ. દેસાઈ

સૌરાષ્ટ્રની મારી છેલ્લી મુસાફરી દરમ્યાન અમદાવાદની એક કૉલેજનાં એક વિદ્યાર્થિનીબહેનનો ભેટો થઈ ગએલો. ગુજરાતનાં માસિકો અંગે વાત નીકળતાં તેમણે કહ્યું કે તેમની કૉલેજના ગુજરાતીના પ્રોફેસરે પોતાના વર્ગનાં વિદ્યાર્થીઓને કહેલું કે 'બુદ્ધિપ્રકાશ', 'સંસ્કૃતિ', 'નવજીવન', 'અખંડ આનંદ' વગેરે માસિકો વાંચજો; પણ ભૂલચૂકે ય 'કુમાર' ન વાંચશો, કેમકે તેની જોડણી ખોટી હોય છે.

આથી 'કુમાર'માં રસ લેતા વાચક તરીકે મને બે પ્રશ્ન થયા: એક તો એ કે 'કુમાર' શું ખરેખર અશુદ્ધ જોડણી વાપરે છે? અને જો તેમ ન હોય તો કૉલેજના વર્ગ જેવા સ્થળે થતા આવા અભિપ્રાય-પ્રચાર પાછળ એ પ્રોફેસરસાહેબનો શો હેતુ હશે?

(અમદાવાદ) —એક વાચક

[* મજકૂર પ્રોફેસરસાહેબે નિર્દેશેલાં 'બુદ્ધિપ્રકાશ' આદિ માસિકામાંથી 'માધુકરી'માં ઉતારવા માટે લીધેલા ફકરાઓમાં પણ ક્વચિત્ અમારે જોડણી (અમારા જ્ઞાન મુજબ) સુધારવી પડી છે, એટલું જ આ બાબત અમે અમારા તરફથી કહી શકીએ છીએ. અલબત્ત, એકાદબે બાબતોમાં પ્રામાણિક મતભેદ પૂરતી અમે જે ચોક્કસ પ્રકારની જોડણી કરીએ છીએ તેને જ જો 'ખોટી જોડણી'ને નામે આમ છડેચોક વગોવવામાં આવતી હોય તો એવા માનસ વિષે અમારે કાંઈ કહેવું નથી.]

કોશી*

· વસંતતિલકા ·

અંધાર સૌમ્ય ઉડુતેજ થકી મહીન,
ને મંદ મંદ પવને હળવો વિલોલ;
તું આવતી નિકટ હે પ્રિય, પૂર્ણકામ,
ધીરે, પ્રસન્નમુખ, શ્વેત ધરી નિચોલ.

તારો સુકોમલ મળે કરસ્પર્શ ભાલે,
રહેતી ન કલાન્તિ કંઇ શીતલ એવું પાન;
ને બીનને સ્વર વિલંબિત ચારુ, તારું,
ત્યાં આત્મલીન ઉરનું રણકંત ગાન!

તલ્લીન સૃષ્ટિ દગની મનની ય એમ,
કાંઇ વ્યતીત નહિ, કોઇ રહે ન યાદ;
જેને નહીં ઊગમ વા શમવાનું એવો
આનંદનો પરમ કેવલ બિંદુ નાદ!

કલ્યાણિ હે! તરસ તેં મુજ પૂર્ણ તોષી!
હે શાન્ત, સ્નિગ્ધ, અનુરાગિણી રમ્ય કોશી!

રાજેન્દ્ર શાહ

*રાગિણી–કાવ્યમાલાનું છઠ્ઠું કાવ્ય.....રાગિણી [કો]શી (એને કૌંસી પણ કહે છે);...સમય : રાત્રે [૧]૦-૩૦ થી ૧૨....પરમ શાન્ત રાગિણી.

સાથસાથ

· ગઝલ ·

ઘણાક અસ્ત મેં દીઠા ઉદયની સાથસાથ!
પરાજયો મળ્યા ઘણા વિજયની સાથસાથ!

અતૃપ્ત આરઝૂ જીવનની એક રહી ગઇ!
મળ્યું ન ક્યાંય રૂપ કો હૃદયની સાથસાથ!

સુણ્યાં વચન અનેક દ્વિઅર્થી અને મધુર,
કરે છે કૂર ઘાવ જે વિનયની સાથસાથ!

પૂનમ પ્રતિ ધપ્યે જતા શશીની જેમ આ
વધ્યાં વહાલ-વળગણો ય વયની સાથસાથ!

અરે ઓ અજ્ઞ! પાત્રનો શું દોષ કાઢવો?
તેં જામને ય અવગણ્યું છે મયની સાથસાથ!

અમે હૃદય ધર્યું, પૂરું તમે ન ઓળખ્યું,
ભલી થઇ છે ભૂલ એ ઉભયની સાથસાથ!

કબૂલ છે જીવનની હાર, હે વિધિ! મને,
છતાં ય આશ તો જશે વિલયની સાથસાથ!

જીવનનું તત્ત્વજ્ઞાન એક સૂત્રમાં મળ્યું:
વહાય તેમ વ્હે જવું સમયની સાથસાથ!

હેમન્ત દેસાઈ

હજી

· ગાન ·

હજી મારગડો આંતરે મોહનજી રે
વૃંદાવનમાં એ કૃષ્ણ, એ રાધા હજી રે.

હજી જમુનાને તીર વેણુ વાગતી રે
મેલી ઘમ્મર વલોણાં ગોપી ભાગતી રે,
ઘેલા મનને મેણાંની ઠેશ લાગતી રે:
હૈયું હરખે એ ઘાવને અંગે સજી રે,
વૃંદાવનમાં એ કૃષ્ણ, એ રાધા હજી રે.

ઓલ્લા મંદિરની આરતીને ઠેલી ચાલી
કે ઓલ્લા ભગતોની ભીડને ઉકેલી ચાલી,
કે ભર્યા ગોકુળિયે ગોપી અકેલી ચાલી:
ભલી એ ને ભલી એની લગન જી રે
વૃંદાવનમાં એ કૃષ્ણ, એ રાધા હજી રે.

હરીન્દ્ર દવે

રાત રાત નથી!

મનુષ્ય ચાહે તો કોઇ અશક્ય વાત નથી:
દીપોત્સવીની જુઓ રાત, રાત રાત નથી.

'સરોદ'

વિરામ

· વસંતતિલકા ·

મારે ન કો સ્વજન, ના પ્રિય, ના વયસ્ય,
વ્હાલું-સગું ય નવ કો ઉરનો વિરામ,
જ્યાં શાંત મુક્ત મનથી ધરી શીર્ષ ખોળે
પોઢું; શિશુ જયમ ઊંઘે મૃદુ માતૃગોદે.

પ્રોત્સાહકે નહીં, જ્યહીં ઉર પે પડેલ
સૌ આગળા જઇ ખસી ઉરદ્વાર ખૂલે,
થાતાં વિમુક્ત, દુખભાર થકી સીઝેલ
આનંદથી હૃદયપુષ્પ જરી પ્રફુલ્લે.

કૈં ખદ્‌બદંત જગમાંહી અસંખ્ય જીવ,
હું યાત્રી એકલ ધખંત રણે, જ્યહીં હા!
લાધે ન પંક્તિ પદચિહ્‌ન તણો ય સાથ.
આ ઊર્ધ્વ શૂન્ય, નવ પંખી ભૂલેલ પંથ,
પામે ક્ષણેક વિરતિ જ્યહીં દષ્ટિ વ્યગ્ર.

ખેડયે જવો વિકટ પંથ અનંત ઉગ્ર
લૈ એક સાથ મુજ છાંય તણો જ માત્ર;
તેને લપેટી લઉં તો બસ છે વિરામ!

શશિશિવમ્

સંધ્યાકાળ

· ગાન ·

કોઈ ખરેલી પાંદડી-મધુમાલતીની જેમ શોભતું સકળ વ્યોમ,
આથમી જતા દિનને ધરા 'આવજે' કહેતી સઘળું ભરી જોમ.

ઝાડવાં લાંબા હાથ કરીને ફરકાવે કિસલય,
હોઠ ભીંસી કહે 'શુભ યામિની' કળીઓ માસુમ વય;

તેજ છલોછલ દૂરની બારી મલકે જાણે મધ ભરેલું મોમ,
કોણ તોફાની જળ ઉડાડી ચીતરી મેલે નભને, શોચે સોમ.

હાથ ભીડીને હાથમાં ઊભા ડુંગરા નાના બાળ,
થઇ ફણાભર ઊંચા, જોતા ઢળતો સંધ્યાકાળ.

જસુભાઈ શાહ

ઓ ચંદની

· ગાન ·

ઓ ચંદની
તારો તે પાતળો પાલવ પવનનો લ્હેરાતો જાય,
એવી વેરાતી જાય ઝરી કળીઓ કો તેજની સુગંધની—ઓ૦

તારો ઘૂંઘટ ઢળે:
લાખ લાખ આંખ તને અંધારાં વીંધીને શોધવાને નીકળે,
પડવાની પ્રીત, લળી બીજ શી રૂપાળી,
ઝીલ્યાં ચોથનાં તે ચાંદરણાં, મોહક પૂનમ જો આનંદની—ઓ૦

તારાં લોચન ખૂલે:
રંગ રંગ રેલતાં રઢિયાળાં ઇંદ્રધનુ નજરોને દોર ઝૂલે,
વાંકે તે નેણ રહ્યાં અંકાતાં વેણ
એનાં કે'ણ શેં ઠેલાય, એવી વાણી વણગાએલા છંદની—ઓ૦

તારાં અંતર ઝરે:
ઝૂરતી આ ઝંખના એ ઝીલવાને અંજલિના જૂજવા અવતાર ધરે
નયનોને રૂપ એવે અંતર અનૂપ;
અને નેહના એ જનમોજનમના શા બંધની-સંબંધની—ઓ૦

પિનાકિન ઠાકોર

મૃગજળ!


· મંદાક્રાન્તા ·

કહે છે તારો મૃગજળ સમો સ્નેહ આ સૌ, ભલેને!
મેં તો માન્યું વિમલ ઉર તારું જ આ સૌ વહે છે!
ને જો હોયે મૃગજળ જ આ, તો ય છો; માત્ર વાંછું:
રે'વા દેજે મૃગજળ ય રે! ઠેઠ સુધી અભંગ!

શશિન્ ઓઝા

કોશી : રાગિણીનો આંતરગુણ અહીં સર્વસ્પર્શી ને પ્રાસાદિકરીતે નિરૂપાયો છે તે આ કાવ્યની વિશિષ્ટતા છે.*સાથસાથ: કવિની ખુમારી આગળ, વિરોધો હોવા છતાં ઝાંખા પડી જાય છે.*હજી : કૃષ્ણ-રાધાના સનાતન પ્રતીકનું ગીતધ્વનિ રૂપે આલેખન*'વિરામ'ની નહિ વિરામની આકાંક્ષાની અહીં પરાકોટિ સધાઇ છે.*મૃગજળ !: 'વિરામ'ની સમમૂલ એક વધુ વ્યંજના.*રાત રાત નથી ! : શબ્દની ચમત્કારી વાચ્યશક્તિનું સુંદર દૃષ્ટાંત.* સંધ્યાકાળ : વર્ણનની તાજી ઝલકમાં કવિની લાક્ષણિક નર્મવૃત્તિ યે ડોકાય છે.*ઓ ચંદની : ઉત્તરોત્તર ભાવ·આરતની ગહરાઈની વાચક બનતી સૌંદર્ય-સંવેદના.

વિચાર-વિશેષ



માટીના પિંડામાંથી સુવર્ણપાત્ર

આ પ્રજાસત્તાકદિન વિશાળ મુંબાઈ રાજ્યનો છેલ્લો પ્રજાસત્તાકદિન હતો. એ મહિનામાં જ ગુજરાતનું નવું રાજ્ય નિર્માણ થશે. ગુજરાતની અસ્મિતા પ્રકટ થાય અને ગુજરાતી જનતાની એકતા દ્વારા નવું રાજ્ય ઝડપથી વિકાસ સાધે એવો અવસર એ હશે. ગુજરાતના પુરુષાર્થને, લોકહૈયાના ઉમળકાને, નિષ્ઠાને ને વ્યવહારબુદ્ધિને આજના પ્રજાસત્તાકદિનનું આહ્વાન છે. ગુજરાતની જનતા પોતાની આકાંક્ષાઓ પૂરી કરવા કેવો પુરુષાર્થ કરશે? ગુજરાતના ભાવિનો ચાકડો મંડાયો છે. એને ગુજરાતના સમર્થ હાથ કેવો ઘાટ આપશે? ગુજરાત રાજ્યના ભાવિને ઘાટ આપનાર એ ચાકડા પરથી સમસ્ત ભારતને પ્રેરણા મળે એવો સુરેખ અને સંગીન ઘાટ ઉતારવા ગુજરાતની જનતા સંકલ્પ કરે ને ધરતીની માટીમાંથી સુવર્ણપાત્રો સર્જી ગુજરાતને ને રાષ્ટ્રને સમૃદ્ધ બનાવવા શક્તિમાન થાય એવી પ્રાર્થના કરીએ. (ગુજરાત સમાચાર)

ઉજવણી

પ્રજાસત્તાક દિનની ઉજવણી વર્ષે વર્ષે દિલ્હીમાં થાય છે તેને બદલે વારાફરતી મુંબાઈ, કલકત્તા અને મદ્રાસમાં પણ થવી જોઇએ. એ શાનદાર લશ્કરી પરેડ ને સંસ્કાર-દૃશ્યાવલિનાં દર્શન આમ તો હૈયાં હલાવી નાખે તેવાં હોય છે, પણ દિલ્હી હવે એ જોઈ જોઇને ધરાઈ ગયું છે, એટલે એ ભવ્ય ઉજવણીની અસર વેડફાય છે.

વર્ષોવર્ષ થતી આ ઉજવણીનું મૂલ્ય આત્મશ્રદ્ધા પ્રગટાવવાની દૃષ્ટિએ મોટું છે. મૌર્યોથી મુઘલો સુધી અને બ્રિટિશરોથી કોંગ્રેસીઓ સુધી બધાએ આ વાત સ્વીકારી છે. પણ આત્મપ્રેરણા આપતું આ દૃશ્ય માત્ર થાકેલા દિલ્હી ઉપર જ વેડફાય છે તેને બદલે આપણી ભવ્ય સેનાને, શિસ્તબદ્ધ સૈનિકોની કૂચ કવાયત જે ગમે તે હૈયાંમાં ઉષ્મા પ્રગટાવે તેવી છે, તે મુંબાઇ કલકત્તા કે મદ્રાસમાં કરવામાં આવે તો આપણે દેશમાં જે ભાવાત્મક ઐક્ય પ્રગટાવવા માગીએ છીએ તે પ્રગટે. ઉદ્યોગોનું વિકેન્દ્રીકરણ કરતાં પહેલાં આપણે ભાવાત્મક એકતા પ્રગટાવતા ઉત્સવોનું વિકેન્દ્રીકરણ કરવું જોઇએ. ગાંધીજી કોંગ્રેસનાં મોટાં અધિવેશનો ગામડાંમાં ભરવાના હિમાયતી હતા, એ અમસ્તા નહિ. આરસનાં સ્મારકો કે લોકભાવનાને દેશના પાટનગરમાં જ કેન્દ્રિત કરવાની મુઘલ મનોવૃત્તિ આપણે છોડવી જ રહી.

—કૃષ્ણલાલ શ્રીધરાણી

ઊલટી ગંગા

હિંદ ગામડાંનો દેશ છે. પ્રત્યેક ગામડામાં ભાગોળે કંઇ ને કંઈ વનસ્પતિ ઊગી હોય છે. આ વનસ્પતિઓનું જ્ઞાન હોય તો એ ગામના લોકોને બહાર દવા માટે જવું ન પડે. લીમડો, કુંવાર, સાટોડી, પીલુડી, અરડૂસી, કાસુંદ્રી, કુંવાડીઓ, શીમળો, આ બધી સામાન્ય વનસ્પતિઓ ગામડાંમાં થાય છે. આનો ઉપયોગ જો તેઓ જાણતા થઈ જાય તો ૯૫ ટકા દવાઓ તેમને મળી રહે. હિંદુસ્તાનનું પ્રત્યેક ગામડું દવા-દૃષ્ટિએ સ્વાયત્ત છે, માત્ર જ્ઞાન જોઇએ. આજે ઊલટી ગંગા વહી રહી છે. ગામડે ગામડે પરદેશી દવાઓના બાટલા પહોંચ્યા છે. કાં દેશી દવાનું જ્ઞાન નથી, કાં શ્રદ્ધા નથી. જોતજોતાંમાં ઈંજેકશનો ને મોંઘી ટીકડીઓ લોકો ખાતા થયા છે. અમારું માનવું છે કે આ બધાની મુદ્દલ જરૂર નથી. ઘરગથ્થુ દ્રવ્યોને પડતાં મૂકી પરદેશી રસાયણો લેતા થવું તે ઉંબરો મૂકી ડુંગરો પૂજવા જેવું છે. આપણાં અજમો, હળદર, ટંકણખાર, નવસાર, મીઠું એ પણ આપણી દવાઓ છે. હિંદમાં દાક્તરોને ગામડાંમાં મોકલવાને મુકાબલે તેમને આ શિક્ષણ મળી રહે, પ્રજામાંથી દવાનો મોહ ટળે એવા જ્ઞાનપ્રચાર માટે ઝુંબેશ ઉપાડવાની જરૂર છે. સાદાં ઔષધોમાં વસેલા ચમત્કારિક ગુણો પ્રજાને શીખવવા જોઇએ અને આ માટે કંઇ પ્રબંધ થવો જોઇએ. —બાપાલાલ ગ. વૈદ્ય

રે મન

રે મન, ચાલ મોહબ્બત કરીએ.
નદીનાળાંમાં કોણ મરે?
ચલ ડૂબ ઘૂઘવતે દરિયે—રે મન૦
રહીરહી દિલ દર્દ ઊઠે તે
દોસ્ત મળે તો દઇએ,
કોઈની મોંઘી પીડ ફક્ત સ્મિત
એક દઇ લઇ લઇએ;
પળભરનો આનંદ ધરાના
કણકણમાં પાથરીએ—રે મન૦

એક સુગમ સાધી, મેલી દે
અગમનિગમના કોડ,
વન ઉપવન શું ભળવું?
વહાલો એક ગણી લે છોડ,
ફૂલ સંગ નેડો બાંધ્યો,
અવ કંટકથી શું ડરીએ?—રે મન૦


દુનિયાની તસવીર ઉઘાડી
આંખ થકી ઝડપી લે;
છલકછલક આ પ્યાલો મનભર
પિવડાવી લે, પી લે,
જીવનનું પયપાન ઠાલવી
દઈ, રિક્તતા ભરીએ—રે મન૦

હરીન્દ્ર દવે

સદ્વ્યયની કળા

આપણી આવક તો બહુ જૂજ છે. એટલે આપણને નકામી વસ્તુઓ પાછળ ખોટાં ખર્ચ કરવાં પોસાય એમ નથી. આપણી પાસે જે કાંઇ છે તેનો પૂરેપૂરો સદુપયોગ આપણે કરીશું તો જ આપણે ટકી શકવાના છીએ. જો કે એનો અર્થ એ નથી કે આપણે કંગાળ અને શુષ્ક જીવન ગાળવું જોઇએ. આપણી શારીરિક જરૂરિયાતો પૂરી પડી રહે તેથી કાંઇ આપણને સંતોષ ન જ હોવો જોઇએ. જીવનમાં આનંદ અને ઉલ્લાસને જરૂર સ્થાન છે. પણ એ આનંદ અને ઉલ્લાસ મેળવવાની રીતો આખા સમાજને પુષ્ટિકારક થાય એવી આપણે શોધવી જોઇશે. સદ્વ્યયની એક નવી કળા આપણે નિર્માણ કરવી જોઇશે અને તે માટે સમાજને કેળવણી પણ આપવી જોઇશે. ખર્ચાળ સાધનો વિના પણ ઊંચા પ્રકારનો આનંદ મેળવી શકાય છે. કુદરતી દૃશ્યોનો રસાસ્વાદ લેવાની કેળવણી આપણને મળી હોય તો એમાંથી તો ઉલ્લાસના ફુવારા ઉડાડી શકાય છે; અને મોટર કે રેલના પ્રવાસ કરતાં પગપાળા પ્રવાસનું મૂલ્ય વધારે છે એની કોણ ના પાડી શકે એમ છે? સુધારાને નામે, આનંદ ઉલ્લાસ કે મોજમઝાને નામે સંપત્તિનો દુર્વ્યય કરવો એ ખરા વિકાસ કે પ્રગતિનું લક્ષણ નથી, પણ સાદા જીવનની સાથે ઉચ્ચ વિચારો ને ઉચ્ચ રસવૃત્તિઓ કેળવવામાં જ વિકાસ ને પ્રગતિ છે. —નરહરિ પરીખ

વીરભદ્ર રૂપમાં શિવપ્રતિમા



ઉત્તર ગુજરાતમાં આવેલા શામળાજીના મંદિર પાસેના પ્રાચીન અવશેષોમાંથી મળેલી આ પ્રતિમા થોડીઘણી ખંડિત થઈ હોવા છતાં તેના ઘડતરની સફાઈ, આકૃતિની સ્પષ્ટતા ને ભાવગર્ભિતતા છાનાં રહેતાં નથી. ત્રિભંગની છટામાં ઊભા રહેલા ચતુર્ભુજ શિવના જમણા ઊંચા કરેલા હાથમાં ત્રિશૂળ છે ને ડાબો હાથ કેડ પર ઠેરવેલો છે. બીજા ડાબા હાથમાં સર્પ અને જમણામાં પુષ્પ છે. વિશાળ સ્કંધોની વચ્ચેથી ઊતરી આવતી પ્રતિમાની મધ્ય-ભૂલંબ-રેખા નાભિ આગળ થઈ પગની પાની સુધી પ્રતિમાનું સરસ સમતોલન જાળવે છે. કટિપર વ્યાઘ્રચર્મ ઝૂલી રહ્યું છે અને કમરબંધ નીચે ઊર્ધ્વલિંગનું સૂચન છે. પ્રતિમાનો મુકુટ લાક્ષણિક છે. સુવર્ણની કુંડળઘાટની ટોપી વચ્ચેથી કેશવલ્લીઓ બે બાજુ સુંદર રીતે પથરાઇ રહી છે. કેટલીક કર્ણ-કુંડળની પાછળથી સ્કંધ ઉપર લટકી રહી છે. ધોતીની પાટલી અને પનો પાની સુધી ઝૂલતી રેખાઓથી સૂચવ્યો છે. ¶ શામળાજી પાસેની બધી મૂર્તિઓ લીલાશ કે કાળાશ પડતા પથ્થરોમાંથી ઘડેલી છે. આ પ્રતિમાનું મુખમંડળ કુશાણ કાળની મથુરાની પ્રતિમાઓને મળતું લાગે છે; ગળામાં એકાવલ મણિમાળા ગુપ્ત કાળનો સંકેત કરે છે; વસ્ત્રો પરની રેખાઓ, વ્યાઘ્ર ને નંદીનું ઘડતર મૈત્રક પરંપરા દર્શાવે છે. ¶ ત્રણે બાજુ વહેતી મેશ્વોનદીના તટ પર એક ટેકરી ઉપર આવેલા શામળાજીના મંદિરમાં વિષ્ણુની પ્રતિમા છે. તેની આસપાસના પ્રદેશમાં અનેક ખંડેરો અને અવશેષો છે જેમાંનાં કેટલાંક મંદિરોની પીઠ ગુપ્ત સમયની ઓળખાય છે. એક સ્થળે ગુપ્ત સમયની લિપિમાં 'વાયૂ' એવો લેખ પણ છે. વડોદરાના ડૉ. ઉમાકાન્ત શાહે આ પ્રદેશની અનેક પ્રતિમાઓનો અભ્યાસ કરી, અન્ય ગુપ્ત શિલ્પો સાથે સરખાવી પ્રસ્તુત પ્રતિમા ને બીજાં ઘણાં શિલ્પોને પાંચમા સૈકાની કૃતિઓ ઠરાવી છે. મેશ્વો ને હાથમતીની ખીણના શિલ્પ-પ્રકારો પશ્ચિમ ભારતમાં કઠલાલ, જંબુસર ને ભરૂચ સુધી મળ્યા છે. એક કાળે મારવાડના મંદસૌરથી ડુંગરપુર થઈ કપડવણજ કઠલાલ ને ખેડા થઈ ભરૂચ સુધીનો વણઝાર-પંથ હતો, તેથી આ પ્રદેશના એ કાળના ધર્મસંપ્રદાયો ને કળાપ્રકારોમાં સામ્ય જણાય એ સ્વાભાવિક છે.—ર. મ. રા.

(પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમ મુંબાઈના સૌજન્યથી)



મુરલીધર

કલાકાર · પ્રદ્યુમ્ન તન્ના

કલામાં પ્રતીક (સિમ્બૉલ), ભાત (પૅટર્ન), રચના (ડિઝાઇન), સંયોજન (કૉમ્પોઝિશન) આદિ તત્ત્વોને સમાવતા આ ચિત્રને અનુસંધાને વાંચો આ અંકમાંનો કલાકાર જ્યોતિ ભટ્ટનો લેખ 'કલામાં વિકૃતીકરણ'

બંગલો વેચવાનો છે

ફ્રેન્ચ નાટ્યલેખક શશા ગીત્રી કૃત નાટિકા 'વિલા ફૉર સેઈલ' પરથી પ્રેરિત

વિભૂતકુમાર શાહ

[શહેરના ભરચક્ક લત્તામાં બેત્રણ રૂમનો પહેલો મજલો શેઠ સતીશચંદ્રે ભાડે રાખ્યો છે. મધ્ય ખંડમાં જમણી બાજુ એક બારી જાહેર રસ્તા પર પડે છે. તેમાંથી દરેક પ્રકારના અવાજો ઘરમાં આવ્યા જ કરે છે. પરંતુ આવા કોલાહલ વચ્ચે પણ શેઠ સતીશચંદ્ર અત્યારે કેટલાક કાગળો એકાગ્ર ચિત્તે વાંચી રહ્યા છે. તેમનો દેખાવ અને છટા સભ્ય, સફાઇદાર અને સુંદર છે. તેમના ચહેરા પર રહસ્યભર્યું ચાતુર્ય તરવરે છે. મકાનની સજાવટ પરથી સહેજે અનુમાન કરી શકાય કે તેમનાં ધંધોપાણી સારાં ચાલતાં હશે. સવારના પહોરમાં દખલ ન કરવાનો કડક હુકમ હોવા છતાં તેમનાં પત્ની શોભનાબેન હાથમાં સવારનું છાપું લઈને ઉતાવળે પ્રવેશે છે. તેમની વાણીમાં, ચાલમાં કે શરીર પર સહેજે શેઠાણીપણું નથી, મધ્યમ વર્ગની એક સાદી ને સંસ્કારી સ્ત્રી લાગે છે.]

શોભના: તમે આ સવારનું છાપું વાંચ્યું?

સતીશચંદ્ર: હં...

શોભના: અરે, હું તમને પૂછું છું કે તમે આ સવારનું છાપું વાંચ્યું?

સ૦: ના, અત્યારે મારે ચાહ નથી પીવી.

શો૦: જુઓ, તમે તમારાં આ કાગળિયાં બાજુએ મૂકીને હું જે કહું છું તે બરાબર સાંભળો. હું તમને એમ પૂછું છું કે તમે આજનું આ છાપું વાચ્યું?

સ૦: અત્યારે મને દખલ ન કર. છાપું વાંચવાનો સમય જ ક્યાં છે?

શો૦: પણ સવારના પહોરમાં આ શું લઇને બેઠા છો? જરા પેપરમાં નજર તો કરો...

સ૦: અરે અહીં શ્વાસ ખાવાનો પણ વખત નથી અને તને પેપર મહત્ત્વનું લાગે છે!

શો૦: પણ જરા મોં ઊંચું કરીને જુઓ તો ખરા, કે પેપરમાં શું આવ્યું છે? આજની આ તક ખોવા જેવી નથી.

સ૦: પણ મેં તને કહ્યું ને, કે અત્યારે મને બિલકુલ સમય નથી? કાલે મને ઇન્કમ ટૅક્સનો કેસ છે અને આજે બજાર બંધ થાય એ પહેલાં ઑર્ડર મૂકી દેવા છે, ઊઘડતા બજારે ભાવ વધી જવાની વકી છે. હજી કેસનાં કાગળિયાં તૈયાર કરવાં છે, વકીલને મળવું છે, એજંટને મળવું છે... ઓહ! તને તો શું કહું? અત્યારે ભયંકર કટોકટી છે, પૈસાની–સમયની...

શો૦: પણ આમાં શું બહુ વાર લાગવાની છે? અત્યારે ફક્ત પાંચ મિનિટ લાગશે, અને સાંજે બહુમાં બહુ અરધો કલાક. લો આ પેપર, ને વાંચો.

સ૦: પણ વાત શી છે તે કહેતી નથી, ને વખત બગાડે છે; તને ખબર છે કે વેપારમાં તો પાંચ મિનિટ એટલે પાંચ હજાર રૂપિયા?

શો૦: જુઓ, આ એક જાહેરાત આવી છે:

સ૦: અરે બાબા, અત્યારે આ જાહેરાતો વાંચવાનો સમય છે?

શો૦: પણ આવી તક ફરી નથી આવવાની.

સ૦: એ તો લખે, એટલે શું આપણે સાચુ માની લેવું?

શો૦: એવું જાહેરાતમાં નથી લખ્યું, પણ હું જ કહું છું કે આવી તક ફરી આવવાની નથી.

સ૦: તક તો ફરીફરી આવ્યા જ કરે. બોલ, શાની જાહેરાત છે?

શો૦: વાંચો, એક બંગલો વેચવાનો છે.

સ૦: ઓહ ભગવાન! તને અત્યારે બંગલા અને મોટરોની કલ્પનાઓ આવે છે! હું અત્યારે જીવું છું કે નહિ તેનું જ મને ભાન નથી; કાલે ઈન્કમ ટૅક્સનો કેસ છે... આજે બજાર બંધ થાય એ પહેલાં જ હું તજ ને લવિંગમાં હજારો રૂપિયા લડાવવા માગું છું...... જા જા, અત્યારે નહિ, પછી કોઈ વાર જોઇશું. (બબડે છે) બંગલો... મોટર...

શો૦: એમ આજે હું જવાની નથી. તમે મને કેટલા ય વખતથી વચન આપ્યું છે, અને જ્યારેજ્યારે હું બંગલો લેવાની વાત કરું છું ત્યારે તમે દરેક વખતે આજે નહિ કાલે, એમ કહી વાત ઉડાવી દો છો.

સ૦: પણ અત્યારે બંગલાના ભાવ ખૂબ ઊંચા છે. સોદો ખોટમાં જાય એમ છે.

શો૦: હું પણ તમને આજે ચોખ્ખું કહી દઉં છું કે હવે હું આ શહેરના ધમાલિયા વાતાવરણથી કંટાળી ગઈ છું. ચોવીસે કલાક મોટર અને રિક્ષાના આ અવાજો માથું ખાઈ જાય છે... એક ઘડીની પણ શાંતિ નહિ.

સ૦: પણ તેનું અત્યારે શું છે? મને પણ અત્યારે એક મિનિટની ફુરસદ નથી.

શો૦: મારાથી હવે આ ઘરમાં નથી રહેવાતું. અને તમને ખબર તો છે કે એક અઠવાડિયા પછી મારો ભાઇ ને ભાભી આવે છે, તે બધાંનો આ સાંકડા ઘરમાં સમાવેશ ક્યાં કરશો?

સ૦: પણ અત્યારે શું છે? ત્યારની વાત ત્યારે.

શો૦: ભવિષ્યનો તો વિચાર કરવો જોઇએ ને? ભાઇને બોલાવીને સારી સગવડ ન આપી શકું તો મારો અવતાર જ એળે જાય ને? ને એમાં તમારી આબરૂ ય શી રહે?

સ૦: એટલે, શું તારું એવું કહેવું છે કે તારો ભાઈ આવે એટલે તેના માટે હું નવો બંગલો વેચાતો લઉં?

શો૦: તમે તો કેવી ઊંધીઊંધી વાતો કરો છો! આ તો તાકડે એ આવવાનો છે, તો મને એમ, કે બંગલો લેવો જ છે તો પછી શા માટે વિલંબ કરવો?

સ૦: પણ શું તારો ભાઈ આ ઘરમાં નહિ રહી શકે? આજે જ બંગલો લેવાનું લખી આપ્યું છે? બજારના ભાવતાલ જોવા કે નહિ?

શો૦: પૈસાની ભીડ હોય ત્યારે જ કોઈ માણસ વસ્તુ વેચવા કાઢે ને? સહેજ વિચાર તો કરો... કદાચ બંગલો પાણીના મૂલ્યે પણ મળી જાય, શું સમજ્યા?

સ૦: તો યે અત્યારે એટલા પૈસા કાઢવા ક્યાંથી? બધી જ મૂડી તજ અને લવિંગમાં રોકવી છે... આજે બજારમાં તક છે... (એકદમ ધીમે)... બસ, થોડો વખત થોભી જા; પછી જોજે પૈસાની રેલમછેલ... બંગલો... મોટર... અરે આખી દુનિયા ખરીદી લઇશ.

શો૦: હવે એ બધા શેખચલ્લીના હવાઈ કિલ્લાઓ પછીથી કરજો ને હું કહું તે સાંભળો: શહેરમાં–અને ખાસ કરીને આ મકાનમાં હવે આપણાથી–અને ખાસ કરીને મારાથી રહી શકાય એમ નથી. કેટલા ય વખતથી બંગલો લેવાની આપણી ઇચ્છા છે. આજે જ સારી તક છે. પેપરમાં જાહેરાત આવી છે કે બંગલો વેચવાનો છે.—આજુબાજુનો લત્તો પણ સારો છે. બધા મોટામોટા માણસો પણ ત્યાં જ રહે છે. આજ ને આજ મારે બંગલો જોવા જવું છે. બોલો, તમારે શું કહેવું છે?

સ૦: બસ એટલું જ કે એ બંગલો લેવાના પૈસા મારી પાસે નથી.

શો૦: પણ અત્યારે ને અત્યારે પૈસા ક્યાં ચૂકવવા છે? પહેલાં બંગલો જોઇએ, પસંદ પડે, કિંમત નક્કી કરીએ, કબજો મળી જાય, પછી પૈસા આપવાની વાત છે ને?

સ૦: અત્યારે મારી પાસે વખત પણ નથી.

શો૦: અરે, બંગલો જોતાં તે કેટલી વાર? ફક્ત પાંચ મિનિટ.

સ૦: પણ મેં તમે કહ્યું તો ખરું કે વેપારમાં તો પાંચ મિનિટ એટલે પાંચ હજાર રૂપિયા.

શો૦: હવે દરેક ઠેકાણે વેપાર ન હોય. તમારા વેપારીઓનું આ બહુ મોટું દુઃખ. બસ જ્યાં જાય ત્યાં વેપારની જ વાતો. વેપારમાં ને વેપારમાં ઘરનાં બૈરીછોકરાં પણ ભૂલી જાય.

સ૦: પૈસાની બાબતમાં તમે શું સમજો?

શો૦: અમે ના સમજીએ તો કંઈ નહિ—અમારે સમજવું પણ નથી. બોલો, હવે બંગલો જોવા ક્યારે જવું છે?

સ૦: પરંતુ મને થોડો વિચાર તો કરવા દે.

શો૦: પણ આપણે ક્યાં બંગલો આજ ને આજ લઈ લેવો છે? બસ, ખાલી જોવા જ જવું છે ને? કહો, આજે સાંજે જઈશું?

સ૦: તું તો ભારે માથાની છે-ધાર્યું કરીશ ત્યારે જ જંપીશ.

શો૦: પાંચ વાગ્યે જઈશું?

સ૦: હા. સાંજે બરાબર પાંચ વાગ્યે તૈયાર રહેજે, બસ?

શો૦: ભગવાન તમને સોનાને હીંચકે ઝુલાવે. હવે તમે તમારું કામ નિરાંતે કરો. હું તો જાઉં, મારું રાંધવાનું ખોટી થાય છે.

સ૦: પણ એ તારી જાહેરાત તો વાંચવા દે—લાવ પેપર.

શો૦: લો સાંભળો, હું જ વાંચું-'બંગલો વેચવાનો છે-ફર્નિચર સાથે બંગલો વેચવાનો છે: લાઈટ, પાણી, બાથરૂમ, રસોડું અને સ્ટોર-રૂમ વગેરે દરેક પ્રકારની સગવડ સાથે, બંગલા-ની આગળ તથા પાછળ તૈયાર બગીચો. આજુ-બાજુનો લત્તો સંસ્કારી. લેવા ઇચ્છનારે રૂબરૂ મળવું-સ્નેહસદન...'

સ૦: એ તો બધું સમજ્યા. તું તારે સરનામું યાદ રાખજે. હવે જા, મને ઇન્કમ-ટૅક્સનો કેસ તૈયાર કરવા દે. (બબડે છે) શું જમાનો છે!

શો૦: સાંજે પાછા વખતસર આવી જજો—મોડું ન કરતા.

સ૦: (હસતાંહસતાં) સાચો વેપારી કોઈ દિવસ સમય ચૂકતો નથી.

દૃશ્ય બીજું

[બારણે ટકોરા થાય છે. એક સ્ત્રી બારણું ખોલે છે.]

સતીશચંદ્ર: નમસ્તે.

સ્ત્રી: નમસ્તે.

સતીશ૦: જી, આપ જ આ બંગલાનાં માલિક છો?

સ્ત્રી: જી હા, હું જ છું. મારું નામ ચંદનગૌરી.

સતીશ૦: મારું નામ શેઠ સતીશચંદ્ર. આ છે મારાં ધર્મપત્ની.

શોભના૦: નમસ્તે.

ચં૦: નમસ્તે. આવો આવો, અંદર પધારો.

સ૦: અમે આજના સમાચાર-પત્રમાં તમારી જાહેરાત વાંચીને આવ્યાં છીએ.

ચં૦: (સહેજ હસીને) એ તો હું સમજી ગઈ. બોલો, શું લેશો, ચાહ કે કૉફી?

સ૦: રહેવા દો, રહેવા દો, તકલીફ લેવાની કશી જ જરૂર નથી. આપણે મુખ્ય મુદ્દાની વાત પર આવીએ. જુઓ ને—

ચં૦: અરે થાય છે, કંઈ ઉતાવળ છે? ચાહ-કૉફી નહિ તો બોલો ઠંડું પીણું ચાલશે?

શો૦: વાત એમ છે ને કે અમારે પછી બીજી એક જગ્યાએ જવાનું છે. એટલે જો આપણી વાત વહેલી પતી જાય તો પછી અમે વેળાસર જલદી જઈ શકીએ.

ચં૦: એમ તે કંઇ ચાલે? લ...ક્ષ્મી, અરે ઓ લ...ક્ષ્મી. (સામેથી કંઈ જવાબ નથી આવતો) કંઇ બહાર ગઇ લાગે છે. માફ કરજો, હું હમણાં જ આવું છું. (ચંદનગૌરી જાય છે.)

સ૦: અરે જરા સાંભળ તો—આ આપણને ફસાવવાના ધંધા કરે છે. હું તો પહેલેથી જ ના પાડતો હતો કે ખાલી ખોટો સમય નથી બગાડવો. પણ તને બંગલા જોવાના બહુ શૉખ હતા. બોલ છે કંઇ બંગલામાં માલ?

શો૦: પણ એટલી વારમાં શી ખબર પડે? હજુ અંદરથી તો આપણે પૂરેપૂરો જોયો નથી.

સ૦: પણ બહારથી જ કેટલો ખરાબ લાગે છે! નથી આકાર, નથી રંગ, સાવ અઢારમી સદીનો છે. આવો બંગલો તો એ આપણને મફત આપે તો ય લેવો નથી.

શો૦: હવે જરા ધીરજ રાખો. બંગલો ન લેવો હોય તો ન લેશો. પણ જેમતેમ બોલીને એમની લાગણી ન દૂભવતા.

સ૦: વેપારમાં લાગણીને સ્થાન જ નથી. જો તને અત્યારથી કહી દઉં છું કે જ્યારે હું વેપારની વાતો કરતો હોઉં ત્યારે તારે તદ્દન શાંત રહેવું.

શો૦: બસ બસ હવે, તમે જ શાંત રહો, જુઓ આવે છે. (ચંદનગૌરી આવે છે.)

ચં૦: માફ કરજો, તમને સહેજ ખોટી કર્યાં.

સ૦: કંઇ વાંધો નહિ...કંઇ વાંધો નહિ.

ચં૦: આવો મારી સાથે, હું તમને બંગલો અંદરથી બરાબર બતાવું.

શો૦: મને લાગે છે કે આ સામે દેખાય છે એ જ દીવાનખાનું છે, કેમ?

સ૦: પણ હું માનું છું કે સૌથી પ્રથમ આપણે રકમ નક્કી કરવી જોઇએ. તમારો જે આંકડો હોય તે કહો એટલે જો અમને કબૂલ હશે તો કરાર કરીશું, નહિ તો પછી—

ચં૦: પણ નફો કરવા હું આ બંગલો વેચતી જ નથી. આ તો સમયના ખેલ છે. તમે પહેલાં બંગલો તો જુઓ, પછી પસંદ પડે તો થોડીઘણી વધઘટ સમજી લઇશું.

સ૦: પણ જુઓને, હું રહ્યો વેપારી માણસ. મુખ્ય રકમ જાણ્યા વગર હું આગળ એક ડગલું પણ વધતો જ નથી.

ચં૦: આવો બંગલો તો અત્યારે એક લાખ રૂપિયા ખર્ચતાં ય બધાય નહિ. નથી કહ્યું કે જૂનું એટલું સોનું?

શો૦: બેન, હવે પહેલાંના જમાનાની તો વાત જ કરશો નહિ.

સ૦: (હસતાં હસતાં) પણ આંકડો તો અત્યારના જમાના પ્રમાણે જ કહેજો.

ચં૦: જુઓને મારે કાંઈ કમાવું નથી, બસ માત્ર પચ્ચીસ હજાર રૂપિયા.

સ૦: પચ્ચીસ હજાર રૂપિયા?

ચં૦: અરે આ તો કંઈ નથી. પાંચ હજાર રૂપિયાનું તો ફક્ત મારું ફર્નિચર જ છે. અરે હા, એક વસ્તુ કહેવાની ભૂલી ગઈ. સામેના દીવાનખાનામાં મારા સ્વર્ગસ્થ પતિનું એક તૈલચિત્ર છે, બસ ફક્ત એ એક જ વસ્તુ તમારે મને આપવાની રહેશે. પચ્ચીસ હજાર રૂપિયા-માં બાકીનું બીજું બધું જ તમારું.

શો૦: પણ પચ્ચીસ હજાર રૂપિયા તો બહુ કહેવાય.

ચ૦: અરે કશું ય બહુ નથી. તમે તમારે આવીને એક વાર બંગલો તો જુઓ, પછી વધઘટ સમજી લઇશું.

શો૦: (સતીશચંદ્રને) હા; પહેલાં બંગલો બરાબર જોઇ લઇએ, કેમ?

સ૦: મારે તો બંગલો નથી જોવો. પચ્ચીસ હજારનો આંકડો જ વધારે કહેવાય.

ચં૦: (શોભનાને) એમ કરો, તમે જ પહેલાં મારી સાથે અંદર ચાલો. પહેલાં તો બંગલો તમને પસંદ પડવો જોઇએ. રૂપિયાનું મને બહુ મહત્ત્વ નથી.

સ૦: હા જા, એમ કર. તું બંગલો અંદરથી બરાબર જોઈ લે. હું અહીં બહાર જ બેઠો છું.

ચં૦: ચાલો, આપણે જઇએ. (ચંદનગૌરી અને શોભના જાય છે.)

સ૦: (એકલાએકલા બબડે છે.) પચીસ હજાર રૂપિયા! અત્યારે તજ અને લવિંગનો વેપાર જોરમાં ચાલે છે. ત્યાં પચીસ હજાર રૂપિયા ક્યાંથી કાઢવા? સ્ત્રીઓને બહુ લાંબી બુદ્ધિ હોતી જ નથી. આવી રીતે તે સોદો થતો હશે? (એટલામાં બહારથી એક અજાણ્યા પુરુષનો અવાજ આવે છે.)

અજાણ્યો માણસ: જી, આપ જ બંગલા-ના માલિક છો?

સં૦ : (સહેજ ચમકીને) કેમ?

અજાણ્યો : આ બંગલો વેચવાનો છે એવી જાહેરાત તમે જ પેપરમાં આપી છે ને?

સં૦ : પણ તમે છો કોણ?

અજાણ્યો : હું ફિલ્મ પ્રોડ્યુસર છું. મારે તમારો બંગલો વેચાતો લેવો છે. બોલો, કેટલામાં આપવાની ઇચ્છા છે?

સં૦ : પણ તમારે બંગલો અંદરથી જોવો નથી?

અજાણ્યો : મારે કશું ય જોવું નથી. મહેરબાની કરી તમારો આંકડો જલદી બોલો. મારે ઉતાવળ છે.

સં૦ : કેમ, તમને આ બંગલો ખૂબ ગમે છે?

અજાણ્યો : આ તો સમયના ખેલ છે. એવું કહેવાય છે કે આ બંગલો કોઈક શોખીન અને કલાપ્રેમી રાજવીએ બંધાવ્યો હતો. સમયના વહેણ સાથે તેના માલિકો બદલાતા રહ્યા. આજે આપ છો, કાલે કોઈ બીજો હશે.

સં૦ : તો તો તમે આ બંગલો બરાબર જોયો હોવો જોઇએ.

અજાણ્યો : અરે આ તો આપણા પ્રાચીન સ્થાપત્યનો સુંદર નમૂનો છે. હવે પછી આવા બંગલા બની રહ્યા.

સં૦ : આવો બંગલો તો અત્યારે એક લાખ રૂપિયા ખર્ચતાં ય બંધાય નહિ. નથી કહ્યું કે જૂનું એટલું સોનું?

અજાણ્યો : પણ તમે તમારી રકમ મને કહો. સોદો પતાવી હું જલદી જવા ઇચ્છું છું—મારે ખૂબ ઉતાવળ છે.

સં૦ : (સહેજ વિચાર કરીને) બંગલાના થશે ત્રીસ હજાર રૂપિયા.

અજાણ્યો : પૂરા ત્રીસ હજાર?

સં૦ : અરે, આ તો કંઈ નથી. પાંચ હજાર રૂપિયાનું તો ફક્ત મારું ફર્નિચર છે.

અજાણ્યો : અચ્છા, સોદો મંજૂર. પણ મારી એક શરત છે.

સં૦ : બોલો.

અજાણ્યો : આ બંગલાનો કબજો મારે કાલે સાંજે જ જોઇએ.

સં૦ : મંજૂર. મારી પણ એક શરત છે.

અજાણ્યો : બોલો.

સં૦ : જુઓ, પેલું સામે દેખાય છે તે તૈલચિત્ર તમારે મને આપવાનું રહેશે અને ત્રીસ હજારનો ચેક આજે જ...

અજાણ્યો : ચોક્કસ, ચોક્કસ. તૈલચિત્ર તમે ઘણી ખુશીથી લઈ જઈ શકો છો, અને તમારો ચેક અત્યારે જ લખી આપું છું. પણ કબજો મને કાલે મળી જ જવો જોઇએ.

સં૦ : એમાં તમે બેફિકર રહેજો. લાવો ચેક.

[ફિલ્મ પ્રોડ્યુસર ચેક બુક કાઢી ત્રીસ હજારની રકમ લખે છે અને સહી કરે છે.]

અજાણ્યો : લો આ ત્રીસ હજારનો ચેક. અને હું કાલે સાંજે આવી જઈશ.

સં૦ : (ચેક લઇને હસતાં હસતાં) બેશક, બેશક. સોદો એટલે સોદો. [ત્યાં તો ચંદનગૌરી ને શોભનાનો હસવાનો અવાજ સંભળાય છે.]

અજાણ્યો : બસ ત્યારે? હવે મને રજા આપો. મારે જવું જોઇએ. મારે એક જગ્યાએ ખાસ અગત્યનું કામ છે.

સં૦ : હા, હા. ખુશીથી જાઓ. હવે કાલે સાંજે મળીશું—નમસ્તે.

અજાણ્યો : નમસ્તે. (જાય છે)

[ચંદનગૌરી અને શોભના પ્રવેશે છે.]

સં૦ : (શોભનાને) પેલા બિચારા મનમોહનદાસ મને શોધતા શોધતા હમણા ઠેઠ અહીં સુધી આવ્યા હતા.

ચં૦ : કોઈ ખાસ કામ હશે.

સં૦ : તેમની સાથે એક બહુ જરૂરી સોદો પતાવવાનો હતો.

શો૦ : તમને તો જ્યાંત્યાં વેપાર જ સૂઝે છે.

સં૦ : અરે, પણ તને પોતાને એ બંગલો પસંદ આવ્યો કે નહિ?

શો૦ : આમ તો સારો છે, પણ આધુનિક ઢબ પ્રમાણે જોઇએ તેવી સગવડો નથી.

ચં૦ : બેન, બધું તો ક્યાંથી મળે? જૂનું એટલું જૂનું અને નવું એટલું નવું.

સં૦ : એક રીતે તો આ બંગલો પ્રાચીન સ્થાપત્યનો સુંદર નમૂનો છે. હાં, તમારી રકમ કેટલી છે?

ચં૦ : પચીસ હજાર રૂપિયા.

સં૦ : અચ્છા, સોદો મંજૂર. પણ સાથે મારી એક શરત છે.

ચં૦ : કઈ શરત?

સં૦ : આ બંગલાનો કબજો મારે કાલે સવારે જ જોઇએ.

ચં૦ : કબૂલ. મારી પણ તૈલચિત્રની શરત તમારા ધ્યાનમાં રહેવી જોઇએ.

સં૦ : અરે એમાં શું? તમે તમારું એ તૈલચિત્ર ઘણી ખુશીથી લઈ જઇ શકો છો. અને તમારો પચીસ હજારનો ચેક આજે જ –

ચં૦ : ના ના, તેની ખાસ ઉતાવળ નથી.

સં૦ : પણ હું તો રોકડેથી સોદો પતાવવામાં માનું છું. તમારો ચેક અત્યારે જ લઈ લો. પણ જુઓ, કબજો મને કાલે સવારે નવ વાગ્યા પહેલાં મળવો જ જોઇએ—એક મિનિટ પણ મોડું ન થવું જોઈએ.

શો૦ : પણ તમે સહેજ ઓછા તો કરાવો.

સં૦ : ના ના, પચીસ હજાર બરાબર છે. (ચેક બુક કાઢી પચીસ હજારની રકમ લખે છે અને સહી કરે છે.) લો આ ચેક; અને બસ હવે રજા આપો. કાલે સવારે મળીશું.

ચં૦ : તમે તો ભારે ચોક્કસાઈવાળા લાગો છો. પૈસા પછી આપ્યા હોત તો ન ચાલત? તમને તમારો બંગલાનો કબજો કાલે સવારે મળી જશે, બસ?

સં૦ : બસ, આવજો ત્યારે, નમસ્તે.

ચં૦ : નમસ્તે. (શોભનાને) બેન, નમસ્તે.

શો૦ : આવજો બેન, નમસ્તે.

[શેઠ સતીશચંદ્ર અને શોભના બંગલાના મુખ્ય દ્વારની બહાર આવે છે.]

શો૦ : (એકદમ ધીમેથી) પણ હું તમને કહું છું, કે આ શું તમે એકદમ પચીસ હજાર રૂપિયા કાઢી નાખ્યા. બંગલો તમને તો ગમતો નહોતો, અને મને ય ખાસ પસંદ ના પડ્યો. પછી એકાએક શું થઈ ગયું તે કશું નક્કી કર્યા વગર પચીસ હજાર લખી આપ્યા? તમારો જીવ કેવી રીતે ચાલ્યો?

સં૦ : (હસતાં હસતાં) મેં તને નહોતું કહ્યું, કે અમારે વેપારી માણસને તો પાંચ મિનિટના પાંચ હજાર રૂપિયા?

શો૦ : પણ તેનું અહીં શું છે?

સં૦ : એ હું પછી તને ઘેર જઇને કહીશ.

મુંબાઇ યુનિવર્સિટી સ્કૂલને વિસ્તારવાની યોજના સાથે એક હૉસ્ટેલ થઈ હતી. પ્રો. વકીલ ત્યાંના ગૃહપતિ નિમાયા હતા. એ વખતે વિદ્યાર્થીઓની શિસ્ત બાબતમાં તેઓ ઘણાને બહુ કડક લાગ્યા છે, પરંતુ જે વિદ્યાર્થીઓ એમનો સ્નેહભાવ અને આદર પામ્યા છે તેઓ અવશ્ય કહેશે કે અધ્યાપકે તેના વિદ્યાર્થીઓ સાથે કેવો સંબંધ રાખવો તેનું એક આદર્શ દૃષ્ટાંત પ્રો. વકીલે પૂરું પાડયું છે. વિદ્યાર્થીઓ માટેનો તેમનો પ્રેમ અનહદ છે. સાથેસાથે એમની શક્તિ અને મર્યાદા બંનેની તેમને ખબર છે અને એટલે જ યોગ્ય વખતે યોગ્ય વિદ્યાર્થીને તેઓ ઘણી વાર કામમાં લે છે. તેમના ઘણા વિદ્યાર્થીઓનો એવો અનુભવ છે કે કલ્પના પણ ન હોય તે વખતે પ્રો. વકીલનો કાગળ આવે જેમાં કોઈ સારી નોકરી, કોઈ સારા સંશોધન માટેની તક, કોઈ સારા સંપર્ક કે કોઈ સારી ઓળખાણો માટે લખ્યું હોય.

બીજું વિશ્વયુદ્ધ શરૂ થતાં આપણા અર્થકારણમાં કેટલાક મહત્ત્વના ફેરફારો થયા. બ્રિટિશ સરકારે હિંદને યુદ્ધમાં ધકેલી દીધું ને યુદ્ધ-સામગ્રી ખરીદવા હિંદ અને બ્રિટિશ સરકાર વચ્ચે નાણાકીય કરારો થયા. કૉંગ્રેસ સરકારે ૧૯૩૭માં સ્વીકારેલાં પ્રધાનપદાં છોડી દીધાં. પરિણામે દેશમાં નાણાંનો ફુગાવો શરૂ થયો. આની સામે વિરોધ ઉઠાવતાં પ્રો. વકીલે જાન્યુઆરી ૧૯૪૩માં 'ઓસરતો રૂપિયો' (ફૉલિંગ રૂપી) નામે ઘણું જ મહત્વનું પુસ્તક લખ્યું. ફેબ્રુઆરીમાં તેની બીજી આવૃત્તિ પણ બહાર પડી. આ પુસ્તક એક જાણીતા ઉદ્યોગપતિના હાથમાં આવ્યું અને જ્યારે તેઓ મુંબાઈ આવ્યા ત્યારે તેમણે પ્રો. વકીલને મળવા બોલાવ્યા. અને પ્રો. વકીલની દલીલ પાયા વગરની હોવાનું મંતવ્ય તેમણે રજૂ કર્યું. એમની માન્યતા પ્રમાણે દેશમાં ફુગાવો જ નહોતો. પ્રો. વકીલને આથી ઘણી જ નવાઈ લાગી. સામાન્યરીતે સુંદર તંદુરસ્તી ભોગવતા તેમને એ રાતે ઊંઘ પણ ન આવી! પણ થોડા વિચાર બાદ વેપારીનું મન કેવી રીતે ચાલે છે તે વિષે તેમના મનમાં પાકી ગાંઠ બંધાઇ. આ મંથનમાંથી કેટલાંક વ્યાખ્યાનોનો જન્મ થયો. યુનિ. દ્વારા આ વ્યાખ્યાનો યોજાયાં ને દરેક વ્યાખ્યાનમાં કોઈ એક જાણીતો વેપારી કે ઉદ્યોગપતિ પ્રમુખસ્થાન લે તેવું નક્કી થયું. આ વ્યાખ્યાનોમાં શ્રોતાઓનો ધસારો એટલો બધો રહ્યો કે માઇક્રોફોન મૂકવાની જરૂર ઊભી થઈ હતી. યુનિ.ના કૉન્વૉકેશન હૉલની બહાર અને અંદરથી મોટા સમુદાયે આ વિચારધારા સાંભળી. પોતાના વ્યક્તિત્વના ઘડતરમાં આ પ્રસંગ ઘણો મહત્ત્વનો ગણાય એમ તેઓ માને છે. સમાજમાં અધ્યાપકના સ્થાન વિષે આ વ્યાખ્યાનો એક આદર્શ દૃષ્ટાંત પૂરું પાડે છે. સામાન્યરીતે અભ્યાસરત રહેતા અધ્યાપકોએ પણ જ્યારે પોતાના વિષયના કોઇ પણ રાષ્ટ્રીય ક્ષેત્રમાં મહાન બનાવો બનતા હોય ત્યારે બહાર આવીને તેમણે પ્રજાને આ બનાવોની જાણ કરીને સમાજ પ્રત્યેની ફરજ અદા કરવી જોઇએ એમ તેઓ માને છે.

યુદ્ધ દરમિયાન ભારતીય અર્થકારણ વિષેનું શ્રી વકીલનું બીજું પુસ્તક (Financial Burden of War on India) બહાર પડયું. ૧૯૩૦માં જેમ મુંબાઇ સ્કૂલ અને ખાસ કરીને પ્રો. વકીલના અભિપ્રાયો જાણવા માટે પ્રજા આતુર રહેતી હતી, તેવી જ રીતે યુદ્ધ દરમિયાન પણ પ્રજાનો બુદ્ધિશાળી વર્ગ જુદાજુદા આર્થિક પ્રશ્નો ઉપરના પ્રો. વકીલના અભિપ્રાયો જાણવા માટે આતુર બની રહેતો.

૧૯૪૩-૪૪માં દેશમાં ફુગાવાએ માઝા મૂકી. વાઇસરૉયની કારોબારીના નાણાકીય મંત્રી શ્રી રૉલૅન્ડ્સના અભિપ્રાય હતો કે દેશમાં ફુગાવો છે જ નહિ. જ્યારે લગભગ ૨૦ જેટલા અર્થશાસ્ત્રીઓએ ભેગા મળીને એક મુસદ્દો બહાર પાડયો હતો, જેમાં સરકારને ફુગાવા વિરોધી નાણાકીય નીતિ તેમજ બીજાં નિયંત્રણો અપનાવવાની અપીલ કરી હતી. ફુગાવાની સામે પ્રો. વકીલે એવું પ્રતિપાદન કર્યું હતું કે વ્યક્તિની આવકમાંથી છૂપી રીતે સરકાર ફુગાવા દ્વારા ચોરી કરે છે. દેશના નાણામાંથી લોકોનો વિશ્વાસ હઠાવી લેવા માટે આ અભિપ્રાય વ્યક્ત કરનારાઓ સામે કાયદેસર પગલાં લેવા સરકારે વિચાર પણ કર્યો. પ્રો. વકીલ પણ એ માટે તૈયાર હતા.

૧૯૪૩ના બજેટ વખતે પણ નાણાપ્રધાને હરવખતની જેમ ફુગાવાનું અસ્તિત્વ નકાર્યું. પરંતુ આખરે તે જ વર્ષના મે માસમાં ફુગાવા વિરોધી પગલાંઓને લગતા ઑર્ડિનન્સો બહાર પાડવા મથ્યા.

યુનિ.નાં અધ્યાપન અને સંશોધનનાં કાર્યો ઉપરાંત પ્રો. વકીલને બહારનાં પણ અનેક કાર્યો રહેતાં. સરકારી કમિટીઓ, વેપારી મંડળો વગેરેમાં અનેક વાર તેમનાં સલાહસૂચનો માગવામાં આવતાં, આવું જ એક કામ તેમને મુંબઇમાં ઔદ્યોગિક કોર્ટ (ઈન્ડસ્ટ્રિઅલ ટ્રીબ્યુનલ)-માં પણ કરવું પડયું હતું. આ આખા કેસની કારવાહી દરમ્યાન મિલ-માલિકોની દૃષ્ટિએ પ્રો. વકીલનાં માન અને દરજ્જો ઘણાં જ વધી ગયાં, અને તેમણે મોટા પગારે પોતાના મંડળમાં આર્થિક સલાહકાર તરીકે આવવાનું પ્રો. વકીલને આમંત્રણ આપ્યું. પરંતુ શિક્ષણક્ષેત્ર માટેનો પ્રો. વકીલનો પ્રેમ અદ્વિતીય છે. તેમણે એ ન સ્વીકાર્યું.

આ જ રીતે દિલ્હીથી પણ તેડું આવ્યા છતાં તેમણે ત્યાં જવાના વિચારને ઘણી વાર સુધી બાજુ ઉપર રાખ્યો. પણ છેવટે તેમને સમજાવી શકાયા, અને ૧૯૪૫માં તેઓ શ્રી અરદેશર દલાલની સાથે કામ કરવા માટે પ્લાનિંગ ડિપાર્ટમેન્ટમાં દિલ્હી ગયા. એ વર્ષોમાં દિલ્હીનું વાતાવરણ કોઈ ઑર જ હતું. બીજા વિશ્વયુદ્ધ પછી સર જ્યૉર્જ હટન લશ્કરી દળોને બ્રહ્મદેશમાંથી પાછા લઈ આવ્યા હતા. લૉર્ડ વેવલના તેઓ મિત્ર હતા અને ઉપર્યુક્ત પ્લાનિંગ ડિપાર્ટમેન્ટના સેક્રેટરી હતા. રીઝર્વ બૅન્કના હાલના ગવર્નર શ્રી આયંગર જૉઇન્ટ સેક્રેટરી હતા. પ્રો. વકીલ આ ડિપાર્ટમેન્ટમાં અર્થશાસ્ત્રી તરીકે લેવાયા હતા. સર હટનને અર્થશાસ્ત્ર વિષે બહુ ગતાગમ નહોતી. ઘણી વાર તેમને જ્યૉર્જ હટનને વિદ્યાર્થીની જેમ વ્યાખ્યાનપદ્ધતિથી બધું સમજાવવું પડતું. આ પરિસ્થિતિમાં પ્રો. વકીલની કુનેહ અને બુદ્ધિની બહુ અસર થાય એમ તેમને લાગતું નહોતું. અને આ વાતાવરણમાં તેઓ જરા ઉદાસીન રહેતા. એવામાં શ્રી આયંગર રજા ઉપર ગયા તેમની જગ્યાએ એક જુવાન આઈ. સી. એસ. કામચલાઉ આવ્યો. એણે પ્રો. વકીલની સત્તા અને કાર્યક્ષેત્ર ઉપર કાપ મૂકવાનો પ્રયાસ કર્યો. પહેલેથી જ સ્વમાની અને શિક્ષક માટેના અદ્વિતીય સ્થાનના સતત આગ્રહી એવા પ્રો. વકીલથી આ સખાયું નહિ અને સરકારી રીતરસમોની કોઈ પણ પરવા કર્યા વિના તેમણે એ જુવાન સામે [illegible] લખ્યું. ઑફિસના લોકો સમસમી ગયા. પણ પેલો તો ચૂપ જ થઈ ગયો.

પહેલેથી જ તેઓ સરકારી ખાતાના દાબ દબદબો વગેરેમાં બહુ માનતા નહિ. ઘણાં વર્ષ સુધી અધ્યાપનના ક્ષેત્રમાં કામ કરવાથી સ્વતંત્ર વિચારણા અને એક અનોખો મિજાજ કેળવાયો હોઈ આવા માણસને દિલ્હીમાં કેમ ફાવે? એટલે એમણે તો પાછા આવીને મુંબાઈમાં યુનિ. સ્કૂલને ફરી સંભાળી લીધી. ૧૯૪૫-૪૬નાં વર્ષોમાં મુંબાઈ સ્કૂલ ઝડપથી આગળ વધી રહી હતી. આ જ વર્ષોમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં પણ નાનીમોટી અનેક કૉન્ફરન્સો વગેરે ચાલતું રહેતું. ૧૯૪૭માં ફૂડ ઍન્ડ ઍગ્રિકલ્ચર ઑર્ગેનાઇઝેશનની એક કમિટીમાં પ્રો. વકીલ નિમાયા. આ કમિટીએ વૉશિંગ્ટનમાં ત્રણ માસ કામ કર્યું. અમેરિકા જવાની આ તકનો પ્રો. વકીલે બીજી પણ સદુપયોગ કર્યો, ને તેમણે

અર્થશાસ્ત્રના આંતરરાષ્ટ્રખ્યાત હિંદી વિદ્વાન પ્રાધ્યાપક

સી. એન. વકીલ

લેખક • પ્રો. હૃષીકેશ નાનુભાઈ પાઠક



યુનાઇટેડ નેશન્સના સેક્રેટરી જનરલ શ્રી ડાગ હૅમરશીલ્ડ સાથે કલકત્તાના કેન્દ્રમાં (બ્લૉક: યુનેસ્કો રીસર્ચ સેન્ટરના સૌજન્યથી)

અમેરિકાની મુખ્યમુખ્ય યુનિ.માં ફરી વિખ્યાત અર્થશાસ્ત્રીઓનો સંપર્ક સાધ્યો. આ પછી સાંજુઆના પૉર્ટોરિકો (દ. અમેરિકા)માં યુનાઇટેડ નેશન્સની એક કમિટીમાં જઈ આવ્યા.

૧૯૪૭માં દેશના ભાગલા પછી ભારત અને પાકિસ્તાનનું અર્થકારણ છિન્નવિચ્છિન્ન થઈ ગયું. અનેક નાનામોટા રાજકીય પ્રશ્નોની આડે આર્થિક પ્રશ્નો થોડા વખત માટે વીસરાઈ ગયા. આ વખતે પોતાની શાંત દીર્ઘદૃષ્ટિથી દેશના ભાગલા પછીના અર્થકારણનું સંશોધન તેમણે શરૂ કર્યું. આટલા વર્ષે મુંબાઇ સ્કૂલમાં તેમની પાસે કાર્યકરોનું એક સુંદર જૂથ ઊભું થયું હતું, તેને તેમણે કામે લગાડયું. કોઇને કલકત્તા, કોઈને દિલ્હી અને કોઇને લાહોર મોકલ્યા. હકીકતો, આંકડાઓ અને ફાઇલોનો ઢગ ખડકાઈ ગયો અને પછી તેમાંથી તેમણે Economic Consequences of Divided India નામનો પ્રમાણભૂત ગ્રંથ ઊભો કર્યો. આ પુસ્તકથી દેશના ભાવિ આયોજન માટે જે મૂળભૂત હકીકતો જોઈએ તે ઉપલબ્ધ બની. આ કાર્યથી એમને પોતાને પણ સંતોષ થએલો. તેમના જીવન વિષે વાત કરતાં તેઓ ઘણી વાર બેત્રણ જીવનપ્રસંગોમાં સાર્થક્ય અનુભવ્યાનું કહે છે. પહેલો પ્રસંગ ત્રીસના દાયકામાં સરકારી વ્યાપારી નીતિ સામે તેમણે રજૂ કરેલી ટીકા વિષેનો. બીજો પ્રસંગ મુંબાઇ યુનિ.ના કૉન્વૉકેશન-હૉલમાં ઓસરતા રૂપિયા ઉપર આપેલાં વ્યાખ્યાનોનો. ત્રીજો પ્રસંગ દેશના ભાગલા પછીના ખંડિત અર્થકારણનું પુસ્તક. અને છેલ્લો પ્રસંગ દેશની પહેલી પંચવર્ષીય યોજના પછી બીજી યોજનામાં જ્યારે આર્થિક નીતિનાં મૂળભૂત મૂલ્યાંકનો, નીતિનો ઝોક વગેરે બદલાયાં ત્યારે તેમણે પોતાના વિદ્યાર્થી ડૉ. બ્રહ્માનંદ સાથે Planning for an Expanding Economy નામનું પુસ્તક બહાર પાડયું તેનો. આ ચાર પ્રસંગો વિષે બોલતાં તેઓ સંતોષ અને કૃતકૃત્યતાનો અનુભવ કરે છે.

૧૯૫૩માં અમેરિકાની સરકારના સ્ટેટ ડિપાર્ટમેન્ટે અમેરિકાના અર્થશાસ્ત્રીઓ અને વેપારીઓ-ઉદ્યોગપતિઓને મળવા માટે નિષ્ણાત તરીકે તેમને બોલાવ્યા. આ સફરના અનુભવો ઉપરથી અમેરિકાના ઉદ્યોગપતિઓ આપણા દેશમાં મૂડી રોકતાં પહેલાં કયા કયા પ્રશ્નોનો વિચાર કરે છે તેની એક નાની પુસ્તિકા તેમણે પ્રસિદ્ધ કરી. અમેરિકામાં હતા તે દરમ્યાન એક અઠવાડિયું યુનાઇટેડ નેશન્સમાં તેમણે સખત કામમાં ગાળ્યું. ત્યાંથી પાછા ફર્યા બાદ તેમનું એક ઘણું જૂનું સ્વપ્ન સિદ્ધ થવા આવ્યું. વિલાયતમાં લંડન લાઈફ અને લેબર ઉપરની તપાસ નજરે જોયા પછી તેમણે મુંબાઈ શહેરની આવી તપાસ માટેની એક યોજના યુનિ. પાસે રજૂ કરી હતી. તે વખતે તો આ યોજનાની અગત્ય પૂરેપૂરી સમજાઈ ન હતી. પરંતુ દેશમાં પંચવર્ષીય યોજનાના વિધવિધ કાર્યક્રમો અમલમાં આવતાં મોટાં શહેરોની તપાસ અને ખાસ કરીને આ વિકાસની સમાજજીવન ઉપરની ધીમીધીમી પણ મક્કમ અસર વિષે રસ જાગૃત થયો. દેશના આયોજનમાં આવા પ્રશ્નો વિષે યોગ્ય માહિતીની જરૂર સમજાવા લાગી. અને આથી સરકારે આયોજન-પંચ દ્વારા આવી સામાજિક-આર્થિક તપાસ માટેનાં એમનાં સૂચનો સ્વીકાર્યાં. ૧૯૫૪માં મુંબાઈની સામાજિક-આર્થિક તપાસ (The Socio-Economic Survey of Bombay)નું કાર્ય મુંબાઈ સ્કૂલને સોંપાયું. થોડા વખતમાં જ તેનો અહેવાલ પ્રકટ થશે. આ જ વર્ષમાં પ્રો. વકીલને ૬૦ વર્ષ પૂરાં થતાં હોઈ મુંબાઈ યુનિ.ના તેમના વિદ્યાર્થીઓએ તેમને એક બહુ જ યોગ્ય માનપત્ર આપ્યું. (આમાં લગભગ પ્રો. વકીલની સાથે મુંબાઇ સ્કૂલમાં જોડાએલા પટાવાળાઓ પણ જોડાયા હતા) મુંબાઇ સ્કૂલની ૧૯૪૪–૫૪ની કારકિર્દીનો અહેવાલ પ્રસિદ્ધ થયો છે. સ્કૂલની અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે તેમાં સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની એક યાદી છે તેમાં પ્રો. વકીલના વિદ્યા-

ર્થીઓની સંખ્યા લગભગ ૮૦ જેટલી થાય છે અને નામ ન આપેલા વિદ્યાર્થીઓ ઉમેરીએ તો આ સંખ્યા સહેલાઇથી ૧૦૦ની બની જાય. આ બધા સંશોધનના વિદ્યાર્થીઓ હતા. એ પ્રત્યેકને માર્ગદર્શન કરવું, નવા વિચારો, નવી સંશોધનપદ્ધતિ અપનાવવી વગેરેમાં તેમનો ઘણો વખત જતો. સો વિદ્યાર્થીઓના ગુરુ થવાનું માન ગૌરવપ્રદ ગણાય.

૧૯૫૭માં યુનેસ્કોએ મુંબાઇ યુનિ. પાસેથી પ્રો. વકીલની સેવાઓની માગણી કરી અને તેઓ યુનેસ્કોના કલકત્તા ખાતેના સંશોધનકેંદ્રના અધ્યક્ષપદે ગયા. આ કેન્દ્રનું કાર્ય અફઘાનિસ્તાનથી ફિલિપાઇન્સ સુધી પથરાએલું છે. તેનાં સંશોધનોનો મુખ્ય હેતુ અગ્નિએશિયાના દેશોમાં પશ્ચિમી ઢબના ઉદ્યોગીકરણની સામાજિક અસરો શી છે તે વિષે સંશોધન કરવાનું છે. આમાં માત્ર અર્થશાસ્ત્રી નહિ પણ સમાજશાસ્ત્રી અને માનસશાસ્ત્રીનો પણ સમાવેશ થાય છે.

પ્રો. વકીલની કારકિર્દીમાં તેમના જુદાંજુદાં ઇકનૉમિક એસોસીએશનો સાથેના સંબંધો ઘણા જાણવા જેવા છે. 'ઇન્ડીઅન ઇકનૉમિક એસોસીએશન'માં ઘણાં વર્ષો સુધી તેમણે માનભર્યું સ્થાન ભોગવ્યું છે. ૧૯૩૩ની પટણાની કૉન્ફરન્સમા તેઓ પ્રમુખ તરીકે ચૂંટાયા ત્યારે તેમની ઉંમર માત્ર ૩૮-૩૯ વર્ષની હતી. કદાચ આ ઉંમરે આવું પદ શોભાવનાર તેઓ એક જ હશે. આ ઉપરાંત ૧૯૫૨માં ત્રિવેન્દ્રમ ખાતે ભરાએલી ઇન્ડિયન ઍગ્રિકલ્ચરલ ઇકનૉમિક કૉન્ફરન્સના તેઓ પ્રમુખ હતા. ૧૯૫૩ પછી પ્રો. વકીલ ઇન્ટરનૅશનલ ઇકનૉમિક એસોસીએશનની કારોબારીના સભ્ય રહ્યા છે. યુનેસ્કો સેન્ટરમાં જોડાયા પછી આ કારોબારીમાંથી તેમણે રાજીનામું આપ્યું છે; કેમકે આ કારોબારી ઉપર યુનેસ્કોનું પ્રતિનિધિત્વ છે જ. આ સંસ્થાની કારોબારીની બેઠકો દર વર્ષે ઑગસ્ટ-સપ્ટેમ્બરમાં યુરોપમાં મળે છે, સાથે જ એક રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ પણ થાય છે, જેમાં પ્રખ્યાત વિદ્વાનોને બોલાવવામાં આવે છે. આવી બધી કૉન્ફરન્સોમાં પ્રો. વકીલે હમેશાં આગળ પડતો ભાગ ભજવ્યો છે. એમના આવા આંતરરાષ્ટ્રિય સંપર્કોમાંથી તેમણે આપણા દેશના અધ્યાપકો માટે એક રીફ્રેશર કોર્સ ચલાવવાનું વિચાર્યું. ઇન્ટરનૅશનલ ઇકનૉમિક એસોસીએશને આ સૂચન સ્વીકાર્યું અને આ આખા 'કોર્સ'ની રચના તથા વહીવટનું કામ પ્રો. વકીલને જ સોંપવામાં આવ્યું. ૧૯૫૫ના જૂન-જુલાઈમાં પૂનામાં આ કોર્સ ચલાવવામાં આવ્યો, અને દરેક યુનિ.માંથી એક યુવાન અધ્યાપકને તેનો લાભ મળ્યો. ખાસ કરીને પરદેશી તાલીમ ન મેળવી શકેલા આપણા યુવાન અધ્યાપકો માટે આ તક ઘણી જ લાભદાયી નીવડી. આ ઉપરાત ૧૯૫૬ના સપ્ટેમ્બરમાં રોમ ખાતે વર્લ્ડ કૉંગ્રેસ ઑવ ઇકનૉમિક્સ પહેલી વાર ભરવામાં આવી. આ કૉન્ફરન્સના પાંચ દિવસ દરમ્યાન દરરોજ કોઇ ખ્યાતનામ અર્થશાસ્ત્રી વ્યાખ્યાન આપતા અને ત્યાર બાદ ચર્ચા થતી. ચર્ચાનું સંચાલન કોઈ બે અર્થશાસ્ત્રીઓના હાથમાં રહેતું, અને પ્રો. વકીલને ભાગે અમેરિકાના અર્થશાસ્ત્રી પ્રો. જૅકબ વાઇનરના વ્યાખ્યાન ઉપર ચર્ચા કરવાનું કામ આવેલું. આ જ અરસામાં પ્રો. વકીલનું પુસ્તક Planning for an Expanding Economy રોમ પહોંચી ગયું હતું ને ત્યાં આવેલા ઘણા અર્થશાસ્ત્રીઓના હાથમાં તેમણે આ પુસ્તક જોયું હતું. ૧૯૫૬માં I. L. O. (ઇન્ટરનૅશનલ લેબર ઑર્ગેનિઝેશન)ની કમિટી વખતે જીનિવા ઇકનૉમિસ્ટ્સ ક્લબમાં બોલવાનું પ્રો. વકીલને આમંત્રણ મળ્યું હતું. તેમાં પ્રો. વકીલે પોતાનાં આગવાં જ મંતવ્યો રજૂ કરેલાં.

સ્વભાવે તેઓ ઘણા આનંદી અને પ્રેમાળ છે. આજે ૬૩ વર્ષની ઉંમરે પણ તેઓ ઘણું સારું આરોગ્ય ભોગવે છે અને કામ પણ પુષ્કળ કરે છે. તેમના બહોળા વિદ્યાર્થી કુટુંબમાંથી પોતાના નાનકડા કુટુંબ માટે સમય કાઢવો તેમને માટે કાયમ મુશ્કેલ બને છે. છતાં પ્રો. વકીલ એક અત્યંત વાત્સલ્યપૂર્ણ પિતા છે. તેમની બે પુત્રીઓ લીના અને વીણા તો જરા મોટી થઈ કહેવાય, પણ સૌથી નાના પુત્ર અરુણ ઉપર તો તેમને ખૂબ પ્રેમ છે. શ્રીમતી વિદ્યાબહેન તથા પ્રો. વકીલ બંને તેમનાં બાળકોના સંસ્કાર અને અભ્યાસમાં અત્યંત રસ લે છે. પ્રો. વકીલની પ્રતિભા અને વ્યક્તિત્વના વિકાસમાં શ્રીમતી વિદ્યાબહેનનો ફાળો નાનોસૂનો નથી. એક આદર્શ ગૃહિણી અને માતા તરીકે પોતા માટે તેમણે અદ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

પ્રો. વકીલ એક નિરભિમાન નીડર અધ્યાપક રહ્યા છે. એ તેમની સૌથી મહત્ત્વની સિદ્ધિ ગણી શકાય. શિક્ષણના ક્ષેત્રમાં તેઓ માનસિક નિરાંત અને સ્વતંત્રતા અનુભવે છે. ઘણી વાર શિક્ષકને-સાચા શિક્ષકને-મળતી સ્વતંત્રતા માટે ભારોભાર અભિમાન લેતા તેમને સાંભળ્યા છે, આ સ્વતંત્રતા આગળ તેઓ દુનિયાની ઘણી ચીજોને તુચ્છ ગણે છે.

સમાજમાં અધ્યાપકના સ્થાન વિષે પોતાના જીવન દ્વારા એમણે જે દૃષ્ટાંત પૂરું પાડયું છે તેનાં થોડાં પરિણામો આજે આપણે પ્રત્યક્ષ જોઇ શકીએ છીએ. આજે અર્થશાસ્ત્રીનું સ્થાન બીજા વિષયના તજ્જ્ઞોની જેમ ધીમેધીમે નક્કી થએલું જોઈ શકાય છે. આમાં માત્ર આપણી રાજકીય સ્વતંત્રતા જ કારણભૂત નથી, પણ પ્રો. વકીલ જેવાનાં જીવન અને કાર્ય પણ જવાબદાર ગણી શકાય તેમ છે. રાષ્ટ્રના આર્થિક હિત વિષે તેમનું ચિંતન કાયમ સજાગ રહ્યું છે. અંગ્રેજોના રાજ્ય દરમિયાન આ ચિંતન ઘણી વાર પ્રલય-વિરોધના સ્વરૂપે પ્રજ્વળી ઊઠયું હતું. આજે આ ચિંતનને રચનાત્મક સ્વરૂપ આપવાના આપણા રાષ્ટ્રીય પ્રયાસમાં પણ તેઓ પોતાનો અમૂલ્ય ફાળો આપી રહ્યા છે. જુવાન અધ્યાપકોને વિકાસની તક આપવામાં તેમનો જોટો જડે તેમ નથી.

રાષ્ટ્રના વ્યાપક હિતની સાથે સાથે તેમને ગુજરાત માટે ઊંડી અને કુણી લાગણી છે. તેમને ગુજરાત માટે કશુંક કરી છૂટવાના તમન્ના હમેશાં રહી છે. સૌરાષ્ટ્રની આર્થિક તપાસમાં તેમણે તેમની આ ઇચ્છાને કાંઈક અંશે મૂર્ત સ્વરૂપ આપ્યું છે. તેમની દોરવણી અને દેખરેખ નીચે સંશોધન કરનારા વિદ્યાર્થીઓમાંના કેટલાકે ગુજરાતની આર્થિક પ્રવૃત્તિને સ્પર્શતા વિષયો પર મહાનિબંધો લખ્યા છે. પ્રો. વકીલનો ગુજરાતના આર્થિક જીવનમાં આ પરોક્ષ ફાળો છે. આજે કલકત્તામાંથી યુનેસ્કોની સંશોધનપ્રવૃત્તિની રૂપરેખા નક્કી કરતાંકરતાં પણ આ પ્રાન્તમાં આવી પ્રવૃત્તિ શરૂ કરવાના તેમના પ્રયાસો ચાલુ જ છે.

થોડા વખતમાં ગુજરાતનું નવું રાજ્ય રચાશે. મુંબાઇ યુનિવર્સિટીના અધ્યાપન-કામ દરમિયાન તેમના હાથ નીચે સંશોધન કરનારા ઘણા વિદ્યાર્થીઓએ ગુજરાતના આર્થિક પ્રશ્નો-જમીની, વેપાર, ઉદ્યોગો વગેરે-ઉપર મહાનિબંધો લખ્યા છે. આજે તેમાંના કેટલાક જૂના જેવા જણાય; પરંતુ તેને ભૂમિકા તરીકે લઇને આ નવા થતા રાજ્યને ઉપયોગી સંશોધનપ્રવૃત્તિ હાથ ધરી શકાય. આવી કોઇ સંશોધનયોજનાના કાર્યની મધ્યમાં જો પ્રો. વકીલને મુકાય તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય. સૌરાષ્ટ્રની આર્થિક તપાસના અનુસંધાન રૂપ અને મહત્ત્વની પૂરક માહિતીરૂપ આવી તપાસ આજે અનિવાર્ય છે.

છોકરો નવી સાઇકલ ચલાવતો હતો. મા પાસેથી પસાર થતો કહે : 'જો મા, કેવી સાઇકલ ચલાવું છું?-હૅંડલ પર હાથ પણ નથી રાખ્યા.'

બીજી વાર પૅડલ પરથી પગ અધ્ધર રાખીને પસાર થતો બોલ્યો : 'જો મા, પગ પણ નથી!'

ત્રીજી વાર આવ્યો ત્યારે રડતે રાગે કહ્યું : 'મા, દાંત પણ નથી!'

સોળમી સદીના શોધસફરીઓ : ૨ બેરન્ટ્સ


લેખક - પ્રો. રમણલાલ ચી. શાહ

ઈ. ૧૫૮૪માં બ્રુનેલે ઉત્તર ધ્રુવના સમુદ્રમાં સૌથી પહેલું ડચ વહાણ હંકાર્યું ત્યાર પછી બરાબર દસ વર્ષે, ઇ.સ. ૧૫૯૪માં ડચ વેપારીઓએ ઈશાન દિશા તરફનો માર્ગ શોધવા માટે મોટું ભંડોળ એકઠું કર્યું. આ વખતે એક નહિ પણ ત્રણ મોટાં વહાણો તૈયાર કરવામાં આવ્યાં અને સાથે ઘણી સાધનસામગ્રી લેવામાં આવી. વળી, જુદાંજુદાં કાર્યો માટે જુદાજુદા વ્યવસાયના માણસો પણ સાથે લેવામા આવ્યા. આ ત્રણે વહાણોની ને આખા સાહસની સરદારી લેવા માટે વિલેમ બેરન્ટ્સની પસંદગી કરવામાં આવી. બ્રુનેલની સફરો પછીના દાયકામાં ધ્રુવસમુદ્રની કેટલીક સફરો કરી બેરન્ટ્સે માત્ર હૉલૅન્ડમાં જ નહિ પણ યુરોપના અગ્રગણ્ય દેશોમાં પણ સારી નામના મેળવી હતી. ધ્રુવપ્રદેશના સાહસિક તરીકે એની શાખ એટલી સારી બંધાઈ હતી કે આ નવા મોટા ડચ સાહસની સરદારી એને મળી છે એવી ખબર મળતાં અંગ્રેજ સાહસિક હાકલ્યુટે તે સમયે પૅટ અને જૅકમેને કરેલી ધ્રુવપ્રદેશની સફરોના અહેવાલનો એને માટે ડચ ભાષામાં તરજૂમો કરી આપ્યો.

બેરન્ટસે પોતાની સાથે નાઇ અને ટેટગેઈલ્સ નામના બે યુવાન સાહસિકોને લીધા હતા અને બંનેને એકએક વહાણ સંભાળવાનું સોંપ્યું હતું. દરેક વહાણમાં સંખ્યાબંધ માણસો સાથે લેવામાં આવેલા. બેરન્ટ્સે એવી યોજના કરી કે નાઇ અને ટેટગેઇલ્સ પૅટ સામુદ્રધુનીમાંથી આગળનો માર્ગ કાઢવાનો પ્રયાસ કરે, ને પોતે નોવાયા ઝેમલ્યાના ઉત્તર છેડા તરફથી ચક્કર લે. આમ, તેઓ છૂટા પડયા.

નાઈ અને ટેટગેઇલ્સ પૅટ સામુદ્રધુનીમાંથી માર્ગ કાઢી પોતાનાં વહાણોને કારા સમુદ્ર સુધી લઈ ગયા. તેમની દૃષ્ટિએ આ નાનીસૂની સિદ્ધિ નહોતી, કારણકે પોતાના ધ્યેય તરફ તેમણે એક ડગલું આગળ માંડયું હતું. જોકે પ્રતિકૂળ હવામાન, સમુદ્રમાં જામેલા બરફના થર અને સમયના અભાવને કારણે તેમને ત્યાંથી પાછા ફરવું પડયું, પરંતુ ઇશાન દિશાનો માર્ગ સંપૂર્ણપણે શોધવા માટે ઝાઝા પ્રયાસોની જરૂર નથી એમ તેમને લાગવા માંડયું.

બીજી બાજુ, નાસાઉની ભૂશિર સુધી ખુલ્લા સમુદ્રમાં સફર કરવામાં બેરન્ટ્સને કોઈ વિઘ્ન નડયું નહિ. પરંતુ એથી આગળ જતાં સમુદ્રમાં તેની સફરનું કાર્ય વિકટ બની ગયું. શિયાળાને હજુ વાર હતી, છતાં હવામાનને કારણે સમુદ્રમાં ઉત્તરોત્તર હિમશિલાઓ વધારે ને વધારે આવતી જતી હતી અને પાણી પર પણ ઠેરઠેર બરફનાં પડ જામી ગએલાં હતાં. આથી જ્યાંજ્યાંથી પાણીનો માર્ગ દેખાતો ત્યાંત્યાંથી તેમને પોતાનું વહાણ હંકારવું પડતું. કેટલીક વાર એથી તેમને એકાદ માઈલનું સીધું અંતર સમુદ્રમાં કાપવા માટે બરફની આસપાસ છ-સાત માઈલનું અંતર કાપવું પડતું. કેટલીક વાર ધારણા પ્રમાણે પાણીનો માર્ગ આગળથી ન નીકળતાં, બરફથી બંધ થઈ ગયો હોય તો તેમને માઇલો સુધી વહાણ પાછું યે હંકારવું પડતું. ઠરી ગએલા સમુદ્ર અને વિશાળ હિમશિલાઓ તથા હિમપર્વતોને કારણે તેમનો રસ્તો અતિશય વાંકોચૂંકો બની ગયો હતો. ૨૫ દિવસની સફરમાં તેમણે લગભગ ૧૫૦૦ માઈલનું અંતર કાપ્યું હતું, પરંતુ એટલા દિવસમાં માત્ર વાંકાચૂકા રસ્તાને લીધે એકયાશી વાર વહાણ થંભાવી, આગળ માર્ગ છે કે નહિ તેની તપાસ કરવા બરફ પર ઘણું ચાલવું પડયું હતું. આટલી સફરથી જ બેરન્ટ્સના સાથીદારો અને ખલાસીઓ એટલા બધા થાકી ગયા હતા કે તેઓ



આગળ જવા લાચાર બની બેઠા. વળી દિવસે દિવસે હવામાન પણ બગડતું જતું હતું, એટલે બેરન્ટસને નછૂટકે પાછા ફરવું પડયું ને અગાઉની યોજના મુજબ નાઈ ને ટેટગેઇલ્સનાં વહાણો તેની સાથે આવી મળ્યાં.

બેરન્ટ્સ અને એના બંને સાથીદારોની કેટલેક અંશે સફળ આ સફરથી ડચ વેપારીઓ અને સાહસિકો પણ ઉત્સાહ અને આનંદમાં આવી ગયા અને વેપારીઓએ હવે બીજી વાર આ સાહસિકોને ધ્રુવપ્રદેશ તરફ મોકલવાની પોતાની તત્પરતા બતાવી. ડચ સરકારને પણ આ સાહસોમાં રસ પડયો. વેપારીઓએ કમર કસીને શકય એટલાં નાણાં એકઠાં કર્યાં. સાધનસામગ્રીના પૂરતા પુરવઠા સાથે એક-બે નહિ, પણ સાત વહાણો તૈયાર કરવામાં આવ્યાં અને આખા યે સાહસની સરદારી બેરન્ટ્સને સોંપવામાં આવી. આ સફરમાં સ્થાન મેળવવા માટે કેટકેટલી પડાપડી થતી હતી! ને હૉલૅન્ડથી નીકળી ખુલ્લા દરિયામાં સાહસિકો કેટલી મગરૂબીથી પોતાનાં વહાણો હંકારી રહ્યા હતા! જાણે સફળતા તેમને પહેલેથી જ વરી ચૂકી ન હોય!

પણ પ્રકૃતિનું નિર્માણ જુદું જ હતું. જે પૅટ સામુદ્રધુનીમાં સહેલાઈથી પ્રવેશીને તેઓ આગલે વર્ષે કારા સમુદ્ર સુધી પહોંચી ગયા હતા એ જ પૅટ સામુદ્રધુનીમાં બરફની અતિશયતાને લીધે આ વર્ષે તેઓ પ્રવેશી પણ ન શકયા. જ્યાંથી તેમની સાહસિક સફર શરૂ થવાની હતી એ માર્ગ જ તેમને માટે ખુલ્લો ન થયો. તેઓ ઘણું ઝૂઝયા, પણ નિરુપાય. હવે એક જ માર્ગ રહ્યો હતો અને તે બરફ પર પગે ચાલીને આગળ વધવાનો. પરંતુ એ કાર્ય તો એટલું બધું ભયંકર હતું કે જીવતા પાછા ફરવાની કોઇને આશા ન હતી. અને તેમ કરવામાં માત્ર પરિચિત પ્રદેશ જ ખૂંદવાનો હતો, નવા પ્રદેશ સુધી પહોંચવા માટે સમય રહેતો નહોતો, તેની શકયતા જ નહોતી. આથી પૅટ સામુદ્રધુનીને ડેલે હાથ દઇને એ સાતે વહાણોને ભગ્ન હૃદયે પાછાં ફરવું પડયું, અને સાહસિકોની ગૌરવકથા સાંભળવા આતુર એવા ડચ પ્રજાજનોનાં, ડચ વેપારીઓનાં અને ડચ સરકારનાં મન પર નિરુત્સાહનું ઠંડું મોજું ફરી વળ્યું.

પણ આ નિષ્ફળતાથી જરા યે નિરુત્સાહ ન થનાર હતો માત્ર બેરન્ટસ. પૅટ સામુદ્રધુનીને રસ્તે ભલે ન જઈ શકાયું, પણ એથી નોવાયા ઝેમલ્યાની ઉત્તરનો પોતે લીધેલો માર્ગ કંઈ બંધ થઈ ગયો નહોતો. એ માર્ગે વધુ પ્રયાસ કરવામાં આવે તો કદાચ સફળ પણ થવાય. બેરન્ટ્સે પોતે તેની નવી યોજના તૈયાર કરી વેપારીઓ આગળ મૂકી; સાથેસાથે ગમે તેવા સંજોગોમાં આગળ વધવાનો પોતાનો નિર્ધાર પણ જાહેર કર્યો. કેટલાક ડચ વેપારીઓ આગળ આવ્યા અને એમણે નવા

સાહસનો ખર્ચ ઉપાડી લેવાના ખુશખબરની વધામણી આપી. બૅરન્ટ્સે ત્રણ વહાણ તૈયાર કરાવ્યાં અને સાધનસામગ્રી વડે એ સજ્જ કરવામાં આવ્યાં. એકની સરદારી બેરન્ટ્સે લીધી અને બીજાં બેની સરદારી જેન રાયપ અને જૅકબ હિમસ્કર્કને સોંપવામાં આવી ઈ. સ. ૧૫૯૬માં અનુકૂળ ઋતુમાં ત્રણે વહાણોએ હૉલૅન્ડનો કિનારો છોડચો.

આ વખતે સ્કૅન્ડિનેવિયાના કાંઠાનો લાંબો અને વાંકોચૂકો માર્ગ પસંદ ન કરતાં બેરન્ટ્સે સીધી ધ્રુવસમુદ્રની ઉત્તર દિશા જ અપનાવી. એની યોજના ધ્રુવસમુદ્રમાં સીધા જઈ, ત્યાંથી કાટખૂણે નોવાયા ઝેમલ્યા તરફ જવાની હતી. લગભગ બે મહિનાની દરિયાઈ સફર પછી જૂન મહિનાની શરૂઆતમાં તેઓ એક ટાપુ પર આવી પહોંચ્યા. ટાપુ પર પહોંચતાંની સાથે તેમણે એક મોટા રીંછનો શિકાર કર્યો. આ શિકારને તેઓ શુભ શુકન ગણવા લાગ્યા અન પોતાની સફર સફળ થશે એમ માનવા લાગ્યા; અને માટે જ પોતે શોધી કાઢેલા આ અજાણ્યા ટાપુનું નામ તેમણે 'Bear Island' રાખ્યું. ટાપુ પર થોડોક સમય મુકામ કરી તેઓ ટાપુને કિનારે કિનારે વહાણ હંકારતા એના ઉત્તર છેડાસુધી આવી પહોંચ્યા. પણ જેવા તેઓ એછેડે પહોંચવા આવ્યા તેવું જ હવામાન એટલું બગડી ગયું અને વાતાવરણમાં ચારે બાજુ એટલું ધુમ્મસે છવાઇ ગયું કે કેટલાક દિવસ સુધી તેમને એ ટાપુ જ દેખાયો નહિ! અંતે જ્યારે ધુમ્મસ દૂર થયું અને સૂર્ય પ્રકાશવા લાગ્યો ત્યારે ટાપુ પાસે વહાણ લાંગરી તેઓ બધા ત્યાં ઊતર્યા અને તંબૂ નાખી મુકામ કર્યો. બેરન્ટ્સે આ જગ્યાનું અક્ષાંશ માપતાં તે લગભગ ૭૯°૪૯' જેટલું લાગ્યું. છતાં ધ્રુવસમુદ્રમાં સીધી દિશાએ તેઓ ચોક્કસ ક્યાં આવી પહોંચ્યા છે તેની પૂરી ખબર તેમને હજી નહોતી. પણ અનુમાનથી તેમણે માની લીધું કે તેઓ ગ્રીનલૅન્ડની ભૂમિ પાસે એક ટાપુ પર આવી પહોંચ્યા છે. હકીકતમાં એ તેમની ભૂલ હતી, કારણ કે તેઓ સ્પિટ્ઝબર્ગન ટાપુઓના જૂથના દક્ષિણ છેડે આવેલા એક ટાપુ પર આવી પહોંચ્યા હતા.

આ બેર ટાપુ પર તેઓ કેટલાક દિવસ ફર્યા અને નવીનવી કેટલીક વસ્તુઓ એકઠી કરી. ટાપુ પર ભિન્નભિન્ન જાતનાં કેટલાં યે પક્ષી ઊડતાં હતાં. એ પક્ષીઓનાં ચિત્રવિચિત્ર ઈંડાં પણ તેમણે એકઠાં કર્યાં. આમ કેટલાક દિવસ પસાર કરી તેમણે લંગર ઉપાડચાં, કેમકે પૂર્વ તરફ નોવાયા ઝેમલ્યાની ઉત્તરે જવાનું તેમનું મુખ્ય કાર્ય તો હજી બાકી જ હતું. અલબત્ત, આ નવો ટાપુ શોધી કાઢવાનો તેમને વિશેષ આનંદ હતો.

બેરન્ટસની ઇચ્છા નોવાયા ઝેમલ્યા તરફ જવાની હતી, પણ એના સાથીદાર રાયપની ઇચ્છા હવે ઘર તરફ પાછા ફરવાની હતી. આથી તેમની વચ્ચે મતભેદ પડચો ને રાયપે પાછા ફરવાની હઠ પકડી. એણે બેરન્ટ્સને સ્પષ્ટ કહી દીધું, 'નોવાયા ઝેમલ્યા તરફ મારે નથી આવવું.'

'કેમ, પણ? આ સાહસનું મુખ્ય ધ્યેય જ ત્યાં પહોંચવાનું છે.'

'હા, પણ ત્યાં પહોંચવા માટે હવે સમય નથી.'

'કેમ સમય નથી? હજુ પૂરા બે મહિના આપણી પાસે છે.'

'પણ પહોંચતાં વાર લાગી તો? રસ્તામાં ફસાઈ ગયા તો તો જીવતા પાછા ફરવાની આશા જ નહિ.'

'ધ્રુવપ્રદેશની દીર્ઘ રાત્રિથી ડરે છે?'

'હા, હું એકલો જ નહિ, મારી જેમ બીજા ઘણા ડરે છે.'

'એ ખોટું છે. હું ખાતરી આપું છું કે આપણે સમયસર પાછા ફરીશું.'

'અને ધારો કે સમયસર પાછા ન ફરી શકાયું તો?'

'તો એક નવો અનુભવ થશે. દુનિયામાં કોઇ સાહસિકો ધ્રુવપ્રદેશમાં દીર્ઘ રાત્ર રોકાયા નથી, એ માન આપણને મળશે.'

'માન મેળવતાં પહેલાં જાન દેવો પડશે!'

'તો તેથી પણ શું?સાચાસાહસિકને મોતની પરવા નહોવી જોઇએ.'

'પણ તો પછી પૂછી જુઓ, કોણ તમારી સાથે આવવા તૈયાર છે? મારા વહાણમાંથી તો એક પણ માણસ આવવા તૈયાર નથી. અનિચ્છાએ તમે ઘસડી જાઓ તો જુદી વાત છે.'

'અનિચ્છાએ હું કોઇને ઘસડી જવા માગતો નથી. કોઈ નહિ આવે તો હું એકલો જઇશ. મારા નિશ્ચયમાં હું અચલ છું. જેમને મારી સાથે આવવું હોય તે જ આવે; જેમને પાછા ફરવું હોય તે પાછા ફરી શકે છે.'


એક બાજુ ધ્રુવપ્રદેશની ન જોએલી, ન અનુભવેલી ભયંકર દીર્ઘ રાત્રિ અને બીજી બાજુ ઘરનું હૂંફાળું વાતાવરણ. સૌને પસંદગી કરવાની હતી. ત્રણે વહાણોમાં ખળભળાટ મચી ગયો. બીજા વહાણનો ઉપરી હિમસ્કર્ક બેરન્ટસની સાથે જવા તૈયાર થયો; અરધા ઉપરાંતના માણસો ઘેર પાછા જવા તૈયાર થયા; બીજા બેરન્ટ્સ સાથે રાજીખુશીથી જવા તૈયાર થયા. ત્રણે વહાણો વચ્ચે માણસોની અદલાબદલી અને વસ્તુઓની લેવડદેવડ ચાલવા લાગી ને એ પૂરી થયે રાયપે બે વહાણ ઘર તરફ દક્ષિણ દિશામાં હંકાર્યાં. બેરન્ટસ અને હિમસ્કર્કે પોતાનું વહાણ પૂર્વ દિશા તરફ હંકાર્યું. પોતાના નબળા સાથીદારો છૂટા પડચા એથી બેરન્ટ્સને એક જાતની નિરાંત થઈ, કારણ કે હવે જે પોતાની સાથે આવનાર હતા તે મૃત્યુથી બેતમા, સાચા નિર્ભીક સાહસિકો હતા, અને આવા સાથીદારોને લીધે ગમે ત્યાં સુધી આગળ વધવાના અને જરૂર પડચે ધ્રુવપ્રદેશમાં દીર્ઘ રાત્રિ રોકાઇ જવામાં તે સૌ કૃતનિશ્ચય હતા.

પૂર્વદિશામાં નોવાયા ઝેમલ્યા તરફ વહાણ હંકારી બેરન્ટ્સે ધીમે-ધીમે એ વહાણ એના ઉત્તર છેડા તરફ ચલાવવા માંડચું. પરતુ જેમ-જેમ તેઓ ઉત્તર તરફ જવા લાગ્યા તેમતેમ સમુદ્રમાં બરફનું પ્રમાણ વધતુ ગયું. આમ છતાં, ઉત્તરોત્તર વિકટ બનતી જતી પરિસ્થિતિમા પણ બેરન્ટ્સે પોતાની કાબેલિયતથી વહાણને નોવાયા ઝેમલ્યાના ઉત્તર છેડા સુધી પહોંચાડી દીધું. અગાઉની પોતાની આ બાજુની સફર કરતાં આ વખતે તેઓ થોડા આગળ નીકળી ગયા હતા. અહીંથી હવે તેમને આગળ વધવાનું હતું અને અહીં જ તેમની કસોટી કરે એવી સ્થિતિ હતી. જેમજેમ તેઓ આગળ જતા ગયા તેમતેમ બરફમાં વધારે ને વધારે સપડાતા ગયા. સમુદ્રમાં ચારે બાજુ બરફનાં મોટાંમોટાં પડ જામ્યાં હતાં. પાણીની સપાટી તો નહિવત જ હતી. આવા કપરા સંજોગો તેમના વહાણને વધારે ને વધારે ફસાવતા જતા હતા અને તેમની નિરાશામાં ઉમેરો કરતા જતા હતા. હવે તેમની આગળ સવાલ કેવી રીતે આગળ વધવું તેનો નહિ, પણ વહાણને આસપાસના બરફની ભીંસમાંથી કેવી રીતે બચાવી લેવું તેનો હતો. ભાંગીને ભુક્કો કરી નાખે એવા બરફના પંજામાંથી વહાણને બચાવી લેવા તેઓ ગાંડા માણસની જેમ મથતા હતા. બરફની શિલાઓની ભીંસમાં વહાણ એવું સપડાઇ ગયું કે ન આમ ખસે કે ન તેમ ખસે. હવે તો ન આગળ જવાય, ન પાછા ફરાય, કે ન એ જગ્યાએ રહી શકાય એવી પરિસ્થિતિમાં તેઓ મુકાઇ ગયા. બરફની ભીંસને લીધે વહાણના કેટલાક ભાગને નુકસાન પણ પહોંચ્યું. એકબે દિવસ પસાર થયા, છતાં બરફની સ્થિતિમાં કશો જ ફેર પડચો નહિ. ઑગસ્ટની ૨૬મી તારીખે પરિસ્થિતિ એથી પણ વધુ બગડી ને તેમને લાગવા માંડચું કે હવે જો સમયસર બરફમાંથી મુક્ત નહિ થવાય તો ધ્રુવપ્રદેશમાં દીર્ઘરાત્રિ ગાળવાનું નિશ્ચિત બની ચૂકશે. આ દુઃખદ પરિસ્થિતિમાં બેરન્ટસ સૌને હિંમત અને આશ્વાસન આપતો હતો. એકબે દિવસ વધારે પસાર થયા ને બરફનો ચારે બાજુથી એટલો બધો ઘસારો થયો કે જાણે વહાણને કચડી મસળી નાખવા ન માગતો હોય! તેમને માથે કેવી ભયંકર આપત્તિ આવી પડી હતી, તેમના મનમાં કેટલો બધો ભય વ્યાપી ગયો હતો (અનુ. પૃ. ૭૧)

કલામાં વિકૃતીકરણનાં કારણો વિષે

સમજાવતા લેખક જ્યોતિ ભટ્ટ

કળાના અગત્યના અંગ 'પ્રતીક'ની અભ્યસનીય માહિતી આપે છે




લૅન્ડસ્કેઈપ–કલાકાર સવૈજ. અહીં કલાકારે બધી જ વસ્તુઓનો પ્રતીક તરીકે જ ઉપયોગ કર્યો છે.

અત્યાર સુધી આપણે જોયું કે જે વિકૃતીકરણ આપણને નથી સમજાતું અથવા પહેલી નજરે બેહૂદું જણાય છે તે માત્ર આધુનિક કળામાં જ નહિ પણ કળાના આદિ મંડાણથી લઈને આજ સુધીના દરેક પગથિયામાં થતું આવ્યું છે.

કળામાં એક અગત્યનું તત્વ છે 'પ્રતીક' (symbol સિમ્બૉલ). પ્રતીક કોને કહેવું એ સમજાવવું પડે તેમ નથી. કોઈ વસ્તુ, સ્વરૂપ કે આકૃતિ જ નહિ પણ ચિત્રોમાં ઘણી વાર રંગનો પણ પ્રતીક તરીકે ઉપયોગ કરવામાં આવે છે. કૃષ્ણને જેવા નીલા (વાદળી) રંગ્યા હોય છે એવો રંગ ખરેખર કોઇની ત્વચાનો જોવામાં આવતો નથી (અ-સામાન્ય પ્રકાશયોજના સિવાય), પણ છતાં તે રંગ આપણને કૃષ્ણને ઓળખવામાં મદદરૂપ થઈ પડે છે, અને ચિત્રકાર એનો ખયાલ રાખીને જ બીજી બધી રંગયોજના કરે છે (જુઓ આ અંકનું મુખચિત્ર). દુષ્ટ, લુચ્ચાં તેમજ ભલાંભોળાં માનવોની ત્વચાના રંગમાં સ્વભાવ પ્રમાણે કંઈ ખરેખર ફેરફાર હોતો નથી, છતાં જેમ કથકલીના નૃત્યમાં નૃત્યકાર જેનું પાત્ર ભજવતો હોય તે મૂળ વ્યક્તિના સ્વભાવને રજૂ કરવા લીલો, કાળો, સફેદ, એમ જુદાજુદા રંગથી તેનું મોઢું રંગવામાં આવે છે, તે જ પ્રમાણે અજંતાનાં ચિત્રોમાં પણ જુદાજુદા સ્વભાવ કે વર્ગના લોકોને રજૂ કરવા માટે લીલો (અનાર્ય, રાક્ષસ વગેરે), શ્યામ કે ગૌર વર્ણના ઉપયોગ કરેલો જોવા મળે છે. (ભરતનાટ્યશાસ્ત્રમાં દેવ, યક્ષ અને અપ્સરા માટે ગૌર વર્ણ; સમુદ્ર, હિમાલય અને ગંગા માટે શ્વેત વર્ણ તેમજ વાસુકિ, દૈત્ય, દાનવ આદિ માટે શ્યામ વર્ણ નિર્દેશાએલા છે. આપણા પ્રાચીન ચિત્રકળાશાસ્ત્રનું નિરૂપણ કરતા વિષ્ણુધર્મોત્તર પુરાણમાં પણ જુદાજુદા પ્રદેશના લોકોનો રંગ કેવો હોવો જોઇએ તેનો તેમજ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રોને અનુક્રમે ચંદ્રગૌર, પદ્મગૌર, આપાંડુર અથવા ફિક્કા વર્ણવાળા અને શ્યામ વર્ણના કરવાનો આદેશ છે. કથકલી નૃત્યમાં લીલા રંગનું મોઢું અર્જુન, કૃષ્ણ, નળ જેવાં દૈવી પ્રકૃતિ જણાવતાં પાત્રો માટે છે. પરંતુ એ લીલા પર લાલ રંગથી આકારો–મૂછ વગેરે કર્યા હોય ત્યારે તે પાત્રો ખલનાયક (જેવા કે દુર્યોધન, રાવણ, જરાસંઘ વગેરે રાજસી પ્રકૃતિ ધરાવતી વ્યક્તિઓ) હોય.

વાનર અને હનુમાન માટે દાઢીનો રંગ સફેદ પણ જંગલી માનવીને શિકારી માટે—કિરાત તરીકે શિવ હોય ત્યારે પણ—દાઢી કાળી. પરંતુ દાઢી જ્યારે લાલ હોય ત્યારે વિકરાળ પાત્ર રાક્ષસ, આદિને રજૂ કરે.

આ રંગ-પ્રતીકો નક્કી ગમે તેણે કર્યા હોય, પણ એક વખત નક્કી થઇ ગયા પછી—તે જનમાન્ય બની ગયા પછી તેનો ઉપયોગ એ જ



ગર્નિકા પોતાની માતૃભૂમિ પર યુદ્ધે સર્જેલા વિનાશથી ઉપજેલી મનોવેદનામાંથી સર્જાએલા પિકાસોના આ વિશાળ ચિત્રમાં તેણે વાપરેલા રંગો યુદ્ધ પછીની નિરાશા, વેદના, યાતના અને હાડમારીનાં પ્રતીક તરીકે જ વપરાયા છે.



કલાકાર પિકાસોનું 'બ્લ્યૂ પીરિયડ'નું એક ચિત્ર. આસમાની (બ્લ્યૂ) રંગને સમાજના પીડિત વર્ગના પ્રતીક તરીકે ગણવામાં આવે છે. પિકાસોએ આ ગાળા દરમિયાન કરેલા પીડિત સમાજનાં આલેખનોમાં આ જ રંગનો ઉપયોગ વધારે કર્યો છે.

અર્થમાં કરાતો આવે છે, જેથી તે પ્રતીકો ચીતરનાર અને જોનાર એ બન્નેની વચ્ચે એકબીજાનાં મનના ભાવોને જોડતી સાંકળ બની રહે. આજના યુગમાં આસમાની (બ્લ્યૂ) રગને સમાજના પીડિત વર્ગના પ્રતીક તરીકે ગણવામાં આવે છે, ને ઘેરો બદામી ને તપખીરી (બ્રાઉન) તથા રાખોડી કે મુંજડો (ગ્રે) વગેરે રંગો શોક તેમજ નિરાશાના ભાવ તેમજ લાગણીના પ્રતીક તરીકે આધુનિક ચિત્રોમાં જોવા મળે છે. કલાકાર પિકાસોનાં ૧૯૦૨ થી ૧૯૦૫ના અરસામાં સર્જાએલાં ચિત્રોમાં આસમાની રંગ પ્રધાનપદે રહ્યો છે, અને એનો ઉપયોગ પીડિત સમાજના પ્રતીક તરીકે કરાયો છે. તેના સર્જનનો એ ગાળો 'બ્લ્યૂ પીરિયડ' નામથી ઓળખાય છે. એવી જ રીતે એણે રંગોનો પ્રતીક તરીકે ઉપયોગ એના 'ગર્નિકા'(Guernica એ જગ્યાનું નામ છે જ્યાં પહેલા વિશ્વયુદ્ધને પરિણામે વિનાશ વ્યાપ્યો હતો) નામના ચિત્રમાં કર્યો છે. સમયની રીતે ૧૯૩૭માં ચીતરાએલું, લગભગ ૧૪×૩૧ ફૂટના માપનું આ જંગી ચિત્ર શૈલીની રીતે જોતાં 'બ્લ્યૂ પીરિયડ'થી જુદી જ જાતનું (ક્યૂબિસ્ટિક-ઘનવાદી) ચિત્ર કહી શકાય, પણ એમાં વપરાએલા રંગો —કાળો, રાખોડી, ભૂખરો તેમજ ઝાંખો આસમાની વગેરે યુદ્ધ પછીની નિરાશા, વેદના, યાતના, અને હાડમારીને રજૂ કરવામાં ખૂબ જ કામયાબ નીવડ્યા છે, એમાં પણ એ રંગો પ્રતીક તરીકે વપરાયા છે ને રોજિંદા પદાર્થના સંદર્ભમાં મૂળ જેવા ન હોવાથી વિકૃત સ્વરૂપે રજૂ થયા છે એમ કહી શકાય, પણ આ જાતના વિકૃતીકરણ પાછળ સબળ કારણો રહ્યાં જ હોય છે. તે માત્ર મનના ચેડાં કે ઉન્માદાવસ્થાનું પરિણામ છે એમ માની લેવું એ ઉતાવળિયું પગલું કહેવાય.


છાપકામની તેમજ આર્થિક મર્યાદાઓને લઇને એ ચિત્રો તેમના મૂળ રંગોમાં કે વિવિધ રંગયોજના સાથે છાપવાનું શક્ય નથી, પણ એ પ્રયોગો પરથી એ જોવામાં આવ્યું છે કે એ રંગોમાં ખરેખર એ જાતના જુદાજુદા ભાવો પેદા કરવાની શક્તિ છે.

વિવિધ સમયે પ્રતીકો અને તેના અર્થ પણ બદલાતા હોય છે. આપણે ત્યાં પશ્ચિમ ભારતનાં (રાજપૂત) ચિત્રોમાં પણ રંગોનો પ્રતીક તરીકે ઉપયોગ કરવામાં આવતો. એક જ ચિત્રમાં ઘર પણ દેખાડ્યું હોય અને સાથોસાથ તેની અંદર અને બહાર શું ચાલી રહ્યું છે તે પણ દર્શાવ્યું હોય. એવું જણાવવા માટે ઘરનો માત્ર બહારનો આકાર જ થઇ શકે ને આગળની ભીંત, બારણાં, બારી બધું છોડી દેવું પડે એટલે તે ઘરની અંદરનો દેખાવ છે એવું જણાવવા માટે મનુષ્યાકૃતિઓની પશ્ચાદ્‌ભૂ તરીકે લાલ રંગ વપરાતો. વળી, એક જ ચિત્રમાં રાધા અને કૃષ્ણ બંને હોય અને એવું સૂચવવાનું હોય કે તેઓ એકબીજાંથી ઘણા યોજન દૂર છે તો ખરેખર એ અંતર દેખાડવાનું ચિત્રમાં શક્ય નથી; તેથી રાધા અને કૃષ્ણ બનેની પાછળ જુદાંજુદાં સ્થળોના પ્રતીક તરીકે ઝાડપાન અને પશ્ચાદ્‌ભૂનો રંગ જુદો કરે એટલે જે કહેવાનું હતું તે થઈ ગયું. જુઓ 'કુમાર' અંક ૩૦૭નું મુખચિત્ર 'કૃષ્ણ-રાધા'. ચિત્રમાં પછી ભલે તે બે વચ્ચે પોતાના શરીરની ઊંચાઈ જેટલું અંતર પણ ન હોય, છતાં આપણે માનવું પડે જ કે તેઓ એકબીજાંથી ઘણાં દૂર છે, ને એકબીજાંને જોઇ ન શકવાના કારણે વિરહમાં ઝૂરે છે. આવું માનવું ન હોય તો કોઇ પરાણે, આગ્રહ કરીને મનાવી શકે નહિ, પણ ચિત્રકાર પોતે એ પ્રતીકોનો, રંગનો જે રીતે ઉપયોગ કરે છે તેને આપણે તે રીતે જોઇએ તો જ તેનો આનંદ લઈ શકીએ, રસાનુભવ કરી શકીએ. રંગભૂમિ પર નટને મનમાં કંઇક વિચાર કરતો દેખાડવા માટે સ્વગત બોલવાનું હોય છે. તે સમયે તે એટલા મોટા અવાજે બોલે છે કે છેલ્લી હરોળમાં બેઠેલો પ્રેક્ષક પણ સાંભળી શકે, છતાં એ વખતે તે પોતે જરા દૂર જઈને અથવા તેની બાજુમાં જ થોડે દૂર ઊભેલું પાત્ર (નટ) જરા દૂર જઈને એવી રીતે વર્તે છે—અભિનય કરે છે કે પેલી બીજી વ્યક્તિને જાણે કશું સંભળાતું જ ન હોય! અને એ બધું વાસ્તવિક રીતે—ભૌતિક રીતે શક્ય ન હોવા છતાં આપણે પણ તેમ જ માનવું પડે છે કે આપણે જે અવાજ સાંભળીએ છીએ તે પહેલા નટના વિચાર માત્ર જ છે, અને તેની બાજુમાં રહેલો બીજો નટ તેનાથી અજ્ઞાત છે.

વિવિધ સ્થળ અને જુદીજુદી લાગણીઓ (સુખ, દુઃખ વગેરે)નાં પ્રતીક તરીકે જેમ રંગ વપરાય છે, તેમ સમય માટે પણ વપરાય છે. આકાશ તદ્દન કાળું કર્યું હોય એટલે આપણે સમજીએ કે એ ચિત્રમાંનો પ્રસંગ રાત્રે બની રહ્યો છે. પણ પછી એવી ઘનઘોર રાતનું બધું જ વાતાવરણ અંધકારઘેર્યું ચીતરવાનું આપણા દેશના ચિત્રકારોને દરેક વખતે જરૂરી નહોતું લાગ્યું. માણસ, તેનાં કપડાંલત્તાં, ઝાડપાન, ફળફૂલ, રસ્તો વગેરે બધું જ ધોળે દા'ડે દેખાય એવું જ એણે ચીતર્યું ને રંગ્યું હોય; કારણ કે રાત છે એ તો કાળા રંગે કહી જ દીધેલું છે, તો




ચિત્ર નં. ૧ ચંદ્ર



ચિત્ર નં. ૨ સૂર્ય



← ચિત્ર નં ૩



← ચિત્ર નં. ૪ ને નં. ૫ →



ક ખ ગ

ચિત્ર નં. ૬
નં. ૪ અને ૫ અંને
પિકાસોની કૃતિ

પછી અંધારામાં કશું જ ન દેખાય એટલે કશું ચીતરવું પણ નહિ એવો આગ્રહ રાખવાની જરૂર ખરી? કોઇ ચિત્રમાં વળી માત્ર નાનું કોડિયું બળતું દેખાડયું હોય, કારણ કે તે પણ સમય (રાત્રિ) દેખાડવામાં મદદરૂપ થાય છે; પણ પછી તે કોડિયાના પ્રકાશમાં તેની ચારે તરફની વસ્તુઓ અને માનવો કેવાં દેખાય તે દેખાડવાનો પ્રયત્ન તેઓએ કર્યો નથી. (એ જાતની પ્રકાશયોજનાવાળાં, પ્રમાણમાં વાસ્તવદર્શી કહી શકાય એવાં ભારતીય ચિત્રોના પણ થોડા નમૂના મળ્યા છે ખરા.) આને લીધે જોનારને કોઇ વાર મૂંઝવણ થાય છે—તો કોઈ વાર શંકા થાય છે–કે આ બધું ચિત્રકારની અણઆવડત કે અજ્ઞાનનું પરિણામ હશે! પણ એની પાછળ શો હેતુ રહેલો છે તે જાણ્યા–સમજ્યા પછી એવાં ચિત્રો કે એવી બીજી કળાકૃતિઓ જોતી વખતે વધારે આનંદ માણી શકાશે. પછી તો એ ચિત્રો જે સીધાંસાદાં પ્રસંગચિત્રો (ઈલસ્ટ્રેશન્સ) જેવાં લાગતાં હતાં તેમાં કવિતા જણાવા લાગશે. હા! શરૂઆતમાં એ કવિતા ઉકેલવા પ્રયત્ન જરૂર કરવો પડશે.

સમયની વાત ચાલે છે એટલે એ દર્શાવવા માટેનાં બીજાં પ્રતીકો પણ જોઈ લઇએ. રાત્રી દેખાડવા ચંદ્ર (પૂર્ણ કે બીજનો બાલચંદ્ર), ઘૂવડ, દીપક વગેરે વપરાયાં છે તેમજ દિવસની શરૂઆત માટે કૂકડો–તે પણ ઊંચી જગ્યાએ બેસી બાંગ પુકારતો—અને દિવસ માટે સૂરજ વગેરે. વળી જુદીજુદી ઋતુઓ દર્શાવવા પ્રતીક તરીકે મયૂર–મયૂરી, વાદળાં ને ચમકતી વીજળી (અષાઢ–ચોમાસા માટે), બળતી સગડી (ટાઢે ઠારતા શિયાળા માટે) ને વીંઝણો, બગીચો, ફુવારો, અગાશી વગેરે (ગ્રીષ્મ માટે) વપરાયાં છે. જોકે આ તો તદ્દન સહેલું ને સમજી શકાય એવું છે, છતાં આ વસ્તુઓનો જ્યારે પ્રતીક તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હોય ત્યારે, તે સ્પષ્ટ દેખાય તેવી રીતે રજૂ કરવા માટે, બીજી વસ્તુઓ સાથેના તેના પ્રમાણસંબંધમાં ફેરફાર પણ કરવો પડે–કર્યો હોય છે. તેવું જ રંગની બાબતમાં પણ. ગોવર્ધનગિરિધારી કૃષ્ણના ચિત્રમાં પર્વતને મોટો દેખાડવો પણ શકય નથી, તેમજ ચીતરેલા પર્વતના પ્રમાણમાં કૃષ્ણ જેટલા નાના દેખાવા જોઇએ તેવડા ચીતરવાનું પણ શકય હોતું નથી; તો પછી એને આલેખવાં કેમ?

પરંતુ એ માત્ર ચિત્રો જ છે,–મૂળ વસ્તુ કેવી હતી તેનો આબેહૂબ અહેવાલ રજૂ કરતા ફોટોગ્રાફ (કે તેવા હેતુવાળાં ચિત્રો પણ) નથી; એટલે એવા પ્રમાણસંબંધના ભોગે, તેને વિકૃત કરીને પણ ચિત્રો કરવામાં આવતાં–આવે છે. એ ચિત્રો માત્ર ચિત્ર તરીકે જોતાં સુંદર દેખાય તે માટેનો બધો પ્રયત્ન તો તેના ચિત્રકારો કરે જ છે, પણ તે ઉપરાંત કોઈ વાર તેનો હેતુ મૂળ પ્રસંગની યાદ અપાવવાનો પણ છે. તે પ્રસંગનું વિગતવાર વર્ણન તો આપણે વાંચ્યું કે સાંભળ્યું જ હોય ('ગોવર્ધનગિરિધારી'ની જ વાત ચાલે છે) તેથી એ પર્વત કેવડો હતો, ઇન્દ્રરાજાનો કોપ કેવો હતો તે બધું આપણે જાણતા હોવાથી એ ચિત્ર જોતી વખતે તે બધું ફરીથી યાદ આવે છે. ગોવર્ધન પર્વત મોટો હતો એમ જણાવવા, તેના પ્રતીક તરીકે તેમાં જંગલ, વિકરાળ પશુઓ, તપશ્ચર્યા કરતા ઋષિમુનિઓ પણ જણાવ્યાં હોય; પરંતુ તેમાં યે પ્રમાણની 'ગરબડ' તો ખરી જ! કેમકે જોનાર સહેલાઇથી જોઈ શકે અને જોયા પછી ઓળખી–સમજી શકે એટલી વિગત સમાઇ જાય એટલા મોટા તો એ આકારો (પશુ, પક્ષી, ઝાડ વગેરે) હોય જ છે. તેમ છતાં ચિત્રકાર આખા ચિત્રના પ્રમાણમાં ગોવર્ધન કેવડો કરવો, અને તેને કયાં ગોઠવવાથી સારો દેખાય, તેનું ધ્યાન જરૂર રાખે છે; તેમજ તે







← ચિત્ર ન. ૮ ↑ ચિત્ર નં. ૯ ઈથીઓપિયાની કળા

← ચિત્ર નં. ૭. જૈન ધર્મકથાના બે પ્રસંગોને અહીં એક જ ચિત્રમાં સાંકળી લીધા છે.

પરંતુ આજે એ સામાન્ય આકારો—પ્રતીકો થઇ ગયા છે. આવો સૂર્ય જોતી વખતે તે કોઇ ઘડ વિનાનું માણસનું મોઢું છે ને તેનાં લટિયાં-ઝટિયાં વિખેરાઈ ગયાં છે એવો ખયાલ કંઈ નથી આવતો.

ચિત્ર ૩—નાનાં જૈન પોથીચિત્રો (મીનીએચર)માં જોવા મળતાં વૃક્ષોમાંથી ત્રણ અહીં રજૂ કર્યાં છે. ચિત્રોમાં આ રીતે ઝાડ દેખાડવા પાછળ સારી, નયનરંજક રચના (ડિઝાઈન)નો હેતુ તો હોય જ છે; પરંતુ સાથોસાથ એ વૃક્ષો વન, ઉપવન કે ઉદ્યાનના પ્રતીક તરીકે પણ વપરાયાં હોય છે. વળી, એ કયાં ઝાડ છે એ દેખાડવાનો પ્રયત્ન તેના ચિત્રકારે એમાં કર્યો નથી; પરંતુ ડાળીઓ, પાંદડાં અને ફૂલો ચીતર્યાં છે તે ઝાડને રજૂ કરતા પ્રતીક તરીકે કામ કરી જાય છે. જમણી બાજુ બેસાડેલો પોપટ ઝાડ સાથે સરખાવીએ તો ઘણો જ મોટો લાગે, પણ અહીં તે પક્ષી પણ ઝાડને ઝાડ તરીકે દેખાડતાં પ્રતીકોમાંનું એક બની રહે છે. આ જ રીતનાં પક્ષી અને પાંદડાં ઝાડને રજૂ કરતાં પ્રતીકો તરીકે આધુનિક ચિત્રકારોની કળાકૃતિઓમાં પણ જોવા મળે છે. (જુઓ આ લેખના મથાળામાં આપેલું સર્વેઈજનું ચિત્ર 'લૅન્ડસ્કેઈપ.)


ચિત્ર ૪-૫—પિકાસોનાં ચિત્રોમાંથી બે વૃક્ષો: એમાં પહેલી ખજૂરી છે. બીજું વૃક્ષ તેના 'શાન્તિ' નામના પ્રતીક ચિત્રમાંથી છે.

ચિત્ર ૬ જૈન ધર્મકથાઓમાં જણાવ્યું છે કે '...શ્રમણ ભગવાન મહાવીર દેવલોકમાંથી ચ્યવીને દેવનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં ગર્ભ તરીકે આવ્યા. ...તે રાત્રીએ દેવનંદાએ ચૌદ મહાસ્વપ્ન જોયાં' એ ચૌદ સ્વપ્નોનાં ઘણાં આલેખનો જૈન ચિત્રોમાં મળી આવે છે, તેમાંથી ત્રણ અહીં રજૂ કર્યાં છે. સ્વપ્નમાં જોએલી વસ્તુઓ તો બીજી વસ્તુઓ કે ભાવોની પ્રતીક હતી જ, પણ તે ઉપરાંત આ ચિત્રોમાં તે સ્વપ્નની વસ્તુઓ રજૂ કરવા માટે વપરાએલી આકૃતિઓ પણ પ્રતીક જ છે.


તે સ્વપ્નોનું વર્ણન આ પ્રમાણે મળે છે: "પદ્મસરોવર (ચિત્ર-માં 'ક'): દસમા સ્વપ્નને વિષે તેણે પદ્મસરોવર જોયું. આખું સરોવર જુદી જુદી જાતનાં વિવિધરંગી કમળોથી તથા જળચર પ્રાણીઓથી સંપૂર્ણ ભરેલું હતુ. ...સરોવર નિર્મળતાનું દ્યોતક છે."

"ક્ષીરસમુદ્ર (ચિત્રમાં 'ખ'): અગિયારમા સ્વપ્નને વિષે તેણે ક્ષીરસમુદ્ર જોયો. એ સમુદ્રના મધ્યભાગની ઉજ્જ્વલતા ચંદ્રનાં કિરણ





←ચિત્ર નં. ૧૦ 'ગુડ શેફર્ડ.' ઉપર: નં. ૧૧. ઈશુનું એક પ્રતીક ને નીચે નં. ૧૨ પિકાસોએ યોજેલું એક પ્રતીક-વહાણ.



પર્વતમાં—તેના આકારમાં—ઝાડ, પશુ વગેરે કેવડાં અને કયાં ચીતરવાં તેનો પણ ('ડિઝાઈન' તરીકે) તે સારી રીતે ખયાલ રાખે છે. ઉપર્યુક્ત વિચારોને વધુ સમજવા હવે આપણે કેટલાંક ઉદાહરણો જોઈએ.

ચિત્રપરિચય

ચિત્ર ૧ અને ૨માં ચંદ્ર ને સૂર્ય ચીતરેલા છે. એમાં તેનો બહારનો ગોળાકાર તો તેમના મૂળ આકાર સાથે (પૃથ્વી પરથી, દૂરદર્શકયંત્રની મદદ વિના જે દેખાય છે તેવા આકાર સાથે) સંબંધ ધરાવે જ છે; ઉપરાંત ચંદ્રમાં બીજનો આકાર પણ છે. પણ ચંદ્રની અંદર મૂકેલું હરણ કે સૂરજને આપેલું માણસ જેવું મોઢું, મૂછો વગેરે તો કલ્પના જ છે.





બેઠેલી સ્ત્રી (ચિત્ર નં. ૧૩) પિકાસોના એક ચિત્રનું આ રેખાંકન છે. તેમાંનાં અંગ-ઉપાંગો એ સ્ત્રીનાં પ્રતીક જ છે. બાજુમાં અનુક્રમે ચિત્ર નં. ૧૪ અને ચિત્ર નં. ૧૫














અનુક્રમે ચિત્ર નં. ૧૭, ૧૮ તથા જમણી બાજુ ઉપરનીચે ચિત્ર નં. ૧૯ અને ૨૦. સર્વ ચિત્રોની વિગતો 'ચિત્રપરિચય'માં આપેલી છે.


સાથે સરખાવી શકાય. ચારે દિશામાં તેનો અગાધ જળપ્રવાહ વિસ્તરી રહ્યો હતો."

"દેવવિમાન (ચિત્રમાં 'ગ') : બારમું સ્વપ્ન—જેના ૧૦૦૮ થાંભલા હતા, તેમાં દિવ્ય પુષ્પની માળાઓ લટકતી હતી, તેની ઉપર વરુ, વૃષભ, ઘોડા, મનુષ્ય, પંખી, હાથી, અશોકલતા, પદ્મલતા વગેરેનાં મનોહર ચિત્રો આલેખેલાં હતાં, તેની અંદરથી મધુર સ્વરે ગવાતાં ગાયનો ને વાજિંત્રોના નાદથી વાતાવરણમાં સર્વત્ર સંપૂર્ણતા પથરાઇ જતી હતી."

હવે આટલું બધું ચિત્રકાર બિચારો નાની એવી જગ્યામાં કેમ સમાવે? (લખવામાં પણ કેટલી બધી જગ્યા રોકાઈ ગઈ છે!) એટલે એણે તો ગોળ આકારને સરોવરના પ્રતીક તરીકે તેમજ અંદર એક જ કમળ પદ્મસરોવર રજૂ કરતા પ્રતીક તરીકે ચીતર્યું. અહીં તેનો હેતુ જૈન ધર્મના અનુયાયીઓને તે ચૌદ મહાસ્વપ્નોની યાદ માત્ર આપવાનો છે અને તે તો સફળ થાય જ છે.

ચિત્ર ૭—આમાં ઉપર અને નીચે બે ભાગ પાડવામાં આવ્યા છે. ઉપરના ભાગમાં સમુદ્ર છે (માછલી સમુદ્રના પ્રતીક તરીકે છે), તેમાં વહાણ છે. (સઢ, ફરકતી ધજા, દોરડાં એ વહાણને રજૂ કરતાં પ્રતીક છે.) તેમાં એક સ્ત્રી સૂતેલી છે. આટલું વાંચી ગયા પછી હવે એવા પ્રશ્નો તો નહિ જ થાય કે સમુદ્રમાં તરતું વહાણ પૂરેપૂરું દેખાય ખરું? અને વહાણની ચારે બાજુ આકાશમાં તે વળી માછલી હોય ખરી? ને આખા વહાણને આવરી લેતી સ્ત્રી તે વળી કેવી? આ પણ જૈનધર્મની કથા રજૂ કરતું ચિત્ર છે. આખી વાત નીચે પ્રમાણે છે: "...તે પંથે ચાલતાં પાલિતની સ્ત્રીએ સમુદ્રમાં જ પુત્રને જન્મ આપ્યો. તે બાળક સમુદ્રમાં જ જન્મેલો હોવાથી તેનું નામ સમુદ્રપાલ રાખવામાં આવ્યું. તે અનુક્રમે યુવાવસ્થાને પ્રાપ્ત થયો... એક ચોરને તેણે જોયો. (તે ચોરને જોઇને) તે જ વખતે ઊંડા ચિંતનના પરિણામે તે જાતિસ્મરણ-જ્ઞાન પામ્યો ને તેના અંતઃકરણમાં પરમ સંવેદ જાગ્યો. સાચા વૈરાગ્યના પ્રભાવે માતપિતાનાં અંતઃકરણ સંતુષ્ટ કરી આખરે તેમની આજ્ઞા લઈ પ્રવ્રજ્યા સ્વીકારી ને તે સંયમી બન્યો." ચિત્રમાં ઉપર વહાણમાં પાલિતની સ્ત્રી—સમુદ્રપાલની માતા સૂતેલી ચીતરીને





←ચિત્ર નં. ૧૬ પટ્ટડકલના એક શિલ્પ 'મારીચનો વધ'નું રેખાંકન. જમણી બાજુ ચિત્ર નં. ૨૨. (ચિત્ર નં. ૨૧ માટે જુઓ 'કુમાર' અંક ૪૩૨માંની જાહેર ખબર—'વિકાસનો પ્રકાશ'.)

સમુદ્રપાલના જન્મનો પ્રસંગ સૂચવ્યો છે; ને તેને અનુસંધાને, નીચે, મસ્તકના વાળનો લોચ કરીને શ્રમણપણું અંગીકાર કર્યાનો પ્રસંગ તેની પાસે ઊભેલ એક સાધુની આકૃતિ ચીતરીને દર્શાવેલો છે. (લખાણ તથા ચિત્રો જૈન ચિત્રકલ્પદ્રુમ પરથી લીધાં છે.)

ચિત્ર ૮-૯-ઈથીઓપિયા દેશની, ઐતિહાસિક પ્રસંગો આલેખતી એક ચિત્રમાળામાંથી આ બંને ચિત્રો લીધાં છે. ઓગણીસમી સદીમાં ચીતરાએલાં આ ચિત્રો ચૌદમી સદીની, બાઇબલની પશ્ચાદ્ભૂવાળી કથાઓ આલેખે છે. પહેલા ચિત્ર (૮)માં વહાણમાં બેસીને બે વ્યક્તિઓ જાય છે એમ જણાવ્યું છે. વહાણ ચિત્ર નં. ૭માં જોયા પ્રમાણે જ—પૂરું તળિયું દેખાડતું છે, તેમજ અંદર બેસાડેલા માણસો પણ એટલા મોટા છે કે તેમનો નીચેનો અર્ધો ભાગ એ વહાણમાં કેમ સમાઈ શકે એ સમજાય એવું નથી. પણ અહીં માત્ર વહાણમાં બેસીને અમુક વ્યક્તિ નાઈલ નદીમાં થઇને ઈથીઓપિયા પહોંચી એવો એક પ્રસંગ આલેખવાનો જ પ્રયત્ન છે-તેમાં, બેઠેલી વ્યક્તિ બહાર કેવી ને કેટલી દેખાય તે બરાબર સ્પષ્ટ રીતે ચીતર્યું છે. વહાણ તેમની યાત્રાના સાધન ઉપરાંત હિજરતનું પ્રતીક પણ છે; વળી એ મોટું વહાણ છે અને હોડી નહીં એવું જણાવતો સઢ પણ ચીતર્યો છે. ને નદી એ નાઈલ છે તથા પાછળની જગ્યા જમીન છે ને ઇજિપ્તની ભૂમિ છે એની ખાતરી કરાવવા માટે બે પિરામિડ પણ છે જ. એ ચિત્રમાળાનાં બીજાં ચિત્રોમાં એ જ માપના વહાણમાં માણસોનું ટોળું પણ ચીતરેલું છે, જેમાં આગળ નાનાં મોઢાં ને ખભા દેખાય; પછી પાછળ તો બધાનાં માત્ર મોઢાં જ મોઢાં.

એની સાથેનું ચિત્ર (૯) બે મોઢાંવાળા અને પગને બદલે મોઢું હોય એવા કોઈ માણસનું ચિત્ર નથી, પણ એક જ સમયે બે જગ્યાએ શું ચાલી રહ્યું છે તે જણાવે છે; ને એટલા માટે ડાબા-જમણા ચિત્રોને નોખાં કરી દેતો પડદો વચ્ચે નાખ્યો છે. એ જ ચિત્રમાળામાં ત્યાર પછી આવતા ચિત્રમાં, આ ચિત્ર (૯)માં ડાબી બાજુ સૂતેલી વ્યક્તિ જમણી બાજુ નીચે સૂતેલી વ્યક્તિનું સ્થાન લઈ લે છે અને જમણી બાજુની વ્યક્તિ નીચે સૂઈ જાય છે એમ દર્શાવ્યું છે, ત્યારે વચ્ચેનો પડદો ખસેડી લેવામાં આવ્યો છે.

ચિત્ર ૧૦માં એક જુવાન (દાઢી મૂછ વિનાનો) ખભા પર બકરી લઇને ઊભેલો ચીતર્યો છે તે 'ગુડ શેફર્ડ'—ભગવાન ઈશુનું પ્રતીક છે. શરૂઆતની ખ્રિસ્તી કળાઓમાં ઈશુ ભગવાનને અત્યારે જે રીતે ચીતરાએલા જોઇએ છીએ તે રીતે નહોતા ચીતરતા. આપણે ત્યાં પણ શરૂઆતમાં બૌદ્ધ કળામાં ભગવાન બુદ્ધની રજૂઆત પીપળો, ધર્મચક્ર વગેરે પ્રતીકો દ્વારા જ થતી હતી. બાઈબલની વાતોમાં કોઈ ગોવાળની વાત આવે છે, જેણે બકરાંઓને બચાવેલાં. ઈશુએ પણ એવી ઘેટાંબકરાં જેવી જિંદગી જીવતાં માણસોને ઉગારી લીધેલાં-અંધારા ખાડામાંથી બહાર કાઢેલાં એવી સરખામણીમાંથી આ પ્રતીકનો ઉદ્ભવ થયો હશે.

ચિત્ર ૧૧ પણ એ જ ખ્રિસ્તી કળાનો નમૂનો છે. અહીં પણ આ અગાઉ જોઈ ગયા છીએ તેમ, વહાણ રજૂ કરવા સઢ અને થાંભલાનો ઉપયોગ થયો છે; ને વહાણ પાણીમાં હોય એટલે પાણી દેખાડતી બે માછલી પણ રમતી મૂકી દીધી છે. આ બધાં પ્રતીકોથી વહાણ છે એમ તો નક્કી થયું, પણ અહીં તો આ વહાણ ઇશુના પ્રતીક તરીકે યોજાયું છે, તે પડખે મૂકેલા ક્રૉસથી સમજાશે. આપણે ત્યાં જેમ ભવસાગરને પાર ઉતારનાર ભગવાનની ભાવના છે એવી જ કોઇ ભાવના સાથે આને સંબંધ હોવો જોઇએ એમ લાગે છે.

ચિત્ર ૧૨ અહીં પણ વા'ણની જ કા'ણ (કહાણી) છે. પિકાસોના એક ચિત્રમાંથી લીધેલી આ આકૃતિમાં સઢ, કૂવાથંભ બધું જ આ પહેલાં જોઈ ગયા એમ જ છે. પણ એ ચિત્રમાં સમુદ્રતટ દેખાડવા માટે, પશ્ચાદ્ભૂમાં જે જગ્યા દેખાડેલી તે ધૂમ્રવતો મે'રામણ છે એવું દેખાડવા, તેના પ્રતીક તરીકે આ વહાણ ત્યાં ચીતરેલું છે.

આપણે મૂળ વાત તો વિકૃતીકરણની કરતા હતા. અહીં વહાણ, પોતે કેવું દેખાય-તે કોટિયો છે કે બગલો, એ દેખાડવાનો પ્રયત્ન કે હેતુ નથી પણ હેતુ વહાણના દ્વારા બીજી કોઈ વસ્તુ-સમુદ્ર, પાણી, હિજરત વગેરે દેખાડવાનો છે. અને તેને લીધે વિકૃત વહાણ, તેનો બીજી વસ્તુઓ સાથેનો વિકૃત પ્રમાણસંબંધ તેમજ તેમાં વિગતોની અપૂર્ણતા વગેરે જોવા મળે છે.

ચિત્ર ૧૩-પિકાસોના 'બેઠેલી સ્ત્રી' નામના ચિત્ર પરથી કરેલું આ રેખાંકન છે. વસ્તુતઃ તો આને પ્રતીકાત્મક (સિમ્બૉલિક) ચિત્ર તરીકે ગણવામાં નથી આવતું; પણ એમાં દેખાતાં અંગ-ઉપાંગો માત્ર સ્ત્રીને રજૂ કરવાના પ્રતીક તરીકે વાપર્યાં છે એમ માનીને જોવાથી, પિકાસોએ શા માટે એ ચિત્રને 'બેઠેલી સ્ત્રી' કહી હશે તે સમજાય છે.

ચિત્ર ૧૪ આ લેખક (જ્યોતિ ભટ્ટ)ના 'પતંગ' (૧૯૫૨) નામના ચિત્ર પરથી કરેલા આ રેખાંકનમાં પણ પ્રતીકોનો ઉપયોગ થયો છે. પુનરાવર્તનનો ભય હોવા છતાં યાદ કરાવી લઉં કે આમાં, અગાઉના 'કુમાર'ના અંકોમાં (નં. ૪૩૨ તથા ૪૩૩માં) નિરૂપાઈ ગએલાં વિકૃતીકરણનાં કારણો-વસ્તુની ખાસિયત આદિ-વધારે સ્પષ્ટ દેખાય તેવી રીતે રજૂ કરવાનો હેતુ છે; તેમજ એક કરતાં વધારે દૃષ્ટિકોણથી દેખાતા આકારો એકીસાથે—એક વસ્તુ તરીકે પણ રજૂ થયા છે. આવું બધું આ સાથે રજૂ થએલા દરેક ચિત્રમાં ઓછા-વત્તા અંશે, જોવા મળે જ છે.

ચિત્ર ૧૫—શ્રી યામિની રાયના 'સીતાનો અગ્નિપ્રવેશ' નામના ચિત્રના એક ભાગ પરથી કરેલું રેખાંકન છે. આમાં આ પહેલાં જોયું (તરતું વહાણ આખું-પૂરું દેખાડ્યું હોય છે) તેમ અગ્નિમાં પણ સીતાને જરા પણ ઢંકાયા-કપાયા વિના ચીતરી છે. અગ્નિની જ્વાળાઓ આ આકારની હોય કે ન હોય, છતાં એ ચિત્રમાં તો તે અગ્નિની જ્વાળાઓ જ છે એવું લાગે છે, કારણ કે તેમાં આગના ભડકા જેવો બળતો લાલ રંગ (પ્રતીક જ થયો કહેવાય) પૂર્યો છે.

સત્યયુગમાં (સીતાના યુગમાં) સ્ત્રીઓ આ રીતે સાડી પહેરતી હતી કે નહિ, માથે ઓઢવાનો રિવાજ હતો કે નહિ તે કહેવાનો પ્રયત્ન અહીં કળાકારે નથી કર્યો. અહીં તો કળાકારે જે યુગમાં પોતે જીવી રહ્યો છે તે યુગની અસરથી પરિણમેલાં પ્રતીકોનો જ ઉપયોગ કર્યો છે. સાડી તો માત્ર એ ચીતરેલી આકૃતિ સ્ત્રીની જ છે એમ જણાવે એટલું જ. અને માથે ઓઢાડ્યું છે તે સીતાનાં શીલ, વિનય, વિવેક અને લાજમર્યાદા દર્શાવે છે, જે આજના જોનાર વર્ગ માટે આ (ઢાંકેલા માથાના) પ્રતીકથી સમજવું આસાન થઈ પડે છે. મૂળ ચિત્રમાં અગ્નિની ચારેબાજુ રામ-લક્ષ્મણ અને ઋષિમુનિઓ ચીતર્યા છે.

ચિત્ર ૧૬—દક્ષિણ ભારતમાં આવેલા પટ્ટડકલના મંદિરમાંથી કરેલું આ રેખાંકન રામ અને મારીચ(સુવર્ણમૃગ)નો પ્રસંગ રજૂ કરે છે.

ચિત્ર ૧૭—સત્તરમી સદીના રાજસ્થાની શૈલીના આ ચિત્રમાં (મૂળ પ્રસંગ પ્રમાણે) પોપટ નાયિકાને ધમકી આપે છે કે જો તેને સારું ખાવાનું નહિ આપવામાં આવે તો તે નાયિકાના છૂપા પ્રણયપ્રસંગો જાહેર કરી દેશે! આમાં પોપટ અને નાયિકા એ બે અગત્યનાં પાત્રો છે તેથી ઘરના ઓરડાની અંદરની બીજી બધી જ વસ્તુઓ ચીતરવાની છોડી દીધી છે અને પશ્ચાદ્ભૂ લાલ રંગી છે. એ જ ઘરનો બહારનો અને ઉપરનો ભાગ પૂરો, વિગત સાથે ચીતર્યો છે. ઘરની પશ્ચાદ્ભૂ તદ્દન કાળી કરી છે. તે બહારનો કાળો અને અંદરનો લાલ રંગ એમ જણાવે છે કે આ પ્રસંગનો સમય રાત્રીનો છે. છતાં મકાનનો રંગ તદ્દન સફેદ અને ફૂલ-પાંદડાંના રંગ પણ દિવસે જણાય તેવા જ સ્પષ્ટ— (અનુ૦ પૃ. ૭૦)

આહાર અને આરોગ્ય • લેખાંક ૨

આહારની અગત્ય



લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

સૃષ્ટિના બંધારણમાં સમાએલાં તત્ત્વોમાંથી બંધાએલા આપણા શરીરમાં નિરંતર રાસાયણિક ક્રિયાઓ ચાલુ રહે છે. પરિણામે દરેક ક્ષણે શક્તિ(energy)નો વ્યય થાય છે. કોઈ શારીરિક કામ કે હલનચલન વખતે શક્તિનો વ્યય સ્પષ્ટ દેખાય છે, પણ આરામમાં બેઠા હોઇએ ત્યારે પણ શરીરની અંદર ઘણા પ્રકારની માંસલ (muscular) ક્રિયાઓ ચાલુ થતી રહે છે. આ જીવન પર્યંત ચાલુ રહે છે. બીજી રીતે કહીએ તો આ ક્રિયાઓને લીધે જ આપણું જીવન છે. લોહીને શરીરમાં ફરતું રાખવા ધબકતું હૃદય એ હૃદયની માંસપેશીઓની ક્રિયા છે. શ્વાસોચ્છ્વાસની ક્રિયા થવામાં ફેફસાં વારાફરતી સંકોચવા અને વિસ્તારવા માટે છાતીની અને ઉદરપટની માંસપેશીઓ કાર્યરત રહે છે. થૂંક, પસીના અને પેશાબના સ્રાવ તથા રાસાયણિક પરિવર્તનો માટે નિરંતર રાસાયણિક ક્રિયાઓ ચાલુ રહે છે, વળી શરીરની બધી માંસપેશીઓ સુદૃઢ રહેવા માટે મોટા પ્રમાણમાં કામ થાય છે.

શરીરમાં આ અને બીજાં આંતરિક કામો સતત ચાલુ રહેવાથી શક્તિનો વ્યય સદા થયા કરે છે. હા, આપણે આહારમાં કે કામમાં હોઇએ તે ઉપર વ્યયના પ્રમાણનો આધાર રહે છે.

ઉપર વાપરેલા શક્તિ શબ્દનો અર્થ તાકાત કે બળ નથી. વિજ્ઞાનીના મનમાં તો તે વિશ્વવ્યાપી વસ્તુત્વ કે સત્ય (reality) છે. જો આ શક્તિ સર્વવ્યાપી છે તો તે બહુરૂપિણી હોવી જોઇએ અને તે છે જ. ઘડીમાં તે વિદ્યુત્ રૂપે તો ઘડીમાં પ્રકાશ રૂપે દેખાય છે. પાણીના ધોધ અને ભરતીમા તે ચલનશક્તિના રૂપમાં દેખાય છે. રાસાયણિક શક્તિ અને ગરમીના રૂપમાં પણ તે દેખાય છે. માંસલ અને યાંત્રિક કામમાં પણ તે દેખાય છે. આમ શક્તિ અનેક રૂપમાં દેખાય છે. એટલે એમ કહેવાય કે એનાં રૂપો આંતરપરિવર્તનીય છે. યોગ્ય યંત્રોની મદદથી જલધોધની શક્તિ વિદ્યુત્શક્તિના રૂપમાં ક્યાં નથી ફેરવાતી? એકથી બીજા રૂપમાં-રાસાયણિકમાંથી યાંત્રિક, યાંત્રિકમાંથી વિદ્યુત્કીય, વિદ્યુત્કીયમાંથી ગરમી, રાસાયણિકમાંથી વિદ્યુત્કીય અને આમ શક્તિનું સતત રૂપાંતર થયા કરે છે. આ બધાં રૂપો એક પૂર્વભૂત શક્તિમાંથી આવે છે.

સૃષ્ટિસૌંદર્યના આદિસ્રોતરૂપ સૂર્ય સર્વ શક્તિના મૂળમાં સમાએલો છે. પ્રકાશ, ગરમી અને બીજા બીજચુંબકીય તરંગોના રૂપમાં સૂર્યની શક્તિ અનંત વરસો થયાં પૃથ્વી પર આવે છે અને અનંત વરસો પર્યંત આવશે. આ શક્તિનો થોડો અંશ પૃથ્વી ઝીલે છે અને આ અંશના થોડા ભાગના વપરાશ ઉપર સમસ્ત પ્રાણીસૃષ્ટિનું જીવન ટકે છે. વૃક્ષોનાં લીલાં પાંદડાંમાં સૂર્યની શક્તિથી પ્રકાશસંશ્લેષણની ક્રિયા થાય છે, જેમાં અંગારવાયુ અને પાણી જેવાં સાદાં અચેતન દ્રવ્યોમાંથી શર્કરા અને સ્ટાર્ચનાં સેન્દ્રિય દ્રવ્યોનો સમન્વય થાય છે. શર્કરા, સ્ટાર્ચો, અપરોક્ષ રીતે ચરબી અને આહારનાં બીજાં સેન્દ્રિય મિશ્રણોમાં પ્રકાશની થોડીઘણી શક્તિ સંઘરાએલી હોય છે. વનસ્પતિસૃષ્ટિ સૂર્યની શક્તિને ધાન અને કંદમાં સંઘરે છે, જે માનવસહિતનાં સર્વે પ્રાણીઓના આહારરૂપ થવાથી જીવન ટકાવવાનું સાધન થઈ પડે છે. વળી વૃક્ષોએ સંઘરેલી સૂર્યની શક્તિ અનેકાનેક વરસો બાદ કોલસાના રૂપમાં મળે છે ને તે પણ શક્તિ મેળવવાનું એક સાધન થઈ પડે છે.

આપણે વિચારની ક્ષુલ્લક ક્રિયા કરીએ તેમાં પણ શક્તિનો વ્યય થાય છે. આ શક્તિ આપણને ખોરાકમાંથી મળે છે. આ ખોરાક જોકે વનસ્પતિસૃષ્ટિમાંથી પ્રાપ્ત થાય છે પણ મૂળમાં તો છોડવાઓએ તેને સૂર્યની શક્તિમાંથી પ્રાપ્ત કરી જીવન ટકે એવા રૂપમાં બનાવેલો હોય છે. આમ, એકથી બીજાં ઘણાં રૂપોમાં ફેરવાતી શક્તિ સર્વવ્યાપી છે. તે અવિનાશી છે અને જીવન માટે આવશ્યક છે. આ શક્તિથી આપણે જીવીએ છીએ, હલનચલનની ક્રિયાઓ કરીએ છીએ, ને પ્રજનનક્રિયા થાય છે. આ શક્તિપ્રાપ્તિનું આપણું સાધન ખોરાક છે.

વનસ્પત્યાહાર કે માંસાહાર તરીકે આપણે જે ખોરાક ખાઇએ છીએ તેનું શરીરમાં જ્વલન થતાં તેમાં સમાએલી રાસાયણિક શક્તિ કામ કરવાનાં રૂપોમાં છૂટી થાય છે. ઇંધન તરીકે બાળીને શરીર મોટા ભાગના ખોરાકનો ઉપયોગ કરે છે. શરીર કંઈ હીટ-એન્જિન જેવું નથી. તે ખોરાકની શક્તિને એવા રૂપમાં ફેરવે છે કે જેથી તેમાંથી નીપજતા કામમાંથી ગરમી પેદા થાય છે. ગરમી કામના સાધનરૂપ નથી. શરીરનાં આંતરબાહ્ય કામોમાં વપરાતી શક્તિ ગરમીમાં ફેરવાય છે.

ખોરાકની શક્તિનો, યોગ્ય રાસાયણિક ક્રિયાઓથી આપણા શરીરના કોષોને અનુકૂળ નીવડે એવાં રૂપોમાં ફેરફાર થાય છે. શરીર અબજો કોષોનું બનેલું છે. દરેક કોષ એક પ્રયોગશાળા જેવો હોઈ રાસાયણિક સાધનોથી સજ્જ છે, જેમાં આહારનું સૂક્ષ્મ સાદાં દ્રવ્યોમાં રૂપાંતર થવાથી શક્તિ છૂટી થાય છે. આ છૂટી થએલી રાસાયણિક શક્તિ બીજાં રૂપોમાં પરિવર્તન પામી શરીરની બીજી કામગીરીઓમાં છતી થાય છે અને વળી તે સંકુલ (complex) જીવરસની બનાવટમાં પણ વપરાય છે. શરીરમાં ચાલતી આ રાસાયણિક ક્રિયાઓનાં બે પાસાં છે. એકનાથી શક્તિ છૂટી પડે છે તે વિઘાતક (catabolism) ક્રિયા છે. બીજાથી શક્તિ સંઘરાય તે વિધાયક (anabolism) ક્રિયા છે. આ બંને ક્રિયાઓ જીવનક્રિયાનાં (metabolism) સંયુક્ત રૂપો છે.

જીવનક્રિયા

શરીરની બધી શક્તિ છેવટે ગરમીના રૂપમાં દેખાય છે. હલકામાં હલકી ગરમીની શક્તિ છે. શક્તિનાં બીજાં રૂપો ગરમીમાં ફેરવાય છે, પણ ગરમીનું બીજાં રૂપોમાં પરિવર્તન થતું નથી. આપણે ગરમી વાપરી શકીએ પણ તેને બીજા રૂપમાં બદલી ન શકાય.

આપણી માંસપેશીઓ સંકોચાતાં એકદમ ગરમી પેદા થાય છે. સાંધાઓના ઘર્ષણથી ગરમી ઉત્પન્ન થાય છે. ફેંકાએલો પથ્થર હવામાં ઘર્ષણથી ગરમી પેદા કરે છે. તેની ગમનશક્તિ પૃથ્વીને અડકતાં ગરમીમાં પરિણમે છે. ગરમીશક્તિનું કામમાં રૂપાંતર થતાં આ શક્તિનો ¾ ભાગ ગરમીમાં વેડફાય છે. આપણા શરીરમાં ચોક્કસ પ્રમાણમાં ગરમી ને કામનું આપસઆપસમાં રૂપાંતર થાય છે. એટલે એમ કહી શકાય કે શરીરની બધી શક્તિ ગરમીના રૂપમાં દેખાય છે.

અઢારમી સદીના અંતમાં સૌપ્રથમ જાણવા મળ્યું કે પ્રાણવાયુની હાજરીમાં શરીરમાં ખોરાકનું દહન થવાથી શરીરની ગરમી પેદા થાય છે. સળગતી મીણબત્તી અને માનવશરીરમાં પાયાની બાબતો સરખી છે. બંને કાર્બન સંયોજનો બાળવા પ્રાણવાયુ વાપરે છે. તેમાંથી અંગારવાયુ (કાર્બન ડાયોક્સાઈડ), પાણી અને ગરમી છૂટાં પડે છે.

ઓગણીસમી સદીમાં વૈજ્ઞાનિકોએ સિદ્ધ કર્યું કે ખોરાકના પ્રમાણમાં પ્રાણીદેહમાંથી શક્તિ છૂટે છે. ખોરાક શરીરની બહાર બાળવામાં આવતાં જેટલી ગરમી મળે એટલી જ એનું શરીરમાં જ્વલન થતાં મળે છે. શરીરમાં પેદા થતી કુલ ગરમી એ સમગ્ર જીવનક્રિયા (total metabolism)ની પ્રદર્શક (indix) છે. સંજોગોને લીધે જુદાજુદા સમયે

સુભાષિત

·ઉપગીતિ·

अद्यापि दुर्निवारं स्तुतिकन्या भजति कौमारम् ।
सद्भ्यो न रोचते सा, असन्तोऽप्यस्यै न रोचन्ते ॥

(અનુવાદ)

કૌમાર્ય સ્તુતિકન્યા હજી ય કમને રહી પાળી;
ગમે ન એ સજ્જનને, ને ના દુર્જન ગમે એને.

[વિવરણ : યુગયુગોથી આજ સુધી સ્તુતિરૂપી કન્યા અનિવાર્ય કૌમાર-વ્રત પાળી રહી છે. તેનું કારણ સ્પષ્ટ છે. સત્પુરુષોને તે ગમતી નથી અને દુર્જનોને તે પોતે ચાહતી નથી : આવી દશામાં તે હજુ સુધી કુમારી રહી છે. સુભાષિતકાર સીધી રીતે તો કુમારી સ્તુતિની દયા ખાતા હોય એમ જણાય છે; પરંતુ આડકતરી રીતે તેઓ કીર્તિલોલુપ પામર લોકોના મિથ્યા પ્રયત્નોને વખોડી નિર્માનમોહ વૃત્તિના લોકોત્તર પુરુષોનું અભિવાદન કરે છે. —શંકરદેવ વિદ્યાલંકાર]

એક જ વ્યક્તિમાં તે ઘણી ભિન્ન હોઈ તેને જલદી માપવી મુશ્કેલ હોવાથી જીવનક્રિયાની સ્થિતિ વિષે ચોક્કસ ખયાલ મળતો નથી. એટલે ખાસ સંજોગોમાં જ્યારે વ્યક્તિની કામગીરી ઓછામાં ઓછી હોય ત્યારે એનામાં પેદા થતી ગરમી માપી તેની મૂળભૂત જીવનક્રિયા (basal metabolism) જાણવામાં આવે છે.

જાણવા જેવું છે કે ખોરાકના દહનથી પેદા થએલી બધી ગરમી શક્તિમાં પરિણમતી નથી. એના થોડા ટકા કામમાં પ્રદર્શિત થાય છે. તો પછી પ્રશ્ન થાય કે બાકીના ટકાનું શું થાય છે? કામમાં ન પરિણમતી ગરમી નકામી જતી નથી, પણ કોઇને કોઈ રીતે શરીરમાં વપરાય છે. જાણીતું છે કે જિંદગી ટકવા માટે શરીરની અમુક ગરમી જાળવવી જોઇએ. શરીર કરતાં વાતાવરણ ઠંડું હોવાથી શરીરમાંથી ગરમી સતત વહી જાય છે. કોઇ પણ રીતે આ ગરમી ભરપાઈ થવી જોઇએ. આરામમાં પડ્યા હોઇએ તો પણ હૃદય ને ફેફસાંની કામગીરીઓ ચાલુ રહે છે. બહાર કોઇ પણ નિશાનીઓ થયા વગર એમની પ્રચંડ કામગીરીઓ ચાલ્યા કરે છે. શરીરની આવી આંતરિક કામગીરીઓ જિંદગી ટકે ત્યાં સુધી ચાલુ રહે છે. આ કામગીરીઓને એકબીજીથી જુદી માપવી દુર્લભ છે, પણ અનુમાનવામાં આવ્યું છે કે હૃદય એકલું જ આખા શરીરને હવામાં સો ફૂટ ઊંચું કરવા જેટલું કામ દર કલાકે ઉપાડે છે. બીજી રીતે કહીએ તો હૃદયની ચોવીસ કલાકની કામગીરી ૧૨૦ ટન વજન એક ફૂટ ઊંચું કરવાના કામ જેટલી છે. શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં વધારે શક્તિ વપરાય છે જ્યારે માંસપેશીઓની દૃઢતા જાળવવામાં વળી ઘણી વધારે શક્તિની જરૂરત રહે છે. આ હકીકતોથી આપણને સ્પષ્ટ થશે કે ખોરાકમાંથી મળેલી શક્તિનો થોડો ભાગ કામધંધામાં વપરાય છે, તો બાકીનો જિંદગીના નિભાવ માટે શરીરથી વપરાય છે.

શરીર જ્યારે આરામમાં હોય ત્યારે થતા શક્તિના વ્યયને મૌલિક જીવનક્રિયાના નામથી ઓળખવામાં આવે છે. આનો અર્થ એટલો કે વ્યક્તિ કામ કરે કે ન કરે પણ જિંદગીને આવશ્યક શરીરસ્થ કામગીરીઓ ચાલુ રાખવામાં વપરાતી શક્તિ ભરપાઈ કરવા માટે તેને અમુક પ્રમાણમાં ખોરાક તો લેવો જ જોઇએ.

શરીરના કદ અનુસાર મૌલિક જીવનક્રિયા વધે છે. શરીરના વધેલા કદ પ્રમાણે હૃદય ફેફસાં વગેરે અવયવોની કામગીરીઓ ચાલુ રાખવા વધારે શક્તિની જરૂર પડે છે. વળી જીવનક્રિયાને શરીરના વજન કરતાં શરીરની સપાટી સાથે વધારે નિસબત છે; કારણ કે શરીરમાંથી સપાટી ઉપરથી વધારે ગરમી પસાર થાય છે. આ કારણથી જ વજનના ધોરણે પાકટ વયના માણસ કરતાં બાળકોને પ્રમાણમાં વધારે ખોરાક જોઇએ છે. પાકટ વયના માણસ કરતાં બાળકના શરીરની સપાટીનો વિસ્તાર વજનના પ્રમાણમાં મોટો હોય છે.

શરીરનું વજન, ઉમર, જાતિ, ટેવો, ધંધો ને કોમની લાક્ષણિકતાઓ ઉપર મૌલિક જીવનક્રિયા આધારિત છે. પણ બાંધો, જાતિ અને વજન અંગેના ફેરફારો અવગણવા જેવા છે. અલબત્ત ઉમર અગત્યની બાબત છે. ઉષ્ણકટિબંધ કે સમશીતોષ્ણ પ્રદેશોમાં રહેતા લોકોની મૌલિક જીવનક્રિયામાં ખાસ ફેર પડતો નથી, તેમજ માંસાહારી ને શાકાહારીના દરમાં મોટો ગાળો પડતો નથી. દીર્ઘકાળના અર્ધ ભૂખમરાથી તે ઘટે છે ને ખોરાક ખાવાથી વધે છે.

શરીરની શક્તિની જરૂરિયાત જાણવા માટે વિસ્તૃત તપાસો હાથ ધરવામાં આવી છે. આમાં જાણવામાં આવ્યું છે કે વ્યક્તિનાં કદ, વાતાવરણનું ઉષ્મામાન અને કામના પ્રમાણ અનુસાર તે ભિન્ન રહે છે. શારીરિક શ્રમનો વધારો શક્તિના વધારે વ્યયમાં પરિણમે છે.

આરામમાં પડેલા સરાસરી પાકટ વયના માણસની મૌલિક જીવનક્રિયા દર કલાકે શરીરના વજનના એક કિલોગ્રામે (૨-૨ રતલ) એક કૅલોરી છે. કૅલોરી (calorie) એ ગરમીનું માપ છે. આના આધારે ૧૪૦ રતલ વજનના પુખ્ત વયના ને સરાસરી કદના માણસને તેના શરીરને જીવતું રાખવા માટે ખોરાકમાંથી ૧૫૦૦ કૅલોરી ગરમી મળવી જોઇએ. આ ઉપરાંત કામધંધા પ્રમાણે તેને વધારાની કૅલોરી જોઇશે. તપાસોના પરિણામે જાણવા મળ્યું છે કે બેઠાડુ કામ કરનાર દિવસમાં ૨૫૦૦ કૅલોરી વાપરે છે, મજૂર ને ખેડૂત ૩૫૦૦ કૅલોરી વાપરે છે.

શરીરથી નવી શક્તિ પેદા થતી નથી. તે બહારથી મેળવવાની છે. તે ખાધેલા ખોરાકના શરીરમાં થએલા દહનમાંથી પ્રાપ્ત થાય છે, અગર તો શરીરમાં ચરબીરૂપે સંઘરાએલા ખોરાકમાંથી પ્રાપ્ત થાય છે. ખોરાકના જ્વલનથી પેદા થતી શક્તિથી શરીરની બધી કામગીરીઓ થાય છે. જુદાજુદા ધંધાઓમાં પડેલી વ્યક્તિઓ જેટલી શક્તિનો વ્યય કરે એટલી શક્તિ એમણે ખોરાકના પ્રમાણમાંથી મેળવવાની છે. શક્તિના વ્યયના પ્રમાણ કરતાં જો વધારે ખોરાક લેવાય તો તે શરીરમાં ચરબીરૂપે સંઘરાય છે. અને જો જોઇએ તે કરતાં ઓછો ખોરાક લેવાય તો શરીરમાં સંઘરાએલી ચરબીમાંથી વધારાની શક્તિ મેળવાય છે.

સર્વ પ્રકારના આહારનો આખરી ઉપયોગ તો શરીરને તેની વૃદ્ધિ માટે કે તેની ઘસાએલી પેશીઓની મરામત માટે દ્રવ્યો પૂરાં પાડવાનો છે, અને તેની જીવનક્રિયાની પ્રક્રિયાઓ અને બાજી કામગીરીઓ ચલાવવા માટે શક્તિ પૂરી પાડવાનો છે. આ શક્તિ આહાર વાટે શરીરમાં લેવાય છે. આહાર એ વિવિધ રાસાયણિક સંયોજનોના રૂપમાં ગુપ્ત શક્તિનો ભંડાર છે, જે શક્તિ જીવનક્રિયાની જુદીજુદી કામગીરીઓમાં ગરમી અને ગતિનેરૂપે છૂટી થાય છે.

બગડી ગએલું ઘડિયાળ લઇ એક ભાઈ ઘડિયાળીને ત્યાં ગયા. ઘડિયાળ અટકી જવાનું કારણ દર્શાવતાં તેમણે કહ્યું, 'મારાથી મોટી ભૂલ એ થઈ ગઇ કે એ મારા હાથમાંથી પડી ગયું.'

તદ્દન સસ્તું લાગતું એ ઘડિયાળ તપાસી રહેલા ઘડિયાળીએ ધીરેથી જવાબ આપતાં કહ્યું, 'ના જી, ખરેખરી ભૂલ તો એ થઈ ગઇ કે તમે તે પાછું ઉપાડી લીધું.'

થાઈ દેશની લલિત કળા

લેખક અને ફોટોકળા **નવનીત પારેખ**



થાઇ સરકાર દ્વારા નિયંત્રિત 'ડિપાર્ટમેન્ટ ઑાવ ફાઈન આર્ટ'નું વૈદિક પ્રતીક તે લાંબી સૂંઢવાળા કેડે ધોતિયું તથા સર્પ વીંટેલા આપણા શ્રી ગણેશ જ છે.

બપોર પછી શ્રી પ્રસિદ્ધની ફક્કાવલિ નૃત્ય-શિક્ષાપીઠ અમે જોઇ. લદ્દાબહેનની શિષ્યાઓમાંની પાંચ નૃત્યાંગનાઓ અમારી સમક્ષ થાઈ નૃત્યો બતાવવા પોતાની વેશભૂષા સજી રહી હતી તે દરમ્યાન લદ્દાબહેને જુદાંજુદાં થાઈ નૃત્યોની રૂપરેખા મને સમજાવી.

થાઇલૅન્ડમાં શાસ્ત્રીય નૃત્યની મુખ્ય બે શૈલીઓ છે: એક 'ખોન' અને બીજી 'લાકૉન'. આ બંને પ્રકારો મૂળ તો ભારતથી જ ઊતરી આવ્યા છે અને આજે પણ તેમનાં બધાં કથાનક આપણા રામાયણ (થાઈ 'રામાખ્યાન')માંથી જ લીધેલાં હોય છે. આ બંને શૈલીને નૃત્ય-નાટિકા (બૅલે) કહેવી વધુ ઉચિત ગણાય.

ખોન

સામાન્યપણે ખોનમાં પુરુષ નૃત્યકારો જ ભાગ લે છે અને સ્ત્રી-પાત્રો પણ પુરુષો જ ભજવે છે. ખોનમાં બધાં પુરુષ-પાત્રો પોતાના પાઠને અનુરૂપ મુખાવરણ (મ્હૉરાં) પહેરે છે. ખોન નાટિકામાં શુદ્ધ નૃત્ત ઘણી વાર આવે છે અને પુરુષ અભિનેતાઓ જ તે કરતા હોવાથી તે ઘણું જોરદાર અને પ્રચંડ હોય છે. આમ ખોનને તાંડવ-પ્રકારનું નૃત્ય કહી શકાય. ખોન શૈલી ઘણી પુરાણી છે અને અસલ તો તે સમ્રાટના રાજ્યારોહણ પ્રસંગે જ ભજવાતી. ખોનના નૃત્યકારો મોઢે મ્હૉરાં પહેરતા હોવાથી નાટિકાનું આખું કથાનક તેમજ પાત્રોના સંવાદ પડદા પાછળથી ગાઈ સંભળાવવામાં આવે છે. આ ગાયકવૃંદ (કૉરસ) 'ફાન-ફાક' (ફાક=વાક=વાચા) કહેવાય છે; તેનાં ગીતો 'કાવ્ય' કહેવાય છે અને તેના સંવાદ 'ચેરચા' (ચર્ચા) કહેવાય છે.'


લદ્દાબહેનના મત પ્રમાણે આ ખોન નૃત્યપ્રણાલી મૂળ સિયામની છાયા-નાટિકા પરથી જ ઉદ્ભવી છે, જેના પર વળી જાવી છાયા-નાટિકા 'વયાંગ-કુલિત'ની પણ ઘણી અસર પડી છે. પુરાણકાળમાં ખોનનાં ગીતો એક પ્રકારની કવિતામાં જ ગવાતાં, જેને છંદ કહેતા અને તેના મુખ્ય રચયિતા અયોધ્યાના શ્રી સમુદ્રઘોષ તથા શ્રી અનિરુદ્ધ હતા.

ખોનના વાદ્યસમૂહમાં અસલ તો પાંચ જ વાદ્યો રહેતાં, પરંતુ હવે તો કથા-પ્રસંગને આવશ્યક વાદ્યો ઉપયોગમાં લેવાય છે. મુખ્ય વાદ્ય 'રનાડ' હોય છે. શ્રી પ્રસિદ્ધ થાઇલૅન્ડ આખામાં રનાડના સૌથી કુશળ વાદક ગણાય છે. ખોનના બધા કથા-પ્રસંગો જે થાઈ 'રામાખ્યાન'માંથી લીધેલા છે તે મૂળ વાલ્મીકિના રામાયણમાંથી સીધું નથી ઉદ્ભવ્યું પણ જાવા-બાલી દ્વારા દક્ષિણ ભારતના તમિળ રામાયણ તથા બંગાળના પાલ-યુગના રામાયણ અનુસાર તેની રચના થઈ છે. ઉદાહરણ રૂપે તમિળ રામાયણનો 'મહી-રાવણ'નો પ્રસંગ રામાખ્યાનમાં 'મૈય-રાબ' નામે રચાયો છે અને તે વાલ્મીકિ-રામાયણના પાઠથી જુદો પડે છે.

થાઈ 'રામાખ્યાન'માં રાવણને 'થોસ-કંથ' (દશ-કંઠ) કહે છે—જેમ જાવામાં રાવણને 'દશ-મુખ' કહે છે. ખોન-નાટિકામાં સીતાને 'સીદા' કહે છે, ભરતને 'ફ્રોત', લક્ષ્મણને 'લક', શત્રુઘ્નને 'સત્રુદ', સુગ્રીવને 'સુક્રીબ', વિભીષણને 'પિફેક', કિષ્કિંધાને 'ખીતખિન' અને



ખોન નૃત્યના એક પાત્રનું મ્હૉરું અને તેના પરનો ટોપ-મુકુટ



નિદ્રાધીન કુંભકર્ણ-રામાખ્યાનનો એક પ્રસંગ



કુમાર ફોટો

મંદોદરીને 'મંથો' કહે છે. પ્રણાલિકા અનુસાર રામનું મ્હૉરું લીલું, લક્ષ્મણનું પીળું, ભરતનું લાલ તથા શત્રુઘ્નનું જાંબુડા રંગનું હોય છે. ખોન નાટિકામાં વપરાતાં આયુધોમાં ચક્ર (નારાયણ,વિષ્ણુ કે રામના આયુધ તરીકે), ત્રિશૂલ, ધનુષ-બાણ, અસિ (તલવાર) તથા દંડ હોય છે.

એક નાટિકામાં આખા રામાયણની કથા તો ભજવી ન શકાય, તેથી રામાખ્યાનના કેટલાક પ્રસંગો પસંદ કરીને ભજવાય છે. સૌથી લોકપ્રિય પ્રસંગો 'ભક્ત-હનુમાન', 'સીતાની અગ્નિ-પરીક્ષા', 'બ્રહ્માસ્ત્ર', 'કાક-નાશન' તથા 'મૈય-રાબ' છે. કેટલીક વાર ખોન નાટિકા ગામડાંઓમાં ખુલ્લા ચૉગાનમાં ભજવાય છે, તો કવચિત્ એક મોટા સફેદ પડદા સમક્ષ છાયા-નાટિકાની રીતે પણ રજૂ થાય છે. પરંતુ બૅંગકૉકમાં તેમજ અન્ય સ્થળે હવે તે સભાગૃહમાં શાસ્ત્રીય, શિષ્ટ ઢબે ભજવાય છે.

લાકૉન

થાઈલૅન્ડનો બીજો શાસ્ત્રીય નૃત્યપ્રકાર તે 'લાકૉન'. બહુધા આ સ્ત્રીઓ જ ભજવે છે અને ત્યારે પુરુષપાત્રના પાઠ પણ કોઇ નૃત્યાંગના જ લે છે. સ્વાભાવિકરીતે જ આ નૃત્યનું ચલન તથા તેના હાવભાવ ઘણાં સૌમ્ય, ઋજુ તથા લલિત હોય છે. 'ખોન'ને આપણે જો તાંડવ-પ્રકાર કહીએ તો આ લાકૉનને એક લાસ્ય-પ્રકાર કહી શકાય. ખોન-શૈલી આપણા કથકલી નૃત્યને કાંઈકઅંશે ભળતી આવે છે, જ્યારે લાકૉન-શૈલી પર આપણા ભરતનાટ્યમ તથા મણિપુરી પ્રકારની સ્પષ્ટ અસર જોવા મળે છે. ખોનનાં તો બધાં જ પાત્રો મોઢે મ્હૉરાં પહેરે છે, જ્યારે લાકૉનમાં ફક્ત આસુરી તથા પાશવી પાત્રો જ આવાં મ્હૉરાં પહેરે છે. પુરુષ અભિનેતાઓ પણ ક્વચિત્ લાકૉન ભજવે છે, તો વળી અપવાદ રૂપે હવે કોક વાર સ્ત્રી તેમજ પુરુષ અદાકારો એકસાથે રંગભૂમિ પર દેખા દે છે. પરંતુ સામાન્યપણે તો લાકૉન સ્ત્રીઓનું જ નૃત્ય ગણાય છે.


નૃત્ય સમયે જ નહિ પરંતુ દૈનિક જીવનમાં પણ અંગની સૌમ્યતા તથા ચલનની સૌંદર્ય-છટા સમજાવતાં લદ્દાબહેને 'મદન-બાધા'ની એક ઉક્તિ સંભળાવી: દેવોના-સમ્રાટ 'સુદેષ્ણ' અમરાવતીની 'મદના' અપ્સરાની પ્રશંસા કરતાં કહે છે: 'મદનાની ભુજા ઐરાવતની સૂંઢ જેવી મૃદુ ને ચપળ છે. મદનાની ચાલ સદા નૃત્યના ચલન જેવી લલિત છે.'

લાકૉનની કથા પણ બાજુ પરનું ગાયક-વૃંદ (કૉરસ) ગીત દ્વારા ગાઈ સંભળાવે છે, છતાં ક્વચિત્ નૃત્યાંગના પોતે પણ સંવાદનાં કેટલાંક વાકયો બોલે છે. ભારતીય નૃત્યોની જેમ ખોન તથા વિશેષ કરીને લાકૉનમાં વિવિધ હસ્ત મુદ્રાઓ તેમજ હસ્ત-વિન્યાસનો સતત પ્રયોગ થતો રહે છે. લાકૉન–નૃત્યાંગનાની વેશભૂષા આપણા મણિપુરી નૃત્ય-પોષાકને ઘણી મળતી આવે છે. લાકૉન–નૃત્યાંગના ઉત્તમ કસબી કાપડનું વસ્ત્ર આપણી સાડીની ઢબે પહેરે છે અને તે પર કેડે એક પહોળો, રત્નજડિત પટ્ટો બાંધે છે. ખભા તથા વક્ષઃસ્થલ ઉપર તે એક લાંબું, પાછળ ઝૂલતું, ભારે કિનખાબનું વસ્ત્ર ઓઢે છે. પુરુષ-પાત્ર ભજવતી વેળાએ તે કસબી ભાતવાળો, ટૂંકો પાયજામો તથા ઊંચા કિનખાબનું અંગરખું પહેરે છે. પુરુષ-પાત્ર બંને ખભે નાની, કિનખાબી પાંખ બાંધે છે જે તેનાં પુરુષાતન તથા દૈવી ગુણો વ્યક્ત કરવામાં સહાયરૂપ બને છે. સ્ત્રી તેમજ પુરુષ-પાત્રો રત્નમાલા, નૂપુર, કંકણ તથા બીજા અલંકારો ઉપરાંત મસ્તકે રત્નજડિત મુકુટ પહેરે છે. પુરુષ-પાત્રનો કિરીટ મોટો, ઊંચો, જ્યારે સ્ત્રી-પાત્રનો મુકુટ કેશ–કલાપને ખુલ્લો રહેવા દે છે.

થાઇ સંગીત

લદ્દાબહેનની શિષ્યાઓએ ચાર શાસ્ત્રીય નૃત્યો તથા એક લોક-નૃત્ય ભજવી બતાવ્યાં. નૃત્યને સાથ આપતાં વિવિધ વાદ્યો તથા થાઈ શાસ્ત્રીય સંગીત વિષે શ્રી પ્રસિદ્ધે થોડી સમજ આપી. થાઇ સંગીત ઉપર ભારતીય તેમજ ચીની બંને સંગીતની અસર પડી દેખાય છે. થાઈ સંગીતના તેના ઘણા રાગમાં ગાયક–વાદકની રુચિ અનુસાર વળાંક લઈ શકાય છે, જ્યારે કેટલાક બદ્ધ રાગમાં તો નિશ્ચિત સૂરાવલિ જ ગાઇ–વગાડી શકાય છે. થાઇ પ્રદેશમાં અયોધ્યા-યુગથી આજ પર્યંત એટલા બધા રાગ અસ્તિત્વમાં આવ્યા છે કે થાઈ સરકાર વતી ચાલતા 'ડિપાર્ટમેન્ટ ઑવ ફાઈન આર્ટ્સ' તરફથી માન્ય થએલા રાગોની સંખ્યા પણ બારસોથી વધારે છે! ભારતીય સંગીત પેઠે આ બધા થાઇ રાગ પણ જુદાંજુદાં ભાવ તથા ઊર્મિઓ વ્યક્ત કરે છે અને તેમના ભાવ–આવેશ પ્રમાણે એ છત્રીસ મુખ્ય જૂથોમાં વહેંચાએલા છે; જેમકે રૌદ્ર (ક્રોધ) આવેશ વ્યક્ત કરનારા તેર રાગનું જૂથ; શોક તથા સંતાપ વ્યક્ત કરતા એકવીસ રાગનું જૂથ; આનંદ દર્શાવતા ચાર રાગ, તથા શાંત રસ વ્યક્ત કરતા સાત રાગનું જૂથ.

ઘણા પ્રાચીનકાળમાં તો ગાયકની સાથે જ વાદક પણ રહેતો હતો; પરંતુ પાછળથી, ગીતના શબ્દો સ્પષ્ટ સમજાય તે માટે, ગાયક જ્યારે ગીત લલકારતો ત્યારે બધાં વાદ્યો મૂક બની જતાં, અને ગીત પૂરું થયા



ખોન નાટિકામાં વપરાતાં આયુધો

પછી જ વાદ્યો પર સૂર છેડાતા. આજે પણ આ પદ્ધતિ ઘણી પ્રચલિત છે. છતાં હવે વાદ્ય વડે હળવેથી ગાયકનો સાથ કરવાની પ્રથા પણ ધીરેથી લોકપ્રિય બનતી જાય છે.

થાઇ વાદ્યો

પ્રચલિત થાઇ વાદ્યોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય: (૧) આતોદ્ય વાદ્ય, (૨) સુષિર વાદ્ય તથા (૩) તંતુ-વાદ્ય. ઘણાંખરાં આતોદ્ય વાદ્યો તાલ આપવા માટે વપરાય છે અને તે કાષ્ઠનાં, ધાતુનાં તેમજ ચામડાનાં બનાવેલાં હોય છે. વાંસ તથા લાકડામાંથી બનાવેલાં, લાંબી ભૂંગળી જેવાં 'ક્રોહ' તથા 'ક્રોંગ' વાદ્યો સૌથી પ્રાચીન ગણાય છે. પાછળથી 'ક્રુબ-પુઆંગ' તથા 'ક્રુબ-સભા' નામનાં કાષ્ઠ-વાદ્યો અસ્તિત્વમાં આવ્યાં. આ 'ક્રુબ' પ્રકારમાંથી જ થાઈ સગીતનું પ્રધાન વાદ્ય 'રનાડ' ઉદ્‌ભવ્યું છે. રનાડ વાદ્યના પણ વિવિધ પ્રકાર છે, પરંતુ 'રનાડ-એક' તથા 'રનાડ થુમે' સૌથી લોકપ્રિય તથા શાસ્ત્રીય ગણાય છે. શ્રી પ્રસિદ્ધ 'રનાડ-એક'ના નિષ્ણાત છે. તેમણે આખા વાદ્યની રચના સમજાવી. 'રનાડ-એક'ને મધ્યમાં, નીચે એક ટૂંકો પાયો હોય છે જ્યારે 'રનાડ થુમે'ને બે બાજુ પર પાયા હોય છે. લાકડાની લંબચોરસ તકતીઓની હાર તે પર લટકાવી હોય છે. 'રનાડ-એક'ને એવી ૨૧ તકતીઓ હોય છે જે બધી વિવિધ ચડતા-ઊતરતા સૂરો કાઢે છે. બંને હાથમાંની એક એક ટૂંકી દંડિકા વડે વાદક રનાડ વગાડે છે. આ રનાડને 'કાષ્ઠ-તરંગ' કહેવું સુયોગ્ય ગણાય.

થાઇલૅન્ડમાં વિવિધ પ્રકારનાં ગૅાંગ પણ પ્રચલિત છે. તેમાં 'ગૅાંગ-વૅાંગ' એક વિશિષ્ટ વાદ્ય કહી શકાય. એક ગોળાકાર ચોકઠામાં ધાતુનાં સંખ્યાબંધ નાનાં, પોલાં, ગૅાંગ ગોઠવ્યાં હોય છે, જેમાંથી વિવિધ સૂરો નીકળી શકે છે. આ ગૅાંગ-વૅાંગ જાવાના બોનંગ વાદ્યને ઘણે અંશે મળતું આવે છે. મુખ્ય ફર્ક એટલો જ કે બોનંગના ધાતુના કુંભ (ગૅાંગ) એક લંબચોરસ ચોકઠામાં ગોઠવ્યા હોય છે જ્યારે આ થાઇ ગૅાંગ-વૅાંગ વાદકને ફરતું ગોળાકાર હોય છે. બ્રહ્મદેશમાં પણ આ ગૅાંગ-વૅાંગ પ્રચલિત છે. થાઇલૅન્ડમાં આપણા મણિપુર તથા બંગાળ જેવાં કરતાલ તથા મંજીરાં પણ લોકપ્રિય છે, જે 'ચાબ' તથા 'ચિગ' નામે ઓળખાય છે. થાઇલૅંડના ઢોલકનું નામ છે 'તા-ફોન', જ્યારે ત્યાંનાં બે મૃદંગ 'સોંગ-ના' તથા 'ક્લૅાંગ-ખાએક' ત્યાંનાં નૃત્યોનો સાથ કરવા ઉપયોગમાં લેવાય છે.

સુષિરવાદ્યોમાં તો ઘણા પ્રકારની વાંસળી વગાડાય છે જે બધી 'પી' કહેવાય છે. જાવી શૈલીની વાંસળી 'પી-જાવા' નામે ઓળખાય છે, એક વિશિષ્ટ સુષિર-વાદ્ય તે 'ચોંગ-નોંગ'. લાંબા વાંસના આ વાદ્ય પર ફૂંક મારીને તો સૂરો કઢાય જ છે, પરંતુ સાથોસાથ તેના એક લટકતા હાથા વડે તે પર ટકોરા પણ વગાડાય છે.


થાઈ-પ્રદેશનાં ઘણાંખરાં તંતુ વાદ્યો ભારતથી સીધાં જ કે કમ્બોજ દ્વારા અહીં ઊતરી આવ્યાં છે. તેમાં 'ક્રા-ચુબ-પી' તથા 'સૅા-સમ-સૈ' મુખ્ય છે. પરતુ થાઇલૅન્ડનું સૌથી લોકપ્રિય તંતુવાદ્ય તો 'ચાકે' છે, જે દેખાવમાં ઘણું સુંદર તથા ચિત્ત-સ્પર્શી હોય છે. આ 'ચાકે' તથા 'ક્રાચબ-પી'નાં ચપટાં તુંબડાં, સ્વરો માટેના પડદા, તેમજ તંતુ (તાર) બાંધવાની ઢબ પરથી તે બંને ભારતીય વીણા પરથી ઉદ્‌ભવ્યાં જણાય છે. 'સૅા-સમ-સૈ' ભારતીય સારંગીની જ એક દુહિતા કહી શકાય.

નૃત્ય-શિક્ષણ

સાંજે અમે બૅંગકૅાકના વિખ્યાત 'શિલ્પ કૅાર્ણ' થીએટર પર ગયાં, જ્યાં શાસ્ત્રીય નૃત્ય-નાટિકા 'રા-ચા-તિરાચ' (રાજાધિરાજ) જોવા



થાઇ કોતરકળાની લાક્ષણિકતાથી ઓપતું સાગૅાંગ. ગૅાંગવૅાંગ કરતાં આનો આકાર વધુ સરળ લાગે છે.







ઉપર : રામ-હનુમાન

ડાબી બાજુ : થાઈ નૃત્યગતિનું એક ઉદાહરણ

← થાઇ નૃત્ય માટેનાં વેશાભૂષણો : (૧) કમ લઈ થાઓ–કડલા જેવું પગનું એક આભૂષણ. (૨) સ નપ ફ્લાઓ–ટૂંકો પાયજામો. (૩) ફા નુંગ–અંદરનું એક વસ્ત્ર. (૪) હોઈ ખાંગ (ચ્યા-ર-બાટ)–કમરબંધ જેવો એક કસબી બંધ–તેના બંને છેડા આગળ ઢીંચણ પર લટકતા રહે છે. (૫) સુઆ (ચ લવંગ આઁગ)–કિનખાબનું અંગરખું. (૬) અ સ એવ કમરબંધ. (૭) હોઈ ના-હોઈ ખાંગ છેડા વચ્ચે લટકતું વસ્ત્રાભૂષણ. (૮) સુવાન કા થોપ–હોઈ નાની ઉપર કમ્મરમાંથી લટકતું સુવર્ણ-આભૂષણ. (૯) ખેમ ખટ–કમરપટ્ટો. (૧૦) ક્રૅાંગ સૅા (નુઅમ ખો)–ખભા પરથી લટકતું આભૂષણ. (૧૧) થપ સુઆંગ–છાતી પર લટકતું મોટા ચકતા જેવું આભૂષણ. (૧૨) ઇન થ નુ–પુરુષપાત્રને બંને ખભે પહેરાતી નાની કિનખાબી પાંખ જેવો શણગાર. (૧૩) ફા હુ રત–કંકણ. (૧૪) સંગ વાન–જનોઇ પેઠે ખભેથી લટકતું સુવર્ણ-આભૂષણ. (૧૫) ટાબ થીટ–સંગ વાનમાં જડેલું ચકતું. (૧૬) ચ દા–મુકુટ. (૧૭) ડૅાક માઇ ફૅટ–હીરકપુષ્પ. (૧૮) કન ચીઆક (ચોર્ન હુ)–મુકટમાંથી કાન પાછળ લટકતું ઝૂમખું. (૧૯) ડૅાક માઈ થાટ–જમણા કાન ઉપર પહેરાતું પુષ્પ. (૨૦) ઉ બ–મુકુટમાંથી જમણા કાનની આગળ ગાલ પર લટકતું પુષ્પ. (૨૧) થામ મ રૅાગ–મુદ્રા-વીંટી. (૨૨) વએન રૅાપ–ઘૂઘરાવાળું કંકણ. (૨૩) પ વ લ મ–મોતીનું કંકણ. (૨૪) ચૅાગ હૅાર્ન–કાંડાથી કોણી સુધી પહેરાતાં કંકણોના જૂથ જેવું આભૂષણ.

નીચે : થાઈ વાદ્યોમાંનાં કેટલાંક મુખ્ય



મળી. ઐતિહાસિક કથાને આધારે નાટિકાની વસ્તુ રચાઈ હતી. વળતે દિવસે બપોર પછી થાઈ સરકાર દ્વારા નિયંત્રિત 'ડિપાર્ટમેન્ટ ઑાવ ફાઈન આર્ટ્સ' પર ગયો. ત્યાંના અધ્યક્ષ શ્રી રત્નપિચાર્ત વિદ્યા-વિનય-સંપન્ન હતા. સંસ્થાનું કાર્યક્ષેત્ર તેમજ તેની વિવિધ પ્રવૃત્તિઓ તેમણે વિગતથી સમજાવ્યાં. આ સંસ્થા (ડિપાર્ટમેન્ટ) સામાન્ય સરકારી ખાતાંઓની જેમ કચેરીમાં બેસીને કેવળ લખાપટ્ટી કરતી નથી, તેમ બીજી નાટ્ય-સંસ્થાઓને ફક્ત શાણાં સૂચનો આપીને વિરમતી નથી. તે તો પોતે જ નૃત્ય-નાટ્યના વર્ગો ચલાવીને વિદ્યાર્થી-ગણને સીધું જ લલિત કળાઓનું શિક્ષણ આપે છે ને તે રીતે બીજી કલા-સંસ્થાઓને આદર્શ ઉદાહરણ પૂરું પાડે છે. મને સંસ્થાના વિવિધ વર્ગો ફેરવીને બતાવ્યા. મુખ્યત્વે તો થાઈ વિદ્યાર્થિનીઓ જ, શુદ્ધ દક્ષિણ ભારતીય ઢબે સાડી પહેરીને, નૃત્યનાં તાલ, ચલન તથા અભિનય શીખી રહી હતી. શ્રી રત્નપિચાર્તે જણાવ્યું કે આ સંસ્થામાં તેમજ થાઈ-પ્રદેશમાં અન્યત્ર વિદ્યાર્થીઓ હમેશાં ગુરુવારે જ કોઈ પણ શિક્ષણ કે અધ્યય… આત કરે છે. અને તેને 'ગુરુનો દિવસ' માને છે. આ 'ડિપાર્ટમેન્ટ ઑાવ ફાઇન આર્ટ્સ'નું વૈધિક પ્રતીક તે લાંબી સૂંઢવાળા, ફેડે પોતિયું તથા સર્પ વીંટેલા, ચાર ભુજાવાળા આપણા શ્રી ગણપતિ જ છે! થાઈ-લૅન્ડમાં પણ વિદ્યાના તથા લલિતકલાના દેવ ગણેશ જ ગણાય છે.

થાઈ નૃત્યશૈલીની વિવિધ મુદ્રાઓ તથા તેના અંગવિન્યાસ વિશુદ્ધ ભારતીય પ્રકારના છે. તેમાં મુખ્ય ૬૮ અંગવિન્યાસ હોય છે. શરૂના વિન્યાસ 'દેવપ્રણામ'માં નૃત્યકાર હાથ જોડી, ઘૂંટણિયે પડી, દેવને અંજલિ આપે છે.તે પછીના એ 'પ્રથમ' વિન્યાસ.બીજા કેટલાક વિન્યાસો: 'હંસ-લીલા'; 'નારાય(ણ) કવાગ-ચક્ર' (ચક્ર ફેંકતા નારાયણ); 'હનુમાન-ફલાન-ચક'; 'સારથિ-ચક-રથ'; 'મચ્છા-ચમ-સાખોન' (સમુદ્રમાં ક્રીડા કરતું મત્સ્ય); 'બાંગ-કા-સૂર્ય'; 'ચરત-કા-સુમેરુ', 'પ્રલય-વાત્' (પ્રલયકાળનો ઝંઝાવાત); 'મેખલા-થૅાન-કેઓ' વગેરે. (ચાલુ)



ઈ. સ. ૧૯૫૯નો 'કુમાર'-ચન્દ્રક

શ્રી 'ઉશનસ્' (નટવરલાલ કુબેરભાઈ પંડયા)ને એમનાં કાવ્યો માટે

આપવાનું નિર્ણાયક-સમિતિએ ઠરાવ્યું છે.
અમે શ્રી 'ઉશનસ્'ને અભિનંદન આપીએ છીએ અને નિર્ણાયક-સમિતિ (પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, આચાર્ય અનંતરાય રાવળ તથા આચાર્ય યશવંત શુક્લ)નો આભાર માનીએ છીએ.







પાછલાં વર્ષના 'કુમાર'-ચન્દ્રક ધારકો : ઉપરથી માંડી અનુક્રમે ડૉ. હરિપ્રસાદ (૧૯૪૪), પુષ્કર ચંદરવાકર (૧૯૪૫), યશોધર મહેતા (૧૯૪૬), રાજેન્દ્ર શાહ (૧૯૪૭), બાલમુકુન્દ દવે (૧૯૪૮), નિરંજન ભગત (૧૯૪૯). વાસુદેવ ભટ્ટ (૧૯૫૦), બકુલ ત્રિપાઠી (૧૯૫૧), શિવકુમાર જોષી (૧૯૫૨), અશોક હર્ષ (૧૯૫૩), ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી (૧૯૫૪), ઉમાકાન્ત શાહ (૧૯૫૫), ચંદ્રશંકર બુચ 'સુકાની' (૧૯૫૬), જયંત પાઠક (૧૯૫૭), અને હેમન્ત દેસાઈ (૧૯૫૮).

રાષ્ટ્રીય ડિઝાઇન હરીફાઈ (૧૯૫૯-'૬૦)

અખિલ ભારતીય હસ્તકલા-ઉદ્યોગ-મંડળ તરફથી ગાલીચા, ધાતુકામ ને લક્કડકામ માટેની શુદ્ધ ભારતીય મૌલિક ડિઝાઇનોની એક હરીફાઈ યોજાઈ છે. તેમાં આવતી ૧૫મી માર્ચ સુધીમાં આ ત્રણે પ્રકારોની વસ્તુના તૈયાર નમૂનાઓ યા તેનાં વિગતવાર આલેખનો મોકલી શકાશે. વધુ વિગતો માટે લખો : Deputy Director (Designs), All India Handicrafts Board, Taj Barracks, 36 Janapath, New Delhi-1.


પચ્ચીસ વર્ષ પહેલાં



માહ ૧૯૯૧ અંક ૧૩૪

ભાષા અને ભાવનો યથોચિત મેળ સાધીને કથયિતવ્યને પ્રેરક ને ચોટદાર બનાવવાની પોતીકી આગવી શૈલી માટેની ગુજરાતી ગદ્યમાં 'કુમાર'ની જે પ્રતિષ્ઠા છે તેના નમૂના રૂપ એક ટૂંકું કથાનક પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાંથી ટૂંકાવીને આ નીચે આપીએ છીએ. એના લેખક વિનોદરાય વસાવડા આજે સૌરાષ્ટ્રના ચીફ ઇલેક્ટ્રિકલ એન્જિનીઅર છે એ હકીકત પણ વાચકોને સાનંદાશ્ચર્ય ઉપજાવશે :

"પ્લીમથ બંદરેથી ચૌદેક માઈલ દૂર એક કઠોર ખરાબાની નાનકડી કિનાર ઉપર સ્કૉચ ગ્રૅનાઈટ પથ્થરનો એક ઊંચો ભવ્ય-સુંદર મિનારો ઊભો છે. દરિયો અતિશય શાંત હોય છે એવે સમયે પણ એ લોખંડી પથ્થરોની સામે ક્રુદ્ધ સાગરનાં જંગી મોજાં નિષ્ફળ પછાડા માર્યાં



કરે છે; અને તોફાનને વખતે તો બસોબસો ફૂટ ઊંચાં પ્રચંડ મોજાં સમા જલબાહુ વડે સમુદ્રદેવ જાણે એ માનવકૃતિને ફગોળીને ફેંકી દેવા મથે છે. પણ તોફાનમાં કે શાંત સાગર હોય ત્યારે, સદોદિત, એના ઉપર લાખો કૅન્ડલ પાવરનો જ્વલંત પ્રકાશ અંધકારને ભેદતો ઝબકારા માર્યા જ કરતો હોય છે, અને ઍટલાન્ટિકના રુદ્રનૃત્ય સામે દિવસો સુધી યુદ્ધ ખેડી થાકીને પાછાં વળતાં વહાણોને, હજારો જહાજોના ફુરચા ઉડાડી જલસમાધિ દેનાર એ ગોઝારા દગાખોર ખડકથી ચેતવ્યા કરે છે.

ઇંગ્લંડના નૈર્ઋત્ય કિનારા પરનો એ ઊંચો મનોહર મિનારો, તે એક અલૌકિક બુદ્ધિશાળી માણસના સ્મારકસમી એડીસ્ટોનની પ્રખ્યાત દીવાદાંડી; અને ઇંગ્લંડની સૌ પહેલી એ દીવાદાંડીનો પહેલો પથ્થર નાખનાર વિચિત્ર દિમાગનો એ આદમી તે ત્યાંના લિટલબરી નામના ગામનો સ્થપતિ અને યંત્રક હેન્રી વિન્સ્ટૅન્લી.

એણે જ્યારે દીવાદાંડીનો નુસ્ખો તથા તેની પહેલવહેલી આકૃતિ કમિટી આગળ મૂકી ત્યારે કોઈ મસ્જિદના મિનારા અને બૌદ્ધ પૅગોડાના મિશ્રણ જેવી ડિઝાઈનનો એ મિનારો એડીસ્ટોનના ખડક પર બાંધવાનો છે એ સાંભળીને કમિટી તો મૂંગી જ થઈ ગઇ. જ્યાં દિવસના બચાર કલાક જ કામ થાય, જ્યાં દરિયો શાંત હોય ત્યારે પણ પ્રચંડ મોજાં અથડાયા કરે ત્યાં આ મિનારો કરવાનો ?

પણ એમ પાછો હઠે તો હેન્રી શાનો ? છેવટે ઈ. ૧૬૯૬ના ઉનાળામાં કામ શરૂ થયું ત્યારે હેન્રીસાહેબને જણાયું કે કામ ધાર્યા જેટલું સહેલું નથી. આખો ઉનાળો ગાળ્યો ત્યારે ચણતરને પકડવા સારુ જડવાના લોખંડી સળિયા માટે કેવળ બાર વેહ જ તેમાં પાડી શકાયાં.

બીજે વરસે એણે ૧૪ ફૂટ ચણતર કર્યું કે જે એના મિનારા માટે તો પાયા પૂરતું જ હતું. પણ ત્યાં તો એક બીજી મુશ્કેલી ઊભી થઇ. એક દિવસ મળસકે, એને ફ્રેન્ચ ચાંચિયાઓ ઉપાડી ગયા. એકાદ અઠવાડિયા પછી બ્રિટિશ ઍડમિરાલ્ટીને એક ચિઠ્ઠી મળી, જેમાં હેન્રીને છોડી મૂકવા માટે ૧૦૦૦ પાઉંડની માગણી હતી. થોડાક વખત પછી, આ જ પ્રકારે અંગ્રેજ ચાંચિયાઓએ પકડેલા ફ્રેન્ચ કેદીઓના બદલામાં હેન્રીનો છુટકારો થયો.

હવે હેન્રી ખૂબ જોરથી કામે લાગી ગયો. ઉનાળો ઊતરતાં ૪૦ ફૂટનું ચણતર કરી નાખ્યું. પછી એ ઉપર બીજો ૪૦ ફૂટનો લાકડા અને લોઢાના કોતરકામવાળો મિનારો કર્યો; અને પહેલી વાર, ૧૬૯૮ના નવેમ્બરની ૧૪મીએ પ્લીમથ જતા નાવિકોએ ઍડીસ્ટોનના ખડક પર દીવો થએલો જોયો ! આ દીવા માટે ૪૦ મીણબત્તીઓ વાપરવામાં આવી હતી.

ઈંગ્લંડભરના નાવિકોએ અંતરના આશીર્વાદોથી વિન્સ્ટૅન્લીને વધાવી લીધો.

પણ હજી દીવાદાંડી પૂરી ઊંચી ન હતી. બીજે ઉનાળે એના પર બીજું ૪૦ ફૂટનું ચણતર કર્યું. બરોબર ત્રણ વરસ નાવિકોને આશીર્વાદ રૂપ આ દીવાદાંડીએ કામ આપ્યું. દરિયાઈ વ્યવહારના ગર્વરૂપ એ બની રહી. વિન્સ્ટૅન્લીને પણ હવે એને વિષે અભિમાન જાગ્યું. એને લાગ્યું કે આના જેવું મજબૂત કામ કોઈ બીજું થયું નથી. અને એ અભિમાનમાં એણે કુદરતની સામે પડકાર ફેંક્યો કે 'હું ઈચ્છું છું કે એક ખૂબ ભયંકર તોફાનને વખતે હું એ દીવાદાંડીમા હોઉં. મને ખાતરી છે કે હું સહીસલામત જ રહેવાનો. કુદરતને મારું આહ્વાન છે કે એ એનું ભયંકર તોફાન મોકલે અને તાકાત હોય તો મારી આ દીવાદાંડીની કાંકરી યે ખેરવી જાય !'

કુદરતે બીડું ઝડપી લીધું. ઈ. ૧૭૦૩ની ૨૬મી નવેમ્બરે ઈંગ્લંડના ચોખૂટ કિનારાઓ પર, કોઈ દિવસ નહિ જણાએલું એવું ભયંકર તોફાન આવ્યું. હેન્રીને ચેતાવવામાં આવ્યો; પણ એ જરાક હસ્યો અને કહ્યું : 'ભલે આવ્યું. જોવા તો થશે કે કોણ વધુ જોરાવર છે : કુદરત કે મારી દીવાદાંડી !'

વરુણ અને વાયુદેવે આ તુચ્છ માનવીનો ગર્વ ગાળવા જાણે અટ્ટહાસ્ય કર્યું. બરોબર ૧૭ દિવસ એ ભયંકર તોફાન ચાલ્યું. એણે ઈંગ્લંડના દક્ષિણ કિનારો આખો છિન્નભિન્ન કરી નાખ્યો. ભાંગી ગએલાં વહાણો સાથે ભાગતા નાવિકો અને નાખુદાઓએ ઘણાએ કહ્યું કે અમે, પવનમાં ઊડતા વાળવાળા એ હેન્રીને એની દીવાદાંડીના ઝાંખા પ્રકાશમાં દેખેલો.

પ્રચંડ હથોડાના ઘા જેવા ક્રુદ્ધ સાગરના ઉગ્ર સપાટા આગળ પોતાની જીવનકૃતિ જેવા એ મિનારાને ખળભળી ઊઠતો જોઇ કેવા અણ-

નમું ... છકારથી એ બહાદુર આત્માએ સામનો એડચો હશે એ કલ્પવું બહુ મુશ્કેલ નથી. થોડા કલાક તો લાગ્યું કે એ ટકી રહેશે; પણ મધરાત થતાંમાં તો દીવા ઓલવાઇ ગયા. સવારે એ દીવાદાંડીનો પથ્થર સરખો પણ રહ્યો નહોતો. પણ જ્યાં સુધી એ દીવો બળ્યો ત્યાં સુધી નાવિકો સહીસલામત રહ્યા.

એ તોફાને ઇંગ્લંડને પચાસ લાખ પૌંડનું નુકસાન પહોંચાડયું. અરધું ઈંગ્લંડ જમીન-દોસ્ત થઈ ગયું. ટેમ્સના મુખ આગળ પાંચસો જહાજો ચૂરેચૂરા થઇ ગયાં; પંદર મનવારો અને બે હજાર ખલાસીઓ ગુમ થઈ ગયાં; આખા ગુડવિન કિનારા ઉપર સેંકડો વહાણોનો ભંગાર કાટમાળ વેરવિખેર પથરાઇ રહ્યો.

પણ દીવાદાંડીનું શું? બીજી સવારે એ ખડક ઉપર અમળાઈ ગએલા લોખંડના બાર સળિયા સિવાય બીજું કશું નામનિશાન રહ્યું નહોતું. એ મહાન દિલેર આદમા કુદરતસામેના યુદ્ધમાં હાર્યો હતો. વિખ્યાત અંગ્રેજ સાહિત્યકાર ડૅનિયલ ડીફોએ એ તોફાનનું તાદશ વર્ણન કરતાં લખ્યું છે કે "માણસના અભિમાનને કેવો પાઠ? જાણે તોફાને ગંભીર અવાજે પૂછ્યુ, 'શું તારા હાથ પરમેશ્વર કરતાં યે મજબૂત છે?'"

હેવ્રી તો એની દીવાદાંડી સાથે ગયો; પણ દીવાદાંડીની જરૂરિયાત સમજાવી ગયો. પછી ત્યાં બે દીવાદાંડી બંધાઈ. પણ હેવ્રીની દીવાદાંડીનો દીવો એ છેલ્લો બુઝાએલો દીવો હતો."

"વિશ્વોને વેંતમાં ને યુગોને પલકમાં સમાવનાર કોઈ વિદ્યા છે? સૈકાઓને ક્ષણમાં, ખંડોને ફકરામાં, અનંતને સાન્તમાં ને ક્ષરને અક્ષરમાં આંતરનાર કોઈ કીમિયો હશે કે?

માનવના અભિપ્રાય, ઊર્મિ, આવેશ, હર્ષ, શોક, ભય અને રાગદ્વેષભર્યા વિચારોને ઉચ્ચારનાર, ઉચ્ચારેલા એ વિચારોને અનવધિ સંઘરનાર કોઇ સાધન જાણો છો?

હળવાની, દેવતા પાડવાની, વાસણ ઘસવાની, ખેતી કરવાની અને એવીએવી શોધો જેણે પ્રથમ કરી, એણે માનવજાતિ પર જે અપાર ઉપકાર કર્યો છે તેની પૂરી કદર કે કિંમત આજના વાયુવેગી વિજ્ઞાનથી અંજાઈ જવાને લીધે આપણે કરી શકવાના નથી. એ જ રીતે જેણે વર્ણમાળા રચી ને લેખનકળા સ્થાપી એમનો પણ વિશ્વ પર ઓછો ઉપકાર નથી.

પહેલાં અક્ષરો પથ્થરમાં કોતરાવા લાગેલા. ત્યાર પછી તાડપત્ર તથા છાલ પર અને પાછળથી લાકડાં, ધાતુ, ચામડાં ઇ. પર કોતરાવા લાગ્યા ને શાહી શોધાયા પછી લખાવા લાગ્યા.

લેખનકળા પછી મુદ્રણકળા વિકસી. મુદ્રા એટલે બીબું. બીબાં વડે છાપવાની કળા તે મુદ્રણકળા; ને એ મુદ્રણકળા ચીનમાં બે હજાર વર્ષથી ચાલી આવતી આપણને જણાય છે."

આ રીતે શરૂઆત કરીને પછી એ કળામાં આજના યુગે કરેલી પ્રગતિમાં થએલા એક નવા પગરણ—'લાઇનોટાઈપ' યંત્રની વાત કહેતો એ ઉપયોગી લેખ આગળ ચાલે છે:

"પાંચસો વર્ષ પહેલાં જર્મનીમાં ગટનબર્ગે વર્તમાન સ્વરૂપનું છાપખાનું શરૂ કર્યું. એણે પોતાના ઉદ્યમ અને તર્ક વાપરીને એને નૂતન સ્વરૂપ આપ્યું ને ત્યારથી જ યુરોપને આંગણે ઉન્નતિના ગણેશ મંડાયા. છાપખાનાએ જ નવો પ્રકાશ આપ્યો ને પશ્ચિમમાં જ્ઞાનની રોશની પ્રકટી! એ જ્ઞાન વડે જ ત્યાં સત્તા ને સમૃદ્ધિની છોળો ઊડવા લાગી. પશ્ચિમ પાસે આજે જે સત્તા છે, સમૃદ્ધિ છે, તે એ જ્ઞાનને પ્રતાપે.

ગટનબર્ગના કાળ સુધી બીબાંઓ અક્ષર-અક્ષરનાં નહિ પણ પાનાંઓનાં અને શબ્દોનાં હતાં. એને આ સદીઓજૂની ભૂલ નજરે પડી. એને થયું: શબ્દોના ઢગલા બનાવવા પાછળ નાહક આ કેટલું ખર્ચ? અને એમાં કેટલા યે ફાજલ પડયા રહે તેનું ફુજૂલ ખર્ચ શા માટે? એને જણાયું કે ભાષાનો એકમ શબ્દ ભલે હોય, પણ લેખન અને મુદ્રણનો એકમ તો અક્ષર બનવો જોઇએ. તરત જ એણે શબ્દો ને બદલે અક્ષરનાં બીબાં બનાવ્યાં ને એ રીતે અનહદ ખર્ચ ને મહેનત બચ્યાં. મુદ્રણકળાનો વેગ વધ્યો.


પ્રિન્ટિંગ પ્રેસના પિતા ગટનબર્ગે સાંચાથી છાપકામ શરૂ કરી તેને નવો વેગ આપ્યા પછી છેક ૧૯મી સદીની આખરમાં એ ગટનબર્ગના હોહેનઝોલર્ન કુળમાં જ એક નબીરો પાકચો. એનું શુભ નામ મર્ગેન્થેલર. મર્ગેન્થેલરના સમય સુધી હજારો માણસોને સેંકડો ખાનાંમાંથી લાખો બીબાં ઉપાડી ઉપાડી ગોઠવવાં પડતાં અને છપાઇ રહે એ પાછાં ખાનાંમાં મૂકવાનાં રહેતાં. એમાં જે મહેનત, જે ખર્ચ ને જે કાળક્ષેપ થતો તે જોઈ મર્ગેન્થેલરને થયું: આ તે કેમ પોસાય? માનવીને માથે આ મહેનત તો ઘણી ક્રૂર અને જંગલી ગણાય. આથી તેણે એક યંત્ર બનાવ્યું જેણે આગલી તમામ હાલાકી દૂર

બીબાં બનાવવાનું, એ બીબાં ખાનાંઓમાં ભરવાનું, અને એ ખાનાંઓમાંથી અક્ષરો પ્રમાણે એક પછી એક ઉપાડી ગોઠવવાનું. આ બધી મુશ્કેલી ટાળવા મર્ગેન્થેલરે લીટીલીટીએ બીબાં ગોઠવાઇને ધાતુમાંથી નવાં જ ઢળતાં જાય તેવી યોજના કરી. એ યંત્ર તે લાઇનોટાઈપ.

આ લાઈનોટાઈપ(પંક્તિમુદ્રણ)યંત્ર પર એક ટાઇપિસ્ટની ઝડપે લીટીઓ કૅમ્પોઝ થતી ને ઢળતી જાય છે. માત્ર જેવી ટાઇપિસ્ટની ઝડપ તેવી એ યંત્રની ઝડપ. (જુઓ નીચેનું ચિત્ર)

લાઈનોટાઇપ વીજળીથી ચાલે છે. તેમાં એક બાજુ સીસું ભરેલું હોય છે અને બીજી બાજુ ટાઈપરાઈટરની માફક ચાવીઓનું સંજ્ઞાપટ હોય છે. ટાઇપિસ્ટની માફક જ કમ્પોઝિટર આ ચાવીઓને દબાવે છે એટલે કંપોઝ થતું જાય છે. આવી એક લીટી થાય એટલે તેને યંત્ર પોતાની મેળે સરખી કરી લે છે. પછી બીજી ચાવી દબાવતાંની સાથે જ વીજળીની ગરમીથી પીગળીને રસ થએલું સીસું યોગ્ય જગ્યાએ આવી તેમાંથી એ લીટી ઢળાઈ જાય છે. આમ પાનાંના પટ તૈયાર થાય છે. એ છપાઈ રહે તે જ ધાતુ પાછી ઓગાળી કામમાં લઈ શકાય છે.

હાથથી કામ કરતા આઠદસ કમ્પોઝિટરનાં જેટલું કામ ફક્ત એક માણસ એ યંત્રથી કરી શકે છે. એમાં છૂટાછૂટા કેસોમાંથી છૂટાં બીબાં લઇલઇને ગોઠવવાની કડાકૂટ રહેતી નથી. અને દરેક વખતે નવા જ ટાઇપો પડતા હોવાથી છાપકામ પણ સ્વચ્છ સુંદર થાય છે."



નટવરલાલ માલવી એના અનુસંધાને એક બીજો પ્રયોગ સૂચવે છે: ઉષઃપાન

'**શી**રો શિરાવો'માં એકબે મુદ્દા ઉમેરવાના રહી ગએલા. એક વાત આપણી પરંપરા મુજબના ઉષ:પાનની છે. આગલી રાત્રે ત્રાંબાના લોટામાં ભરી રાખેલું પાણી ૪ાા-૫ વાગ્યે પી જવું ને પછી પાછું સૂઈ જવું–એક ઊંઘ કાઢવી. એથી આંખનું તેજ બુદ્ધિ તથા જ્ઞાનતંતુઓની સર્વાંગી શક્તિ વધે છે, અને દસ્ત સાફ આવી શરીરની નીરોગિતામાં વૃદ્ધિ થાય છે. એ રીતે પાણી નાક વાટે પીવાનું લખ્યું છે, પણ બધાથી તે બને તેવું નથી, ને યોગ્ય રીતે ન થાય તો તેનાથી નુકસાન થવા ભો રહે છે; કદીક પાણી ફેફસાંમાં દાખલ થતાં રોગ થયાના કિસ્સા પણ જાણ્યા છે, એટલે મોં વાટે જ પાણી પી લેવાનું રાખવું સલામત છે. એ રીતે કરનારા ઘણા હોય છે, અને તે સામાન્યરીતે માનસિક અશક્તિ અને પેટના રોગોથી મુક્ત રહેવા પામે છે. મારા અખતરાબાજ જીવે એ લાંબો વખત કર્યું નથી, પણ એક સ્નેહીએ લાંબા વખતથી એ ટેવ પાડેલી છે, અને ૬૩-૬૪ વરસની વયે ખાસ્સી નીરોગિતા ભોગવે છે.

મેં કંઈક જુદી રીતે કરેલું: જ્યારે ઊઠી જવાય ત્યારે છએ, સાડા છએ કે સાતે એવું તામ્રજળ પીવાનું. પછી સૂવા-ઊંઘવાની વાત નહિ. એથી લાભ તો થયો છે, પણ પેટ પૂરતો. એ રીતનું જળપાન મગજને અસર નથી આપતું, નહિ આપી શકે એવું લાગ્યું છે. જરાતરા અસર કદાચ થતી હશે. કંઈક એવો પણ વહેમ છે, કે એથી આંતરડાંની પાચનશક્તિ કંઈક ઘટે છે, હોજરી મંદ પડે છે. પણ નક્કી કહી શકતો નથી.

પણ થોડા વરસ પૂર્વે એક કિસ્સો મારી કને આવેલો, તે રસિક ને બોધપદ છે. કોઈકની મારફત એક ભાઈ આવેલા, માથાના સખત દુખાવાની દવા લેવા. મેં એમની બધી તપસીલ પૂછી લીધી. સામાન્ય મજૂરિયો માણસ, અને કામ કરતો કોઇક લુહારને ત્યાં ધમણ ચલવવાનું. એટલે કે સમગ્ર દિવસ એને લુહારની ધમધમતી ધગધગતી ભઠ્ઠી પાસે જ બેસી રહેવાનું. આ 'ધંધા'માંથી જ એના માથામાં— ને શરીરમાં ય કદાચ—ખૂબ ગરમી વ્યાપી ગઈ છે એવી સૂઝ મને આવી ગઈ, અને ઉપાય તરીકે મેં એને મળસકાનું જળપાન જ બતાવ્યું; સવારે ઊઠી પાણી પી પાછા સૂઈ જવાનું. પણ એટલું જ કહ્યું હોત, તો એને શ્રદ્ધા બેસત નહિ. એટલે મેં એને બે-ચાર પડીકાં બાંધી આપ્યાં. એક પડીકું રાત્રે તામ્રલોટામાં નાખી, તે પાણી સવારે પી જઈ ઊંઘ કાઢવાની. બીજાં પડીકાં તે પછી દિવસના ગાળામાં લેવાનાં. પડીકામાં તો ફક્ત 'સાઇકોલૉજી' જ નાખેલી હતી–માનસોપચાર: સાદો ભૂકો, જેઠીમધના છોડાનો હતો, સ્વાદિષ્ટ ચૂર્ણ. જેને દાકતરો પણ પલ્વિસ ગ્લિસરાઇઝને નામે વાપરે છે તે જ. તે ન આપ્યો હોત તો પણ અસર તો થવાની જ હતી, શારીરિક દોષ તો દૂર થવાનો જ હતો. પણ તેના વિના તેને શ્રદ્ધા પ્રકટત નહિ. પાંચેક દિવસે ફરી મળવા જણાવ્યું.

ચારેક દિવસે જ એ ભાઇ રાજી થતાથતા આવીને કહે કે: 'મોટાભાઈ, તમારી દવા તો જાદુ જેવી માલૂમ પડી છે. ઘણી દવાઓ કરી કરી હેરાન થયો, પણ મટતું નહોતું.' (સંભવ છે, કે એનો ધંધો જાણવાની અગર તો તેને ગણતરીમાં લેવાની પરવા એના વૈદદાકતરોએ નહિ કરી હોય. કેવળ ભઠ્ઠીના સતત સાન્નિધ્યે જ આ મરજ ઉત્પન્ન કર્યાની વાત તેમના લક્ષ બહાર જ ગઈ હશે.) 'તમારી પડીકીઓએ તો મને ખૂબ સુખી કરી નાખ્યો. માથામાં શાંતિશાંતિ થઈ ગઈ.'

આ ભાઇને આધાશીશી નહોતી, માથામાં લ્હાય બળતી હતી તે જ બીમારી હતી, ને બ્રાહ્મ મુહૂર્તં કરેલા સાદા જળપાનથી જ વગર ખર્ચે ને વગર તકલીફે એનો આજાર મટી ગયો હતો.

મતલબ એ કે બ્રાહ્મ મુહૂર્તનું આપણાં શાસ્ત્રોમાં જે માહાત્મ્ય વર્ણવેલું છે, તે આપણે સમજવા પામ્યા નથી, ને તેનો ઉપયોગ કદીક જ કરીએ છીએ, બરાબર નથી કરતા. બરાબર કરીએ તો આપણી નીરોગિતામાં વૃદ્ધિ થાય. એમાં, અલબત્ત, સંયમની–જીવનનિયમનની જરૂર પડે છે; પણ એક વાર આદત પડી ગઈ, થોડો ત્રાસ વેઠીને ય પાડી દીધી, એટલે રાજ તમારું જ છે.

[લેખક સાથે પત્રવ્યવહાર કરવાનું સરનામું: 'ગાંડીવ કાર્યાલય', હવાડિયો ચકલો, સૂરત. જવાબ માટે ટિકિટ બીડવી જરૂરી છે.]

અનુસંધાન] **કલામાં ત્રિકૃતીકરણ** [પૃ. ૬૦થી

લીલો, લાલ, સફેદ વગેરે છે. વળી બહારનું ઝાડ અને એની કાળી પશ્ચાદ્ભૂમિ ચિત્રના આંતર અને બાહ્ય ભાગો પણ સ્પષ્ટ રજૂ કરે છે.

ચિત્ર ૧૮—પિકાસોના 'ગર્નિકા' નામના ચિત્રનો એક ભાગ: અહીં યુદ્ધના—તેની ખુવારીના પ્રતીક જેવો ગાંગરતો ખૂંટિયો કર્યો છે અને તેના પગની વચ્ચે યુદ્ધની ભોગ બનેલી રિબાતી પીડાતી માનવજાતને રજૂ કરવા એક મા અને બાળક ચીતર્યાં છે. આ પ્રતીકો સહેલાઇથી ઓળખી સમજી શકાય છે તેમજ મૂળનાં સ્વભાવ અને ખાસિયતો સાથેની પ્રતીકની સરખામણી પણ (ખૂંટની વિનાશ કરવાની, કચડી નાખવાની શક્તિ અને યુદ્ધની સરખામણી પણ) સમજાય એવી છે.

પરંતુ ચિત્ર નં. ૧૯–૨૦માં એવાં, ઓળખાય એવા પ્રતીકો નથી. ચિત્ર ૧૯ એ પિકાસોના 'યુદ્ધ' (વૉર) નામના ચિત્રમાંથી લીધેલો ભાગ છે. એમાં કૈં ઓળખી શકાતું નથી. તે 'ઍબ્સ્ટ્રૅક્ટ' અમૂર્ત આકારો છે. પણ એમાં રહેલી અવ્યવસ્થા ગૂંચ, ગોટાળો, તેમજ વીંછી, કાનખજૂરા ને વાંદા જેવા જુગુપ્સા ઉત્પન્ન કરે એવી જીવાત સાથેનું તેનું સામ્ય યુદ્ધની, ને તેની અસરની ભાવના જગાવવામાં (મૂળ–આખા ચિત્રમાં) કામયાબ નીવડે છે. રંગો પણ એમાં મહત્ત્વનો ફાળો આપી જાય છે.

જ્યારે ચિત્ર નં. ૨૦, એ 'યુદ્ધ'ની સાથોસાથ કરેલું 'શાન્તિ'(પીસ) નામના ચિત્રમાંથી લીધેલી એક વિગત (ડીટેઈલ) છે. એમાં પણ એ આકાર શું છે એ ઓળખી શકાતું નથી. (કદાચ યુરોપમાં આ પ્રતીક સામાન્ય હોય કે તેમની ધર્મકથાઓ જોડે એને કંઈ સંબંધ હોય તો ખબર નથી, પણ આપણા માટે તો એ ઍબ્સ્ટ્રૅક્ટ–અમૂર્ત જ છે); છતાં તેમાં રહેલી વ્યવસ્થિત રચના, નિયમિત અંતરે પુનરાવર્તન પામતા આકારો, વગેરે મળીને શાન્તિ, વ્યવસ્થા, શિસ્ત અને ઉત્સાહની ભાવના ઊભી કરવામાં (આ આકારો તથા તેના રંગો) આખા ચિત્રમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે. (અગાઉ આવી ગએલું ચિત્ર નં. ૫ પણ આ 'શાન્તિ' નામના ચિત્રનો જ ભાગ છે.)

ચિત્ર ૨૧—જુઓ 'કુમાર'ના ગયા ડિસેમ્બર અંક(૪૩૨)માંની જાહેરાત 'વિકાસનો પ્રકાશ'નું ચિત્ર. એમાં એક પેટ્રોમૅક્સ સળગતી અને એના પ્રકાશમાં દેખાતી વસ્તુઓ દર્શાવી છે. પ્રકાશ પડતો ભાગ સફેદ છે, પણ પ્રકાશ નથી પડતો ત્યાં કશું જ દેખાતું નથી.

ચિત્ર ૨૨માં એક મેજ પર બળતો દીવો અને બાજુમાં ખુરશી ઉપર બેઠેલી સ્ત્રીનું આલેખન છે. પરંતુ ચિત્ર નં. ૨૧ની પેઠે અજવાળું દેખાય તેટલો જ ભાગ અહીં નથી દેખાડ્યો, પણ બધી જ વસ્તુઓ તેની વિગતો સાથે સ્પષ્ટ દોરવામાં આવી છે. તેમ છતાં દીવાના પ્રકાશની અસર ઊભી કરવા 'છાયા-પ્રકાશ'(લાઈટ ઍન્ડ શેઈડ)નો ઉપયોગ પ્રતીક તરીકે કરવામાં આવ્યો છે. વળી ચિત્રમાં વધારે જગ્યા કાળો રંગ રોકે છે, તેના લીધે પણ સફેદ જગ્યા પ્રકાશની અસર પેદા કરે છે. આનું આ ચિત્ર જો માત્ર રેખાઓમાં કર્યું હોય તો આમાં દેખાય છે તેવો ભાવ—નાટ્યોચિત ભાવ (ડ્રૅમૅટિક મુડ) તેમાં ન આવે.

અનુસંધાન] બેરન્ટ્સ [પૃષ્ઠ ૫૪થી

તે તો તેમના દરેકના માથાના ઊભા થઇ ગએલા વાળ કહી આપતા હતા.

થોડા દિવસ પસાર થયા અને બરફના સંકટમાંથી તેઓ બચી ગયા, પણ ધ્રુવરાત્રિ પસાર કરવાનું મોટું સંકટ તો તેમને માથે લખાઇ જ ચૂકયું. જે માણસો ધ્રુવરાત્રિ પસાર કરવાની તૈયારી સાથે આવ્યા હતા, તે માણસોનાં મન પણ, ખરેખર જ્યારે ધ્રુવરાત્રિ પસાર કરવાનો વખત આવ્યો ત્યારે, અસ્વસ્થ બની ગયાં; કારણ કે દુનિયાના કોઇ પણ સાહસિકે ન અનુભવેલી (અલબત્ત, ધ્રુવપ્રદેશમાં રહેતા એસ્કિમો અને એવી બીજી જાતિના લોકોને તો, ત્યા રહેતા હોવાને લીધે એવી રાત્રિ પસાર કરવી પડે એ દેખીતું છે. પણ તે માટે તેમની પાસે કુદરતી શક્તિ હોય, સાધનો હોય અને એ પ્રદેશના તેઓ પૂરા જાણકાર પણ હોય. વળી સોળમા સૈકામાં યુરોપીય સાહસિકો એસ્કિમોના એટલા સંપર્કમાં આવ્યા નહોતા અને અનુભવની લેવડદેવડ થઇ નહોતી. ધ્રુવપ્રદેશમાં દૂરદૂર સુધી એસ્કિમો વસે છે એવી કેટલાકને તો તે સમયે ખબર પણ નહોતી. માટે જ ધ્રુવરાત્રિની વાત તેમનામાં ભય-ની લાગણી જન્માવતી.) અગમ્ય, અકલ્પ્ય ધ્રુવરાત્રિનો પ્રત્યક્ષ અનુ-ભવ કરવાની વાત આવતાં તેમના ચિત્તની વિકળતા વધી ગઈ.

આ પ્રસંગે બેરન્ટ્સે વહાણમાં બધાને એકઠા કરી સમજાવ્યું, “જુઓ, જે પરિસ્થિતિમાં આપણે મુકાયા છીએ તે હવે આપણે માટે અનિવાર્ય છે. માટે આપણે જો ડાહ્યા હોઇએ તો નિરર્થક શોક કરવાનું મૂકી દઇ, મન મક્કમ કરી આ પ્રદેશમાં રાત ગાળવા માટે સારી તૈયારી કરવી જોઇએ. આ દુનિયામાં હજુ સુધી કોઇને મળી નથી એવી, ધ્રુવપ્રદેશમાં દીર્ઘરાત્રિ ગાળવાની તક ઈશ્વરે આપણને સૌપહેલી આપી છે એમ જ આપણે સમજવું જોઇએ. અહીંની અસહ્ય ઠંડી ને અહીંનાં ભયંકર શ્વેત રીંછો સામે જીવતા રહેવું એ સહેલી વાત નથી, એ આપણે જાણીએ છીએ. પરંતુ હવે તો ઈશ્વરને ભરોસે આપણી જિંદગી સોંપી દઇને આપણે આપણાથી બનતું બધું જ કરી છૂટવું.”

બેરન્ટ્સના પ્રેરક ઉદ્‌બોધનથી દરેકના જીવમાં જીવ આવ્યો. તેમના નિરાશ ને નિસ્તેજ ચહેરા પર કંઇક આશા ને તેજ પથરાવા લાગ્યાં. બેરન્ટ્સ ટુકડીનો નેતા હતો. એટલે એની જવાબદારી બેવડી થઇ ગઇ હતી. એક તો રાત ગાળવા માટે યોજનાપૂર્વક તૈયારી કરવાની, અને બીજી, દરેકના ઉત્સાહને સતત જાગ્રત રાખવાની. બેરન્ટ્સના મનમાં પણ ડર તો હતો જ કે આ સંજોગોમાં ઝાઝો વખત નહિ જીવાય. પણ અત્યારે પોતાનો એ ડર પ્રગટ કરી બીજાઓની નૈતિક હિંમત ભાંગી નાખવાની નહિ, પણ ટકાવી રાખવાની અને વધારવાની જરૂર હતી.

આસપાસના બરફનું જોખમ શમતાં તેમણે રહેવા લાયક જગ્યા માટે આસપાસમાં તપાસ શરૂ કરી દીધી. થોડેક દૂર નાનકડા ટાપુ જેવી એક જગ્યા તેમને અનુકૂળ લાગી. ત્યાર પછી તેઓ આજુબાજુ-ના વિસ્તારથી પરિચિત થવા માટે રખડવા લાગ્યા. સદ્‌ભાગ્યે એક સ્થળે પાણીના પ્રવાહમાં ખેંચાઇને આવેલાં લાકડાં પડયાં હતાં. વન-સ્પતિ વિનાના આ પ્રદેશમાં લાકડાં જોઈ તેઓ આનંદમાં આવીને નાચવા લાગ્યા, કારણ કે લાકડાનું ઘર બાંધીને રહેતાં વધારે સુરક્ષિત થવાશે અને ઠંડીમાં ગરમી મેળવવા લાકડું બાળવાના કામમાં આવશે.

વહાણમાંથી બધો સામાન ઉતારી પસંદ કરેલી જગ્યાએ તેઓ લઇ ગયા. લાકડાં કાપી, છોલી તેમણે કામચલાઉ ઘર બાંધવાનું શરૂ કર્યું. સૌ જુદાજુદા કામે લાગી ગયા હતા. તેમના સાથે એક સુથાર પણ હતો. એણે ઘર તૈયાર કરવાનું કામકાજ ઉપાડી લીધું. ઘર હજુ તૈયાર થતું હતું ત્યાં તો ઠંડી એકાએક વધવા માંડી. એ અસહ્ય ઠંડીએ સૌથી પહેલો ભોગ લીધો સુથારનો. કામ કરતાં કરતાં જ એ ઢળી પડયો: દીર્ઘરાત્રિ શરૂ થઈ નહોતી, ત્યાં તો આ અમંગળ શરૂઆત થઇ. આથી તેમનામાં હાહાકાર પ્રવર્તી ગયો. તેમનાં હૃદય ભગ્ન થઇ ગયાં. એમાં વળી બીજે દિવસે એક કારીગર ઊંચે ચઢી ઘરના લાકડામાં ખીલા ઠોકતો હતો. એક ખીલો ઠોકતાં ઠોકતાં બીજો ખીલો ખિસ્સા-માંથી કાઢી એણે મોઢામાં મૂકયો. અને પહેલો ખીલો ઠોકાઈ જતાં મોઢાનો ખીલો જ્યારે એણે બહાર કાઢયો ત્યારે એની સાથે બરફ વળગેલો હતો. મોઢાનું થૂંક બરફ બની ગયું હતું અને ખીલા સાથે એ બરફ નીકળતાં એની પાછળ મોઢામાંથી એકદમ લોહી વહેવા લાગ્યું. અને ઘડીકમાં તો એ બેભાન થઈ નીચે પડયો. તરત એની સારવાર કરવામાં આવી અને એ મૃત્યુમાંથી ઊગરી ગયો. પણ એની માંદગી ઠંડી કેટલી બધી અસહ્ય બની ગઈ હતી એનો પુરાવો હતી. જે પ્રદેશ-માં આટલી ઠંડી શિયાળાની દીર્ઘરાત્રિ પહેલાં પડતી હોય, ત્યાં એ રાત્રિ દરમિયાન કેટલી ઠંડી પડશે એની કલ્પના કરવી મુશ્કેલ હતી.

આ બે બનાવથી તેઓ બધા જ હતોત્સાહ થઇ ગયા. ઘર બાંધ-વાનું તેમનું કામ મંદ પડી ગયું. ઠંડી સામે રક્ષણ કરવા, શરીરમાં ગરમી લાવવા તેમણે બધા જ પ્રયત્નો કરવા માંડયા. ઠંડી એટલી સખત પડતી કે તેમના હાથપગનાં આંગળાં થીજીને લાકડા જેવાં થઈ જતાં. એ હાથે કશું ઝાલવા–પકડવાનું કે બીજું કંઈ કામ કરવાનું તેમને ફાવતું નહિ. થીજેલા પગે હરતાંફરતાં જાણે ખાક્ષી ચડી હોય એવું લાગતું. ઠંડીને લીધે તેમનાં કપડાં ચામડાં જેવાં બની ગયાં હતાં, અને શરીર સાથે ઘસાયા કરવાથી તેમને શરીરે ચાઠાં પડતાં હતાં. લાકડાં સળગાવી તેઓ જ્યારે કપડાં નરમ કરતા, ત્યારે સળગતાં લાકડાં તરફ જે બાજુ હોય તે નરમ થતી, અને બીજી બાજુ તો ફરી પાછી એવી ને એવી જ ચામડા જેવી થઈ જતી. આવી ઠંડીમાં પણ ગેરીટ દ વીર (Gerrit de veer) નામનો સાહસિક પોતાની આંગળીઓ થીજેલી રહેવા છતાં રોજેરોજનો પોતાનો વૃત્તાંત લખવાનું ચૂકતો નહિ.

ઘર બાંધવાનું કામ ચાલતું હતું તે દરમ્યાન રીંછો વારંવાર તેમની સામે ધસી આવી તેમના કામમાં ખલેલ પાડતાં હતાં. બધાની પાસે બંદૂક રહેતી નહિ, ને તેઓ કામમાં હોય ત્યારે કઈ દિશામાંથી રીંછ આવતાં તે, બરફના રંગ સાથે તેનો રંગ ભળી જતો હોવાને લીધે ઝટ ખબર પડતી નહિ. એટલે રીંછ આવવાની ખબર પડે કે તરત તેમને બધું કામ પડતું મૂકીને, જીવ બચાવવા નાસાનાસ કરીને સંતાઇ જવું પડતું. લગભગ એક મહિને બત્રીસ ફૂટ લાંબું, ત્રીસ ફૂટ પહોળું અને લગભગ એટલું જ ઊંચું તેમનું લાકડાનું ઘર તૈયાર થઇ ગયું. ઘરની છતમાં તેમણે મોટું ધુમાડિયું પણ બનાવ્યું હતું. ઘરમાં તેમણે સૂવા માટે કામચલાઉ ખાટલા પણ બનાવ્યા હતા. બરાબર વચ્ચે તેમણે એક મોટું ફાનસ લટકાવ્યું. ફાનસ સળગાવવા રીંછની ચરબી કામે લાગી હતી. એક દીવાલ પર તેમણે ઘડિયાળ ટાંગ્યું હતું. દીર્ઘરાત્રિમાં કેટલા દિવસનો સમય પસાર થાય છે એ ફક્ત આ ઘડિયાળની ગણ-તરી પરથી જ સમજાય એમ હતું.

શિયાળાની લાંબી રાત શરૂ થઈ. તેઓ હવે તેમના ઘરમાં રહેવા લાગ્યા. શિયાળા માટે ચાલે એટલો ખોરાક તેમણે રીંછ, લોંકડી વગેરેનો શિકાર કરી મેળવી લીધો હતો. જેમજેમ સમય પસાર થતો જતો હતો અને રાત જામતી જતી હતી તેમતેમ ઠંડીનું પ્રમાણ વધતું જતું હતું. તેઓ ઘરમાં વચ્ચે લાકડાંની તાપણી કરીને બેસતા, છતાં તેમની ટાઢ ઊડતી નહિ, ભડકે બળતા તાપણાની અસર શરીર પર કંઇ થતી નહિ. એથી તેઓ પોતાના હાથ કે પગ સીધા દેવતામાં મૂકતા, છતાં કંઈ ગરમી મળતી ન હોય એવો તેમને અનુભવ થતો. અલબત્ત, તેમ કરવાથી તેમના હાથેપગે ઘણી વાર ફોડલા પડી જતા.

એક વખત બારીબારણાં બંધ કરીને તાપણા આગળ બેઠા, છતાં ઠંડી ખૂબ લાગવા માંડી. હવે ઠંડી ઓછી કરવાનો ઉપાય એ હતો કે નાનાંનાનાં બાકોરાંમાંથી બહારથી આવતી ઠંડી બંધ કરી દેવામાં આવે. એ પ્રમાણે તેમણે બધાં નાનાં બાકોરાં અને કાણાં બંધ કરી દીધાં. એથી તેમની ઠંડી ઓછી થઈ અને શરીરને ગરમીની હૂંફ મળવા માંડી. આવી સરસ સગવડથી આનંદમાં આવી તેઓ તડાકા મારવા લાગ્યા અને થાક્યા એટલે પોતપોતાની પથારીમાં જઈ સૂઈ ગયા. થોડાક કલાક પસાર થયા ત્યાં તો તેમને ગૂંગળામણ ને બેચેની થવા લાગી. બારણાં અને બાકોરાં ખોલવાની જરૂર ઊભી થઈ, પણ એ ખોલવા જેટલી શક્તિ કે રુચિ તેમનામાં રહી નહિ. ક્ષણેક્ષણે તેઓ વધારે ગૂંગળાવા લાગ્યા અને બૂમાબૂમ કરવા લાગ્યા. બે માણસો પોતાની પથારીમાં બેઠા થયા, પણ ચક્કર આવવાને લીધે પાછા પડી ગયા. છેવટે એક સશક્ત માણસે હતી એટલી બધી શક્તિ એકઠી કરી, ઊભા થઈ લથડિયાં ખાતાંખાતાં બારણા પાસે પહોંચી બારણું ખોલવાનો પ્રયત્ન કર્યો. બારણું ખોલતાંખોલતાં જ એ બેભાન થઇને જમીન પર પછડાઇ પડ્યો. પણ બારણું ખોલીને એણે પોતાની જાતને ને આખી ટુકડીને મોતમાંથી બચાવી લીધી. બહારની ઠંડી હવા ઘરમાં આવતાં તેમની બેચેની ઓછી થઈ. જે ઠંડીનો પ્રતિકાર કરવા માટે તેઓ તનતોડ મહેનત કરતા હતા તે ઠંડીને, આવી બેચેનીને વખતે તેઓ આવકારવા લાગ્યા.

રાતને વખતે રીંછ, શિયાળ, લોંકડી વગેરે માનવશિકાર માટે તેમના ઘર આગળ ભટક્યા કરતાં. કોઈકકોઇક વાર તો એકસામટાં સેંકડો શિયાળ આવતાં અને ઘરના છાપરા પર ચડી ચિચિયારીઓ કરતાં, કૂદાકૂદ કરતાં અને ધુમાડિયામાંથી ઘરની અંદર જોઈ જાતજાતના અવાજ કરતાં. આથી કેટલીક વાર તેમને ગમ્મત પડતી અને કેટલીક વાર તેમને બીક પણ લાગતી. એકલો માણસ, પાસે શસ્ત્ર હોવા છતાં, ઘરની બહાર જવાની હિંમત કરી શકતો નહિ. એટલે તેઓ જ્યારે ઘરની બહાર નીકળતા ત્યારે છસાત માણસો સાથે શસ્ત્ર સહિત નીકળતા. અલબત્ત, બહાર ઠંડી એટલી બધી હતી કે અનિવાર્ય ન હોય તો તેઓ નીકળતા નહિ, ને નીકળતા તો ઝટઝટ પાછા ઘરમાં ભરાઈ જતા.

ઘડિયાળ નિયમિત પોતાનું કામ કરતું જતું હતું. એક પછી એક દિવસ (અલબત્ત, એટલે રાત્રિનો જ સમય) પસાર થતો જતો હતો. કેટલાકની તબિયત નરમગરમ રહ્યા કરતી હતી. ખુદ બેરન્ટ્સની તબિયત પણ સારી રહેતી નહોતી. જે દુઃખદ સ્થિતિમાં તેઓ બધા મુકાયા હતા તેમાં પણ નાયક બેરન્ટસ બધાને અનેકવિધ પ્રકારે આનંદ કરાવતો અને કોઈને પણ નાહિંમત કે નિરુત્સાહ થવા દેતો નહિ. કોઈક વાર તેઓ નાચગાન કરતા તો કોઈક વાર નાટક ભજવતા કે ખેલ કરતા અને એ રીતે પોતાના દુઃખને હળવું કરતા. ગેરીટ દ વીર પોતાનો રોજેરોજનો અહેવાલ લખવામાં ને ચિત્રો દોરવામાં મશગૂલ રહેતો. એમ કરતાં ડિસેમ્બર મહિનો ચાલુ થયો અને નાતાલના દિવસો આવ્યા. ૧૫૯૬નું વર્ષ પૂરું થયું અને જાન્યુઆરીની પહેલી તારીખે નવું વર્ષ બેઠું. જે સમયે પોતાનાં સગાંસ્નેહીઓ, મિત્રો, દેશબાંધવો, અરે, તેમના સાહસ માટે પૈસા આપનાર વેપારીઓ સુદ્ધાં નાતાલના દિવસો ઊજવી રહ્યા હતા અને નવા વર્ષની ખુશાલી માણી રહ્યા હતા તે સમયે તેઓ શિયાળાની અંધારી રાત્રિની અસહ્ય ઠંડીમાં એક અંધારી કોટડીમાં સડી રહ્યા હતા. તો પણ પોતે પોતાની રીતે, સંજોગો પ્રમાણે નાતાલ અને નવા વર્ષનો દિવસ ઊજવવો એમ બેરન્ટ્સે નક્કી કર્યું. એથી તેમનામાં કંઈક ઉત્સાહ આવ્યો. તેમણે એક નાટક ઉપજાવી કાઢ્યું અને તે ભજવવા માટે તૈયારી કરવા માંડી. બેસતા વર્ષના દિવસે તેમણે તે નાટક ભજવ્યું. કોઈક રાજા બન્યો, કોઇક પ્રધાન બન્યો, અને નાટકમાં ભાગ ન લેનારા પ્રેક્ષકો. રીતસર ટિકિટ લઇ તેઓ નાટક જોવા બેઠા. દુઃખમાં પણ નવું વર્ષ ઊજવવાનો તેમનો ઉત્સાહ ઓછો નહોતો. મધરાતે બરાબર બાર વાગ્યે તેમણે બંદૂકોના કેટલાક બાર કર્યા અને જુદીજુદી વસ્તુઓ લઈ ખખડાટ કર્યો. તેઓ સાહસ-સફરના વધુમાં વધુ આનંદના દિવસો માણી રહ્યા હતા, તે સમયે એમના દેશબાંધવોએ એમના જીવતા હોવાની આશા છોડી દીધી હતી.

૨૭મી જાન્યુઆરીએ, લગભગ ચાર મહિનાની સતત રાત્રિ પછી, તેમનામાંના એક જણે બારણું ખોલ્યું ત્યારે એણે ક્ષિતિજ પર પ્રકાશ જોયો. તરત એણે બધાને વાત કરી. પ્રકાશ જોવા સૌ ઉત્સાહભેર એકઠા થયા. થોડીવારમાં સૂર્ય ક્ષિતિજ પર દેખાયો. સૂર્યપ્રકાશમાં તેમણે જોયું તો સમુદ્રમાં બરફની એવી મોટી મોટી રચનાત્મક આકૃતિઓ થઈ ગઈ હતી કે જાણે ઊંચાંઊંચાં મકાનો અને ટાવરોવાળી કોઇ નગરી રાતોરાત ઊભી કરવામાં ન આવી હોય! દૂર તેમણે પોતાનું વહાણ જોયું. બરાબર બરફની ભીંસમાં જકડાઈ ગએલું. સૂર્યોદય ફક્ત થોડાક કલાક માટે જ હતો. ક્ષિતિજ પરથી જ સૂર્ય આથમી ગયો. દિવસેદિવસે સૂર્ય ક્ષિતિજ પર વધારે સમય રહેવા લાગ્યો. ધીમેધીમે ઠંડી ઘટતી ગઇ અને અનુકૂળ હવામાન પ્રસરવા લાગ્યું. સૂર્યપ્રકાશ જોતાં તેઓ આનંદથી નાચવા લાગ્યા. ઠંડીમાં જકડાઈ ગએલાં શરીર ઢીલાં કરવા તેઓ રોજ ખુલ્લામાં કસરત કરવા લાગ્યા, દોડવા લાગ્યા ને રમતો રમવા લાગ્યા. સતત સૂર્યોદય પછી બરફ ઓગળવા લાગતાં અને વહાણ હંકારવા લાગતાં લગભગ બીજા ચારપાંચ મહિનાની રાહ જોવી પડે તેમ હતું. તેઓ હવે દિવસો ગણવા લાગ્યા હતા અને જરૂરી કામો પતાવવા લાગ્યા હતા.

તેમનું વહાણ બરફની ભીંસમાં ભાંગી ગયું હતું. એનો ઉપયોગ થઈ શકે તેમ નહોતું. વહાણમાં જે હોડકાં હતાં તે પણ ભાંગી ગયાં હતાં. વહાણ દુરસ્ત થઈ શકે તેમ નહોતું. એટલે માનવવસતીવાળા ટાપુ સુધી પહોંચવા માટે હોડકાંનો જ ઉપયોગ કર્યા વિના છૂટકો નહોતો. તેમણે ભાંગી ગએલાં હોડકાં દુરસ્ત કરવાનું કામ શરૂ કર્યું, ત્યાં ફરી પાછાં રીંછો તેમને સતાવવા લાગ્યાં. માનવભૂખ્યાં રીંછોને થતું કે માણસો ચાલ્યા જાય તે પહેલાં તેમનો શિકાર હવે કરી લેવો જોઈએ. કોઇક વાર તો એકસામટાં દસબાર રીંછો ધસી આવતાં ને તેમને તંગ કરતાં. ક્વચિત્ શિકાર કરવા આવેલાં રીંછ પોતે શિકાર થઈ જતાં.

ઘર તરફ ઊપડવાને હજુ કેટલાક દિવસની વાર હતી, તે દરમ્યાન શિયાળી રાત્રિના પોતાના અનુભવોનો અહેવાલ તૈયાર કર્યો હતો તેની ત્રણ નકલો તૈયાર કરાવી. એક નકલ ઘરના ધુમાડિયામાં ભરાવી અને એકએક નકલ બંને હોડકાંમાં રાખવા આપી, જેથી રખેને તેઓ ડૂબી જાય તો પણ એકયા બીજે સ્થળે તેમના અનુભવોનો વૃત્તાંત જળવાઈ રહે.

શિયાળાની રાત્રિ દરમ્યાન કોઈ અનિષ્ટ ઘટના બની નહિ, પણ ઊપડતાં પહેલાં એક દુઃખદ ઘટના એ બની કે તેમની સાથે પરચૂરણ મજૂરીનું કામ કરવા આવેલો એક જુવાન છોકરો તબિયત લથડી જવાથી અવસાન પામ્યો. થોડા દિવસ શોકનું વાતાવરણ છવાઇ ગયું. સૌ પોતપોતાની વસ્તુઓ હોડકામાં લઇ જઇને ગોઠવતા હતા. પરંતુ એ છોકરાની વસ્તુઓ ઘરમાં એમ ને એમ પડી રહી.

બરાબર ૧૩મી જૂન, ૧૫૯૭ના દિવસે, વાતાવરણ અનુકૂળ થતાં અને સમુદ્રમાંથી બરફ ઓછો થતાં તેમણે પોતાનાં હોડકાં હંકાર્યાં. ગમે તેવાં સંકટો પછી અને ગમે તેટલાં દુઃખો પછી ઘર તરફ પાછા ફરવાનું થાય છે ત્યારે કોને આનંદ નથી થતો? ઘેર પહોંચવાને માટે તો હજુ ઘણા દિવસની સફર બાકી હતી, અને માર્ગમાં કેવાં વિઘ્નો આવશે એની કોને ખબર હોય? છતાં તેઓ અત્યંત ઉત્સાહ અને

આનંદમાં આવી ગયા. પોતાના સાથીદારોમાંથી બે સિવાય પોતે બધા જ ધ્રુવપ્રદેશમાં રાત્રિ ગાળવા છતાં જીવતા રહ્યા છે એ મગરૂબીભર્યા સમાચાર આપી બધાંને મુગ્ધ કરવા માટે તેઓ ઘણા ઉત્સુક હતા. બેરન્ટ્સ તેમના આનંદમાં ભાગ લેતો હતો અને તેમના ઉત્સાહને બઢાવતો હતો. પણ હકીકતમાં તો એની પોતાની તબિયત ઘણી લથડી ગઇ હતી. છ મહિનાની સતત ઠંડીએ એના શરીરને ઘસી નાખ્યું હતું. છતાં તે પોતાની અશક્તિ જરા પણ જણાવા દેતો નહોતો. જવાના દિવસે તેની અશક્તિ પ્રગટ થઇ ગઈ, કારણ કે ઘરથી હોડકા સુધી પણ એનાથી ચલાયું નહિ. એને ઊંચકીને લઈ જવો પડચો. બેરન્ટ્સને પોતાને મનમાં પાકી ખાતરી થઈ ગઈ હતી કે પોતે હવે માંડ થોડા દિવસ જીવી શકશે, અને ઘેર તો નહિ જ પહોંચી શકે. પણ પોતાના સાથીદારો જવાટાણે નાહિંમત ન થઈ જાય એટલે એણે 'જરાક થાક લાગ્યો છે', કહી ગંભીર માંદગી જરા પણ વ્યક્ત થવા દીધી નહિ.

અનુકૂળ પવનને લીધે તેમનાં હોડકાંની રફતાર ઝડપી હતી. બેરન્ટ્સ માંદગીને લીધે હોડકામાં સૂતો હતો, પણ આ બધો પ્રદેશ છોડતાં પહેલાં ફરીથી જોઇ લેવાની એને ઇચ્છા થતી હતી. એણે ગેરીટને કહ્યું, 'ગેરીટ, આઈસ-પૉઈન્ટ આવે ત્યારે મને ઊંચો નહિ કરે? મારે એ મનોહર સ્થળ ફરી એક વાર બરાબર જોઇ લેવું છે.'

હિમસ્કર્કને બેરન્ટ્સની ખૂબ ચિંતા થતી. એ સતત તેની સંભાળ રાખતો. હવે એણે પૂછ્યું, 'બેરન્ટસ, તમને હવે કેમ છે?'

'મને? મને કશું નથી થયું. મારી તબિયત તો હવે સારી થતી જાય છે. વારો આવતાં પહેલાં તો હું કદાચ દોડતો થઇ ગયો હોઈશ.' બેરન્ટ્સે હસતાં હસતાં જવાબ આપતો.

પાંચ દિવસની શાંત સફર પછી છઠ્ઠે દિવસે જોરજોરથી પવન ફૂંકાવા લાગ્યો. સમુદ્રમાં તોફાન વધી ગયું. તરતા હિમખંડો આમથી તેમ અથડાવા લાગ્યા. વહાણ હોત તો બહુ વાંધો નહોતો. પણ આવા તોફાનમાં હોડકામાં આગળ વધવું ઘણું જોખમભર્યું બની ગયું. આથી એક વિશાળ હિમખંડ પાસે પોતાનાં હોડકાં થંભાવી, લાંગરી તેઓ તેના પર ચડી ગયા. હિમખંડ પરની જગ્યા છૂટવાળી હતી. ત્યાં તેમણે કામચલાઉ છાવણી નાખી. બેરન્ટસને પણ ઊંચકીને ત્યાં લઈ ગયા. બે દિવસ પછી હવામાનમાં સુધારો જણાયો. આગળ જવા માટે તેઓ પ્રવૃત્ત થયા, ત્યાં બેરન્ટસનું અવસાન થયું. સાહસિકોએ પોતાનો વીર સરદાર ગુમાવ્યો. એના મૃતદેહને એ જ હિમખંડ પર બરફમાં તેઓ દફનાવી આવ્યા. બેરન્ટ્સની ગેરહાજરી તેમને સૌને, અને વિશેષ હિમસ્કર્ક અને ગેરીટને સાલવા લાગી. ગેરીટ પોતાની નોંધપોથીમાં લખ્યું, 'અમને સૌને ઈશ્વર પછી બીજો આશરો બેરન્ટ્સનો હતો. એ આજે ચાલ્યો જવાથી અમે નિરાધાર બની ગયા છીએ.' બેરન્ટસ ખરેખર સાચો વીર સાહસિક હતો. એ ઉપરી હતો, પણ એનામાં કડક ઉપરીપણું જરા પણ નહોતું. એના સ્વભાવમાં ક્રૂરતા નહિ પણ પ્રેમ હતો.

હવામાન અનુકૂળ થતાં ઈશ્વરને ભરોસે તેમણે પોતાનાં નાનકડાં હોડકાં હંકાર્યાં. ખુલ્લાં, સઢ વિનાનાં હોડકાંમાં હલેસાં મારીમારી તેમનાં બાવડાં રહી જતાં. બરફ અને પવનના તોફાનનો વારંવાર તેમને સામનો કરવો પડતો. દિવસેદિવસે તેમની શક્તિ ક્ષીણ થતી જતી હતી. તેમનો માર્ગ અવિરામ યુદ્ધ જેવો બની ગયો હતો. એમાં વળી તેમને બધાને, ધ્રુવપ્રદેશમાં અતિશય શ્રમભરી લાંબી સફરને લીધે લાગુ પડતો રક્તક્ષય (Scurvy)નો રોગ લાગુ પડચો. તેમના શરીરમાંથી લોહી ઘટતું ગયું ને ચામડી રક્તપિત્ત જેવી થઈ ગઈ. હવે તો તેમને કોઈને બચવાની આશા નહોતી. તેમ છતાં તેઓ પોતાનો માર્ગ કાપતા જતા હતા. એક ટાપુ પર તેમણે ત્યાં રક્તક્ષયના ઇલાજ તરીકે વપરાતું અમુક પ્રકારનું ઘાસ જોયું. તેમણે બધાએ તાજું તાજું એ ઘાસ ખાધું અને બીજું સાથે લીધું. તરત તેમના રોગમાં ફેર પડચો અને સદ્ભાગ્યે તેઓ બધા જ મૃત્યુના મુખમાંથી ઊગરી ગયા.

હલેસાં મારતા, હોડી હંકારતા ઘણે દિવસે તેઓ રશિયાના કિનારે કોલા નામના સ્થળે આવી પહોંચ્યા. નાનકડાં બે હોડકાંમાં તેમણે કરેલી લગભગ ૧૬૦૦ માઈલની સફર ખરેખર જિંદગી અને મોત વચ્ચેની સફર જેવી હતી. કોલા પહોંચતાં તેમણે ત્યાંના બારામાં લાંગરેલું પોતાના સાથીદાર રાયપનું વહાણ ઓળખી કાઢ્યું. ઘેર બહુ વહેલાં જઇ વેપારીઓનો ઠપકો ખાવાની રાયપની ઇચ્છા ન હોવાથી એ મુકામો કરતો આરામથી પાછો ફરી રહ્યો હતો. હિમસ્કર્ક, ગેરીટ ને સાથીદારો રાયપના વહાણમાં બેસી આમસ્ટરડૅમ પહોંચી ગયા.

તેઓ જ્યારે આમસ્ટરડૅમ પહોંચ્યા ત્યારે ધ્રુવપ્રદેશમાં દીર્ઘરાત્રિ ગાળી જીવતા પાછા ફરેલા તેમને જોઈને લોકોને ઘણું જ આશ્ચર્ય થયું, કારણ કે લોકોએ તો ખાતરીપૂર્વક માની લીધું હતું કે તેઓ બધા મૃત્યુ પામ્યા છે. પછી તો લોકો તેમનું સન્માન કરવા લાગ્યા, અને તેમના સાહસની અવનવી વાતો સાંભળવા રોજ ટોળે મળતા.

જે વર્ષે બેરન્ટ્સની ટુકડીના માણસો પાછા ફર્યા એ જ વર્ષે, ડચ વેપારીઓએ ઈસ્ટ ઇન્ડીઝ તરફ મોકલેલી ટુકડી પણ પાછી ફરી. ઈશાન દિશાના માર્ગે ગએલી બેરન્ટ્સની ટુકડી પોતાના નાયક વિના, એક વહાણ વિના, માંડમાંડ જીવ બચાવતી ખાલી હાથે પાછી ફરી, ત્યારે કેપ ઑવ ગુડહોપને રસ્તે હિંદુસ્તાન તરફ ગએલી ટુકડી પોતાનાં વહાણોમાં ખીચોખીચ કીમતી માલ ભરીને આવી. ડચ વેપારીઓને સાહસમાં નહિ, વેપારમાં રસ હતો. એટલે તેમણે વેપારાર્થે થોડા સમયમાં જ. ઇ.સ. ૧૬૦૨માં 'ડચ ઈસ્ટ ઇન્ડિયા કંપની'ની સ્થાપના કરી, ને સરકારે એ કંપનીને કેપ ઑવ ગુડ હોપને રસ્તે પૂર્વમાં જવાનો ઇજારો આપી દીધો. આથી ઘણાખરા વેપારીઓને ઉત્તર તરફથી માર્ગ શોધવામાં બહુ રસ ન રહ્યો. આમ છતાં કંપનીની ભાગીદારીમાંથી જે વેપારીઓ બાકાત રહી ગયા તેમને માટે ઉત્તરનો માર્ગ શોધવા સિવાય છૂટકો નહોતો. વળી દક્ષિણ તરફનો માર્ગ ઘણો લાંબો પણ હતો. એટલે ઉત્તર તરફનાં સાહસો થતાં સાવ અટકી તો ન ગયાં, પણ ઘટી તો ગયાં જ.

બેરન્ટ્સ પછી બીજી ઘણી સાહસિક ટુકડીઓ ઉત્તર તરફ ભિન્નભિન્ન સ્થળે જઇ આવી. પણ જે સ્થળે બેરન્ટ્સની ટુકડીએ શિયાળાની રાત ગાળી હતી તે 'આઇસ હેવન' નામના સ્થળે લગભગ ત્રણસો વર્ષ સુધી કોઇ ગયું નહિ. ઈ. સ. ૧૮૭૧માં નૉર્વેનો એલિંગ કાર્લસેન નામનો સાહસિક બેરન્ટ્સે લીધેલા રસ્તેરસ્તે નોવાયા ઝેમલ્યાના ઉત્તર છેડા સુધી પહોંચ્યો હતો. ત્યાં બરફમાં રખડપટ્ટી કરતાંકરતાં અચાનક એક દિવસ બરફમાં દટાએલી લાકડાની ઈમારત જેવું એણે જોયું. તરત એ ત્યાં પહોંચ્યો. બરફ ખસેડી એ અંદર ગયો. ત્રણસો વર્ષ પૂર્વે બેરન્ટ્સ આ ઘરમાં રહ્યો હતો, એ એણે ઓળખી કાઢ્યું. ઘરમાં બધી વસ્તુઓ એમ ને એમ પડી હતી. ત્રણસો વર્ષ થયાં છતાં ઘરની દીવાલની આસપાસ બરફના મોટા જાડા થર જામી જવાને લીધે, એ એવું ને એવું જ સુરક્ષિત રહ્યું હતું. એમાં બેરન્ટ્સની ટુકડીનાં વધારાંનાં પડતાં મૂકેલાં કપડાં, વાસણો, ચોપડીઓ, ઘડિયાળ, વાંસળી, ગુજરી ગએલા જુવાન છોકરાના બૂટ ને એની બીજી વસ્તુઓ, વપરાશનાં બીજાં સાધનો અને ધુમાડિયામાં બેરન્ટ્સે ભરાવેલા પોતાના વૃત્તાંતના કાગળો યથાવત્ પડચાં હતાં. એલિંગ કાર્લસેને આ સમાચાર, વિગતો ને સ્થળના નકશાઓ સાથે, ડચ સરકારને આપ્યા.

ડચ સરકારે બેરન્ટ્સના આ અવશેષો ત્યાંથી મંગાવી લીધા અને હેગના મ્યૂઝિયમમાં રાખ્યા, જે આજે પણ ત્યાં જોવા મળે છે.

સાહિત્યસંપર્ક

કેટલાંક પ્રકીર્ણ પ્રકાશનો

ગીતાંજલિ—એક અધ્યયન : 'ગીતાંજલિ'નું સાહિત્યની દૃષ્ટિએ જે મૂલ્ય છે તેની પાછળ તેના રચયિતા કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની વિરાટ અને વ્યાપક ઉદાત્ત જીવનાનુભૂતિની સૂક્ષ્મતમ ભાવકોટિઓનું બળ છે.

શ્રી ગુરુદયાલ મલ્લિકને શ્રી રવીન્દ્રનાથના નિકટતમ અંતેવાસી અને તેમના સાહિત્યવિચારના એક અદના પ્રતિનિધિ તરીકે સહુ ઓળખે છે. આ પુસ્તિકામાં 'રૂપાયતન' પ્રકાશન-સંસ્થાને ઉપક્રમે યોજાએલા 'ગીતાંજલિ' પરના એમના વાર્તાલાપની નોંધ છે, જેમાં એમણે કવિવરના વિચારોને નિતાન્ત સાદગીપૂર્વક, હૃદયસ્પર્શીપણે, જીવન-લક્ષી રીતે સમજાવ્યા છે. સાથે શ્રી નગીનદાસ પારેખનો 'ગીતાંજલિ'-નો પદ્યાનુવાદ પણ છે. રૂપાયતન પ્રકાશન, જૂનાગઢ; કિંમત: ૧–૨૫.

દસ બાળનાટકો : 'દેના કલ્ચરલ સર્કલ' પ્રયોજિત એકાંકી બાળનાટ્યલેખન હરીફાઈનાં વિજેતા નાટકો, શ્રી નટવરલાલ માલવી લિખિત અભ્યાસપૂર્ણ અને માર્ગદર્શક પ્રવેશક 'અવનવી કેડી' સાથે,—પ્રકાશક : 'દેના કલ્ચરલ સર્કલ', દેવકરણ નાનજી બિલ્ડિંગ્સ, ૧૭એ હૉર્નિમાન સર્કલ, મુંબાઈ–૧, ૨–૦૦; **વિનોદી શાળા-નાટકો** : 'કુમાર'ના પરિચિત, શ્રી નટવરલાલ માલવીનાં એ પ્રકારનાં પાંચ નાટકો—પ્રકાશક : ગાંડીવ પ્રકાશન મંદિર, હવાડિયો ચકલો, સૂરત, ૨–૦૦.

ઘટા ઘીરી ઘીરી આઈ : જાણીતા અને પ્રસિદ્ધ નાટ્યકાર શ્રી શિવકુમાર જોષીનું ચતુરંકી નાટક, ૨–૫૦; **પલટાતી દુનિયાનાં દર્શને** : ૧૯૫૫માં ફિન્લૅન્ડના પાટનગર હેલ્સિન્કી ખાતે મળેલી વિશ્વશાંતિ-પરિષદમાં હાજરી આપવા ગુજરાતના પ્રતિનિધિ તરીકે ગએલા સર્વશ્રી રામનારાયણ ના. પાઠક અને ભાનુભાઇ લ. શુકલે કરેલા પોતાના આ પ્રવાસના વર્ણનને શ્રી અનંતરાય રાવળે 'સુવાચ્ય પ્રવાસકથા' કહીને ઉમેર્યું છે કે 'શ્રી રવિશંકર મહારાજના ચીનના અને સ્વ. રમણલાલ દેસાઈએ તથા શ્રી રવિશંકર રાવળે રશિયાના પોતાના દર્શનની છાપ વર્ણવતાં જે પુસ્તકો લખ્યાં છે તેમાં આ પુસ્તકનું ય સ્થાન છે.' રૂા. ૩–૫૦. ઉપરના અને આ પુસ્તકના પ્રકાશક : સ્વાતિ પ્રકાશન, સમય પ્રિન્ટરી, સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર).

શબ્દકથા : 'આદુ', 'સૂંઠ', 'જિન્જર'

લીલું તે આદુ, સૂકી તે સૂંઠ. 'આદુ'ના મૂળ શબ્દ ઉપરથી પણ એ સમજાય છે: ગુજરાતી 'આદુ', હિંદી 'અદરક', મરાઠી 'આલેં' એ સૌનું મૂળ છે સંસ્કૃત आर्द्रक, ને आर्द्र એટલે 'ભીનું'. 'સૂંઠ' એ સંસ્કૃત शुण्ठी છે. અંગ્રેજીમાં બે નહિ પણ એક જ શબ્દ છે: 'જિન્જર'. એ લૅટિન દ્વારા ગ્રીકમાંથી આવેલો છે. ગ્રીકમાં 'ઝિન્ગિબેરિસ' છે. આ ગ્રીક શબ્દ સાથે અરબી 'ઝન્જબીલ' અને સંસ્કૃતમાં બીજો એક શબ્દ છે તે शृङ्गवेर, शृङ्गिवेर સરખાવી શકાય. પણ આ બધા યે શબ્દોનું મૂળ તો છે દ્રાવિડી ભાષામાં. તમિળમાં 'આદુ' માટે 'ઇંજિ' શબ્દ છે. જૂનું રૂપ 'સિઙ્ગિ' હોય. 'વેર' એટલે 'મૂળ'. 'પીપરીમૂળ' વગેરેમાં છે તેમ शृङ्गवेरમાં પાછલો અંશ મૂળ-વાચક છે.

અંગ્રેજીમાં બીજી કેટલીક વસ્તુઓ માટેના શબ્દ પણ મૂળે તમિળમાંથી આવેલા છે. 'મૅન્ગો' (કેરી) એ તમિળ 'માન્ગાય', 'બિટલ' (નાગરવેલી-પાન) એ તમિળ 'વેટ્ટિલે', 'અરેકા' (સોપારી) એ તમિળ 'અડક્કે', ને 'રાઈસ' (ચોખા) એનું મૂળ ગ્રીક 'ઓરિઝા' દ્વારા તમિળ 'અરિશ'માંથી છે. સંસ્કૃત 'શુણ્ઠી'નું મૂળ 'શુષ્ટિ' (શુષ્-સુકાવું) હોય, અથવા તેનો સંબંધ તમિળ 'શુણ્ડુ' (સુકાવું) સાથે હોય.

—હરિવલ્લભ ભાયાણી

તળાવડીને આરે : મરવિન સ્કિપરની સુરુચિપૂર્ણ ને કુતૂહલજનક બાલવાર્તા 'મીટિંગ પૂલ'નો સર્વશ્રી નાનક મેઘાણી ને મહેન્દ્ર મેઘાણીએ કરેલો અનુવાદ, પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર, ગાંધી રસ્તો, ભાવનગર, ૧–૫૦; **વિદ્રોહી આત્મા અને તૂટેલી પાંખ** : જગનામી તત્ત્વજ્ઞ સાહિત્યકાર ખલીલ જિબ્રાનની લખેલી વાતો, ઉર્દૂ ઉપરથી અનુવાદક : શ્રી શિવમ્ સુન્દરમ્, પ્રાપ્તિસ્થાન: આદર્શ પુસ્તક ભંડાર, રાયખડ રોડ, અમદાવાદ, ૪–૫૦; **અનિલનું સ્વપ્ન** : શ્રી રમણિક વી. શાહે લખેલી કિશોરકથા, પ્રકાશક: ગાંડીવ પ્રકાશન મંદિર, હવાડિયો ચકલો, સૂરત, ૩–૦૦; **ચંદ્ર** : નવકવિ શ્રી તનસુખ ઓઝાનું અનિયતકાલિક કાવ્ય-પ્રકાશન, ૧૫ જૂન '૫૯ના રોજ બહાર પડેલા આ અંકમાં તેમના હવે પ્રકટ થનાર કાવ્યસંગ્રહ 'ચંદ્ર'માંથી કૃતિઓ ચૂંટીને લેવામાં આવી છે. પ્રકાશક : લેખક પોતે, પીપળાશેરી, દીવાનપરા ભાવનગર, ૦–૩૧. **Planning, Power and Welfare** : અખિલ એશિયાઈ આયોજનમાં સમાવિષ્ટ શક્તિ અને સુખાકારીનાં ઘટકોને ચર્ચતા ડૉ. દયા કૃષ્ણના અંગ્રેજી લેખો, પ્રકાશક : The Office for Asian Affairs, Congress for Cultural Freedom, 5 Hailey Road, New Delhi, Rs. 2–00; **Haffkine Institute(1899–1959)** : મુંબાઈની એ ઔષધ-સંશોધન સંસ્થાને ગયે વર્ષે સાઠ વર્ષ પૂરાં થયાં તે નિમિત્તે સંસ્થાનો રૂપરેખાત્મક પરિચય આપતી પુસ્તિકા; **જોડણી—પ્રવેશ** : શુદ્ધ લેખનના મુખ્ય અંગ 'જોડણી'ના ધોરણને અનેકવિધ ઉદાહરણો સાથે સમજાવતી, શ્રી રતિલાલ સાં. નાયકે યોજેલી પુસ્તિકા, પ્રકાશક: અનડા બુક ડીપો, અમદાવાદ-૧, ૧–૦૦.

સાહિત્યિક સમસ્યા

(ડૉ. મહેન્દ્ર ન. પંડયા)

જેમ જીવનમાં તેમ તેને પ્રતિબિંબિત કરતા સાહિત્યમાં માને ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. તેનો પ્રેમ, સેવા-ભાવના, ત્યાગવૃત્તિ, તેનું નિઃસ્વાર્થપણું, સહિષ્ણુતા આદિ ગુણોને આવરી લેતાં કેટલાંક કાવ્યો, નવલકથાઓ, નવલિકાઓ, આત્મવૃત્તાન્તોમાંથી ઉદાહરણો નીચે આપવામાં આવ્યાં છે. વાચકે તે કઈ કૃતિમાં અને કોની કલમે લખાયાં છે તે શોધવાનું છે.

(૧) એક એવું કાવ્ય છે જેમાં પોતાનાથી વિખૂટા પડેલા દીકરા માટે તેની માતાને ચિંતા વ્યક્ત કરતી નિરૂપી છે. તે ગરીબ અને વૃદ્ધ છે અને તેના મનમાં પુત્ર માટે અનેક પ્રકારના વિચારો આવે છે. પોતે નિર્ણય કરે છે કે જો તે પાછો આવશે તો તેને શિરે તે કદાપિ દોષ નહિ ઢોળે, અને ભલે તે પાછો આવી પૂર્વવત્ આળસુ જીવન ગાળે, તો પણ પોતે તેને માટે ફરી હોંસે ઘંટી પણ દળીને તેનું પોષણ કરશે.

(૨) એક ટૂંકી વાર્તામાં પોતાના છ વર્ષના દાઝેલા અને મરણતોલ બાળકની અંતિમ ઇચ્છા તૃપ્ત કરવા તેની માતાને પોતાની જર્જરિત ઝૂંપડીને સળગાવી દેવા તત્પર થતી દર્શાવી છે.

(૩) પોતાનાં દીકરા-દીકરીઓ અને પુત્રવધૂ તો ઠીક, પણ દારિદ્રયથી પીડાતાં સર્વે આબાલ-વૃદ્ધને જોઈ એક માતાનું હૃદય એટલું દ્રવીભૂત બનતું કે 'ફાટેલ-સાંધેલ કપડાથી માણસે લાજવાનું

નથી, પણ સામો હાથ ધરીને કોઈ માગવા આવે તેને પાછું વાળવાથી લાજવાનું છે', એમ માનતી તેને એક વાર્તાકારે ચીતરી છે.

(૪) પરિણીત પુત્રીનો પત્ર વાંચતાં એક માતાની 'આંખ સુધી આંસુ ઊભરાતાં' અને તે બેબાકળી જેવી થઈ જતી. 'પરદેશ નાખેલી દીકરીની આ દશા! કોઈની પાસે મનની વરાળ પણ કાઢવાની નહિ!' એમ કકળતાં તે પોતાની બીજી દીકરી પાસે 'દીકરીનો સાસરેથી સંદેશો' નામનું કાવ્ય ફરીફરીને ગવડાવી પોતે અશ્રુ સારી મન હળવું કરતી, એવું એક નવલકથાકારે નિરૂપણ કર્યું છે.

(૫) 'એકવડિયા શરીરની, રોજની માંદી, વાંદા અને ઉંદરથી પણ બીતી, તાવની બીમારીમાંથી તાજી જ ઊઠેલી' માતા એક વાર્તામાં પોતાનાં બાળકોને બચાવવા, સાપ જોતાં જ અકલ્પનીય હિંમત ભેગી કરે છે અને નેતરની પાતળી સોટી બે હાથે ઝાલી, મોંએ ભાગવતમાંથી કડીઓ ગણગણતી તેના ઉપર પ્રહાર કરે છે.

(૬) એક કવિના મત પ્રમાણે 'મા અપ્રતિમ છે અને તેનામાં દિવ્યપ્રેમ સાકાર થાય છે, જે સદા યે સ્થિર રહે છે.'

(૭) પુત્રના વર્તનથી અને અગવણનાથી અપમાનિત થતી એક માતા મન કઠિન કરી જાત્રાએ જાય છે અને તેની ગેરહાજરીમાં અસ્વસ્થ બનેલા પુત્રનો પહેલો જ લાગણીભર્યો પત્ર મેળવતાં, પોતાની પ્રાર્થના, આશા, યાત્રા પૂર્ણ થઈ એમ માની, તેની ચિંતાથી વ્યથિત થઈ, પોતાની યાત્રા પડતી મૂકી, તે તરત જ ઘર તરફ વળે છે, એમ એક સ્ત્રી-નવલિકાકારે બતાવ્યું છે.

(૮) પુત્રને મીઠું આપી કટુ ખાતી, સૂકામાં સુવાડી પોતે ભીનું ઓઢતી, તેને દુ:ખી દેખી પોતે દુ:ખી થતી હેતાળ માતાને ઓગણીસમી સદીના એક કવિએ આલેખી છે.

(૯) પોતાના નાની વયના પુત્રને, સાવકા ભાઇને બતાવાતી મમતાથી ખિન્ન થઈ વનમાં તપ કરવા જતો જોઈ એક રાણીને ઘણું લાગી આવ્યું હોવા છતાં, આખરે તેને મસ્તકે પોતાની રક્ષા રહો એવા આશીર્વાદ આપતી કવિએ બતાવી છે.

(૧૦) માતાના અભાવથી (અવસાનથી) એક પુત્રીને સાસરે ઘણું ભોગવવું પડયું અને જ્યારે તેના ભાવિક પિતા સાધુબાવાઓ સાથે તેનું મામેરું કરવા આવ્યા ત્યારે તે પોતાનું મન ન રોકી શકી અને માતા વિના દીકરીનો સંસાર 'સૂનો' છે એવા ઉદ્ગાર તેણે કાઢયા.

(૧૧) ઘેર પોતાની માંદી દીકરીને સંતોષકારક રીતે કોઈ સંભાળશે નહિ એ બીકે ને પાડોશમાં એક સ્ત્રીને દવાખાનામાંથી સારી થઇને આવેલી જાણી, એક માતાએ કમને દીકરીને ત્યાં મૂકી; પણ તેની મુલાકાત લઈ આવ્યા પછી તેનું મન કંપી ઊઠયું અને તે પોતે પણ 'તેની નાતમાં વટલાઈ ગઈ.' એમ એક પારિતોષિક-વિજેતા વાર્તા દર્શાવે છે.

(૧૨) એક માતા પોતાના દીકરાના કરતાં અનાથાશ્રમમાંથી આણેલા અને પોતાનો કરી લીધેલા પુત્રને વધુ માયા દાખવતી; નાનો હોવા છતાં તેનાં લગ્ન સારુ રૂપિયા ઉછીના માગતી; કારણ કે તેને લીધે જ ગાંધીજીના સત્યાગ્રહના દિવસોમાં ખોવાએલો પોતાનો પુત્ર પાછો મળ્યો છે એમ માનતી એક લેખિકાને હાથે એક વાર્તામાં આલેખાઈ છે.

(૧૩) પુત્રને સગવડ થાય અને તે તાપથી માંદો ન પડે તે માટે એક વાર્તાની માતા પોતાનું મંગળસૂત્ર (જેની તે ધનતેરસે પૂજા કરી નાનીશી રેશમી પોટલીમાં સંભાળથી મૂકી, એક ચાંદીની ડબ્બીમાં રાખતી તે) વેચી, તેને માટે એક સાઈકલ લઈ આવી, અને આમ થવાથી પુત્રમાં કૃતજ્ઞતાની વધુ ગહન લાગણી ઉત્પન્ન થઈ.

(૧૪) ગરીબાઈથી કંટાળી એક દીકરાએ પિતાના મરણ પછી અને માતાના લાડને લીધે બગડી જઈ અફીણ લઇને જીવનનો અંત આણવા સફળ પ્રયત્ન કર્યો. ઑસ્પિટલમાં એની વૃદ્ધ માએ આવીને 'દાગતરસા'બ'ને ઘણી યે વિનતિ કરી કે એને જિવાડો; પરંતુ ડૉક્ટરથી કાંઈ ન બનતાં એ માતાએ તેને છેલ્લો એક પ્રશ્ન પૂછી તેનો ઉત્તર મેળવવા આગ્રહ કર્યો. તે પ્રશ્ન હતો: 'ઘરમાં ચપટી જેટલો ય ઘઉંનો લોટ નથી, તો તારી વાંસે બાજરાના લોટનો પિંડ દઉં તો તે તને પૂગશે ને?' અને મૃત પુત્રના મૌનને હકારો માની એ માએ સાંત્વન મેળવ્યું.

ઉત્તરો: ૧ 'વૃદ્ધમાતા'–કલાપી; ૨ 'દીવો'–રમણલાલ સોની; ૩ 'બા'–ગુલાબદાસ બ્રોકર; ૪ 'સરસ્વતીચન્દ્ર'માં ગોવર્ધનરામ; ૫ 'હિમ્મત'–ધનસુખલાલ મહેતા; ૬ 'જનની'–બોટાદકર; ૭ 'જાત્રા ફળી'માં ગોદાવરી–સૌ. મહાશ્વેતા પંડયા; ૮ 'મહા હેતવાળી દયાળી જ મા તું'–દલપતરામ; ૯ 'ધ્રુવાખ્યાન'માં સુરતિ–કાલિદાસ; ૧૦ 'મામેરું'–પ્રેમાનંદ; ૧૧ 'લોહીની સગાઇ'માં અમરતકાકી–ઈશ્વર પેટલીકર; ૧૨ 'સોમ અને મંગળ'માં ગોમતીડોશી–વિનોદિની નીલકંઠ; ૧૩ 'મગળસૂત્ર'–કિસનસિંહ ચાવડા; ૧૪ 'અંબા ગોરાણીનો પરભુડો'–ચુનીલાલ મડિયા.

આપણાં જંતુઓ : ૨૫

ખડમાંકડી

ઘણા ખડમાંકડી અને તીતીઘોડો એક છે એમ માને છે; પરંતુ વસ્તુતઃ એ બંને દેખાવમાં અને ટેવોમાં એકબીજાંથી જુદાં ઘણી રીતે પડે છે અને એ બેઉ ભિન્ન છે.

એ તીતીઘોડા જેવી દેખાય ખરી. માથું, આંખો, મૂછ, પેટ, પાંખો તીતીઘોડા જેવાં, પણ ખડમાંકડીનાં અને તીતીઘોડાનાં છાતી અને પગમાં મોટો તફાવત છે. ખડમાંકડીની છાતીનો પહેલો ભાગ ખૂબ લાંબો હોય છે. તેના આગલા બંને પગ મજબૂત અને કાંટાવાળા. તેના વડે તે જીવડાં પકડી રાખે. તીતીઘોડા એક છોડથી બીજા છોડ પર કૂદાકૂદ કર્યા કરે, જ્યારે ખડમાંકડી ઉસ્તાદ શિકારીની પેઠે એક જ છોડ પર ઘણા સમય સુધી ચૂપચાપ બેસી રહે. શિકાર ઝડપી લેવા આગલા બંને પગ તૈયાર રાખે. તીડ અને તીતીઘોડાનો ખોરાક વનસ્પતિ છે, જ્યારે ખડમાંકડીનો ખોરાક છે જીવડાં. કુદરતે તેને રંગ પણ જાતજાતના આપ્યા છે. લીલા છોડમાં રહેવા માટે લીલો રંગ, પાન સાથે મળી જાય તેવી પાંખો, અને દૂરથી ડાળી જેવાં દેખાય તેવાં છાતી અને પગ. સૂકા ઘાસમાં રહેતી ખડમાંકડીનો રંગ સૂકા ઘાસ જેવો હોય. આમ ખડમાંકડીને માટે કુદરતી રંગરક્ષણની વ્યવસ્થા છે. કેટલીક ખડમાંકડી તો ઘાસના તણખલા જેવી દેખાય.

તીતીઘોડાની માફક તેને બે મોટી આંખો હોય છે. નાની આંખો ત્રણ હોય છે. છાતીનો પહેલો સાંધો ખૂબ લાંબો. કેટલીક ખડમાંકડીને છાતીનો પહેલો ભાગ શરીરના બાકીના ભાગ કરતાં પણ વધારે લાંબો હોય છે. તેની આગલી પાંખો વનસ્પતિના પાનના જેવા રંગની, અને પાછલી પાંખો સફેદ રંગની. તેની પાંખો પારદર્શક હોય છે. કેટલીકને પાંખ હોતી નથી.

રહે ઘાસ-વનસ્પતિવાળી જગ્યાએ. જીવડાં એ તેનો ખોરાક હોઇ એ પાક-વનસ્પતિના રક્ષણ સારુ ઘણું ઉપકારી જંતુ છે. ખડમાંકડીની ઇંડાં મૂકવાની રીત વિશિષ્ટ છે. ઈંડા સાથે તે થૂંક જેવો પુષ્કળ પદાર્થ બહાર કાઢે છે, જે પછી ઈંડાનું ખોખું બની જાય છે. આપણે જેને 'સમળીસૂતર'ના નામથી ઓળખીએ છીએ તે વાસ્તવમાં ખડમાંકડીએ તૈયાર કરેલું આવું સુકાએલું ખાલી ખોખું હોય છે.



માધુકરી


ના વાંક કાઢ નિજ ભાગ્ય તણો કદાપિ,
યા વાંક કો અવરનો, ભગવાનનો વા;
બીજે ન કષ્ટ તણું કારણ જા તું જોવા,
ના વ્યર્થ તું કર પસાર દિનો વિલાપી.
સંત્રસ્ત નિત્ય કરતો તુજને અમિત્ર
તે અન્ય ક્યાંય નહિ, છે તુજમાં રહેલો,
એનો દગો જ દુખકારણ છે થએલો,
ને તું જ તે; ચમકતો ન સુણી વિચિત્ર.
(ગુર્જરી)

—પૂજાલાલ

ટૉમસ બૅબિંગ્ટન મૅકૉલે

બ્રિટિશ હિંદના ઇતિહાસનો પ્રત્યેક અભ્યાસી મૅકૉલેના નામથી સારી રીતે પરિચિત છે. હિંદમાં કેળવણીના માધ્યમ તરીકે અંગ્રેજી ભાષા મૅકૉલેએ કાયદા દ્વારા દાખલ કરાવી અને શિક્ષણમાં પાશ્ચાત્ય વિષયોને સવિશેષ મહત્ત્વ અપાવ્યું. હિંદી ફોજદારી કાયદાની નીતિ-પદ્ધતિ મૅકૉલેએ એકલે હાથે તૈયાર કરી હતી અને તેને માટે કાયદાની મંજૂરી મેળવીને એને અમલી પણ તેણે જ બનાવી હતી. પરંતુ મૅકૉલેને જગત ઓળખે છે એક મહાન ઇતિહાસકાર, રાજદ્વારી પુરુષ અને નિબંધલેખક તરીકે. ગઈ ૨૮મી ડિસેમ્બરે તેની ૧૦૦મી સંવત્સરી ઊજવાઈ, તે નિમિત્તે અહીં તેનાં જીવન-કાર્યનો ટૂંકો અને મિતાક્ષરી પરિચય આપ્યો છે.

ઈ. ૧૮૦૦ની ૨૫મી ઑક્ટોબરે તેનો જન્મ થયો હતો. પિતા ઝૅકરી મૅકૉલેને દક્ષિણ હિંદમાં વેપારી પેઢી હતી અને એ પોતે ગુલામી-પ્રથાના વિરોધી પક્ષનો એક આગેવાન પણ હતો. બાળક ટૉમસની ગ્રહણશક્તિ પહેલેથી જ તીવ્ર જણાય છે. ત્રણ વર્ષની નાની વયે તે વાંચી શકતો હતો અને આઠમે વર્ષે તો એણે વિશ્વનો ઇતિહાસ લખવા માંડ્યો હતો. સ્વાભાવિકપણે જ તેનું અભ્યાસ-જીવન ઘણું તેજસ્વી હતું. પ્રાથમિક શિક્ષણ લીસેસ્ટરશાયરના રથ્લી ટેમ્પલમાં ને એક ખાનગી શાળામાં લીધા પછી કેમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજમાં દાખલ થયો, અને બાદ એ કૉલેજનો ફેલો નિમાયો. દરમ્યાન અહીં તેણે એક પ્રશિષ્ટ વિદ્વાન અને તેજસ્વી ચર્ચાકાર તરીકે સારી એવી પ્રતિષ્ઠા મેળવી લીધી હતી. યુનિવર્સિટી છોડવાને વખતે પિતાની વેપારી પેઢી ભાગી પડતાં, તેણે કાયદાનો અભ્યાસ શરૂ કર્યો ને ૧૮૨૬માં બૅરિસ્ટરીની પરીક્ષા પાસ કરી.



૧૮૨૫માં ઇંગ્લંડના વિખ્યાત સાહિત્ય-પત્ર 'એડિનબરઅ રિવ્યૂ'માં તેનો મિલ્ટન પરનો એક અધ્યયનલેખ પ્રકટ થયો. આથી લંડનના બહુશ્રુત સમાજમાં તેનું નામ સારી પેઠે જાણીતું થયું. ૧૯૩૦માં તેણે પોતાના ગામ તરફથી ઇંગ્લંડની આમસભામાં પ્રવેશ મેળવ્યો.

પાર્લમેન્ટમાં ચર્ચાકાર તરીકેની તેની શક્તિ સોળે કળાએ ખીલી ઊઠતી. બાદ બ્રિટિશ હિંદના 'બોર્ડ ઑવ કૅન્ટ્રોલ'ના સેક્રેટરી તરીકેનું તેને કામ મળ્યું. આ રીતે હિંદની રાજકીય અને ધારાકીય બાબતોનો તેણે તલસ્પર્શી પરિચય મેળવ્યો. ૧૮૩૪ના જૂનમાં હિંદની વરિષ્ઠ અદાલતના સભ્ય તરીકે નિમાતાં મદ્રાસ આવીને તેણે બ્રિટિશ હિંદનાં રાજદ્વારી ધારાધોરણમાં તથા બીજાં ક્ષેત્રોમાં યે ઘણા ક્રાંતિકારી ફેરફારો અને સુધારા દાખલ કર્યા. શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી ભાષાને તેણે દાખલ કરાવી. હિંદી ફોજદારી કાયદા તથા તેના અમલ માટેની પદ્ધતિ તેણે એકલે હાથે તૈયાર કરી આપી હતી. અદાલત સમક્ષ તમામ પ્રજાઓની સમાનતાની તેની આ નીતિને ૧૮૬૦ના કાયદામાં સ્થાન મળ્યું. આમસભાએ ૧૮૫૩માં માન્ય રાખેલા ભારત વિધેના ખરડામાં મૅકૉલેએ ૨૦ વર્ષ પહેલાં સૂચવેલી બાબતો આગેજ કરવામાં આવી હતી. ૧૮૩૮માં તે ઇંગ્લંડ પાછો ફર્યો. ઇંગ્લંડ આવીને તેણે સાહિત્ય કાર્ય પણ હાથ ધર્યું. બીજે વર્ષે તેણે પોતાની કીર્તિદા 'હિસ્ટરી ઑવ ઇંગ્લંડ' લખવાની શરૂઆત કરી દીધી. આ ગ્રંથમાં ઇંગ્લંડ પરના ઇતિહાસ-ગ્રંથો પૈકી સૌથી વિશેષ અને વિગતવાર માહિતી



આફ્રિકન પ્રદેશોની સ્વાતંત્ર્ય-કૂચ : ભારતની સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ બાદ દુનિયાના કેટલાક દેશપ્રદેશોમાં સ્વતંત્રતા મેળવવા માટેનો રાષ્ટ્રીયતાનો જે જુવાળ આવ્યો છે તેમાં આફ્રિકાના પ્રદેશો મુખ્ય છે. વર્ષોથી ગોરી પ્રજાના શોષણ તળે ભીંસાતી આ પ્રદેશોની આદિપ્રજા હવે ધીરેધીરે ઘણી આગળ આવતી જાય છે. આ સાથેના નકશાઓમાં એમની સ્વાતંત્ર્ય પ્રતિની પ્રગતિનો ખયાલ આપ્યો છે. પ્રત્યેક ચિત્રમાંનો કાળો ભાગ તે તે નકશામાં દર્શાવેલા સમય સુધીમાં પોતાનું સ્વાતંત્ર્યનું ધ્યેય સિદ્ધ કરી ચૂકેલો પ્રદેશ દર્શાવે છે; જ્યારે ટપકાંઓવાળો ભાગ, નકશામાં દર્શાવેલી તારીખ દરમિયાન પોતપોતાના પ્રદેશોના રાજવહીવટમાં સક્રિય ભાગ લેતા થઈ જવા સુધીની સિદ્ધિએ પહોંચી ગયાનું દર્શાવે છે. પહેલા નકશામાં ઇ. ૧૯૫૭ની પહેલી જાન્યુઆરી સુધીમાં સ્વતંત્ર થઇ ચૂકેલા દેશો અને સ્વતંત્રતાની નજદીક પહોંચેલા દેશો દર્શાવ્યા છે. તેનાં નામ નકશામાં આપેલા ક્રમાંક અનુસાર નીચે મુજબ છે : ૧ મૉરોક્કો, ૨ ટ્યુનીશિયા, ૩ લીબિયા, ૪ ઇજિપ્ત, ૫ સુદાન, ૬ ઈથીઓપિયા, ૭ લાઈબેરિયા અને ૮ ઘાના. એ જ રીતે બીજા નકશામાં : ૯ ગીની રીપબ્લિક, ૧૦ સીએરા લીઓન, ૧૧ ટોગોલૅન્ડ, ૧૨ નાઈજીરિયા, ૧૩ ઑટોનોમસ રીપબ્લિક ઑવ ફ્રેંચ આફ્રિકા, ૧૪ રીપબ્લિક ઑવ ફ્રેંચ ઈક્વેટોરિયલ આફ્રિકા, ૧૫ કૅમેરૂન રીપબ્લિક અને ૧૬ માડાગાસ્કરની સિદ્ધિ દર્શાવી છે. છેલ્લા નકશામાં ૧૯૬૧ની ૧લી જાન્યુઆરી સુધીમાં થનારી આફ્રિકન પ્રદેશોની પ્રગતિનો ખયાલ આપ્યો છે, જેમાં ૧૭ ગામ્બિયા, ૧૮ માલી, ૧૯ મોરીટાનિયા, ૨૦ આઈવરી કોસ્ટ, ૨૧ અપર વૉલ્ટા, ૨૨ ડાહોમી, ૨૩ નાઈજર રીપબ્લિક, ૨૪ બેલ્જિયન કૉંગો, ૨૫ ટાંગાનિકા, ૨૬ બ્રિટિશ સોમાલીલૅન્ડ, ૨૭ સોમાલિયા, ૨૮ બાસુટોલૅન્ડ અને ૨૯ બાગુદા ઑટોનોમસ સ્ટેટની પ્રગતિ દર્શાવી છે.

આપવામાં આવી છે. જોકે ઈ. ૧૬૯૭ સુધીનો જ ઇતિહાસ તે લખી શક્યો છે. ૧૮૩૯માં તેને એડિનબરઅના સભ્ય તરીકે ચૂંટવામાં આવ્યો અને પછી ઉત્તરોત્તર વિશ્વયુદ્ધના સેક્રેટરી તથા 'પે-માસ્ટર-જનરલ' તરીકે કામગીરી બજાવી. ૧૮૪૭ની સામાન્ય ચૂંટણીમાં એડિનબરઅના સભ્યપદે તે આવી શક્યો નહિ, પણ પછી ૧૮૫૪માં એ સ્થાને તે ચૂંટાયો. ૧૮૫૭માં તેને 'બેરન'નો ઇલકાબ આપવામાં આવ્યો. ૧૮૪૨માં તેનું 'ધ લેયઝ ઑવ ઍન્સ્યન્ટ રોમ' પ્રસિદ્ધ થયું, જેની પછીની આવૃત્તિઓમાં 'આઇવ્રી' અને 'ધી ઍર્મૅડા' ઉમેરાયાં. ૧૮૪૩માં 'એડિનબરઅ રિવ્યૂ'માંનાં તેનાં લખાણોનો 'ક્રિટિકલ ઍન્ડ હિસ્ટૉરિકલ એસેયઝ'ને નામે સંગ્રહ બહાર પડયો. 'ધ હિસ્ટરી ઑવ ઇંગ્લંડ'ના પહેલા બે ભાગ ઈ. ૧૮૪૮માં અને બીજા બે ભાગ ૧૮૫૫માં બહાર પડયા. તેના આ ઇતિહાસગ્રંથે તેને જગતસમસ્તના આગલી હરોળના ઇતિહાસકારોમાં સ્થાન અપાવ્યું. ઈ. ૧૮૫૯ની ૨૮મી ડિસેમ્બરે તેનું અવસાન થયું. બાદ તેના મૃતદેહને વેસ્ટમિન્સ્ટર ઍબી ખાતે દફનાવીને બ્રિટિશ પ્રજાએ તેની પ્રતિભાનું બહુમાન કર્યું.

તે આજીવન અવિવાહિત રહ્યો હતો, પરંતુ તેનો કુટુંબપ્રેમ ઘણો ઊંડો અને હૂંફાળો હતો. કુટુંબની બહાર તે એક આદર્શ અને સ્થિર મિત્ર, ઉદાર વિરોધી અને સમાદરણીય આગેવાન પુરુષ રહ્યો હતો. કદમાં તે બાંધી દડીનો અને મજબૂત હતો.

કોઈ પણ વિષયના સંદર્ભસાહિત્ય તરીકે ગણાવી શકાય એવી સતેજ તેની સ્મરણશક્તિ હતી અને એટલું ઊંડું તથા વિશાળ જ્ઞાન તે ધરાવતો હતો. મિલ્ટનનું પૅરડાઇઝ લૉસ્ટ અને જૉન બન્યનનું 'પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ' તેને આખાં કંઠસ્થ હતાં. ઈંગ્લંડના વડા પ્રધાન લૉર્ડ મેલબોર્ને એક વાર કહેલું કે, જેમ મૅકૉલે દરેકેદરેક બાબત માટે પૂરા ચોક્કસ છે, એમ જો હું એક બાબત માટે હોઉં તો યે ઘણું. ભાષણકાર, સંભાષણકાર અને વાતચીત કરનાર તરીકેની તેની વિશિષ્ટ શક્તિઓએ અંગ્રેજી જીવન પર પણ વ્યાપક પ્રભાવ પાડ્યો છે. વિષયનું પ્રવાહી અને ચિત્રાત્મક વર્ણન કરવામાં એની સ્પર્ધા કરી શકે એવા બહુ ઓછા છે. જોકે તેનું કથન કયાંકકયાંક આગ્રહી જણાય છે ખરું. તેના નિબંધો છેક આજ સુધી અસાધારણ લોકપ્રિયતા ધરાવતા આવ્યા છે, જેમાંના કૅથામ, ક્લાઈવ અને સર વિલિયમ ટેમ્પલ પરના એ મુખ્ય છે.

હિંદી રાજકારણ, ધારાધોરણ તથા જનજીવનનાં યે ક્ષેત્રો સુધી પડેલા તેના વ્યક્તિત્વના બહોળા અને વ્યાપક પ્રભાવ વિષે તો હિંદના ઇતિહાસનો કોઈ અભ્યાસી અજાણ નથી.

સામાજિક અને આર્થિક ઇતિહાસને રાજકીય અને ધાર્મિક ઇતિહાસ સાથે મૅકૉલેએ સૌપહેલો સાંકળ્યો, અને આમ વસ્તુતઃ તેણે બ્રિટિશ રાષ્ટ્રના સમસ્ત જીવનનો ઇતિહાસ રજૂ કર્યો. ઇતિહાસકાર તરીકેના તેના મહત્તાને વર્ણવતાં કોઇકે કહ્યું છે કે 'જેમ નેપોલિયન વિનાના યુરોપીય ઇતિહાસની તેમ મૅકૉલે વિનાના અંગ્રેજી ઇતિહાસની કલ્પના થઈ શકતી નથી.'

જમરૂખ

ભારતીય ફળસમૃદ્ધિમાં જમરૂખ સસ્તું, સારું અને ગુણપ્રદ ફળ છે. તેનું જન્મસ્થાન પેરૂ હોવાથી તેને પેરૂ કે પેર કહેવામાં આવે છે. હિન્દુસ્તાનમાં એનું મોટું કેન્દ્ર અલાહાબાદ છે; જ્યારે ગુજરાતમાં એ

ધોળકા, ભાવનગર અને ઓછેવત્તે અંશે તમામ ઠેકાણે જોવા મળે છે.

સામાન્યરીતે જમરૂખમાં બે જાતો થાય છે. લાલ ગરવાળાં અને સફેદ. આકારમાં તે ગોળ, લબગોળ બંને જોવા મળે છે. કાચાં જમરૂખ વિશેષ રીતે તૂરાં અને ખાટાં હોઇ એ ખાવાથી ત્રિદોષજન્ય વિકૃતિ શરીરમાં પ્રગટ થાય છે અને તાવ, શરદી, સંધિવા ને એવાં બીજાં નાનાંમોટાં દરદો પેદા થાય છે. પરંતુ જ્યારે એ પાકે છે ત્યારે એના રસમાં અમૃત પ્રગટે છે, અને એના સેવનથી જે એક સંતૃપ્તિ થાય છે એ ચોક્કસ પ્રકારની જીવનશક્તિ આપે છે.

જમરૂખનું વૈજ્ઞાનિક પૃથક્કરણ કરતાં એમાં પ્રજીવક 'સી' ને 'બી'નું સારું એવું પ્રમાણ જણાયું છે. એમાં ચૂનો (કૅલ્શયમ) અને ફૉસ્ફરસ જેવાં તત્ત્વો પણ છે. જ્યારે તેનાં બીજમા લોહજન્ય ધાતુ રહી છે અને આથી જ શિયાળાની ઋતુમાં રક્તવર્ધન માટે, દીપન, પાચન અને પોષણ માટે કુદરતે એનું નિર્માણ કર્યું છે.

આ ઉપરાંત તેની છાલ ને પાનમાં ટૅનિક ઍસિડ નામનું મહત્ત્વનું રાસાયનિક દ્રવ્ય રહ્યું છે, જેના ઉપયોગથી આંતર ને બાહ્ય અવયવોની આળપ, ચાંદાં તથા વ્રણજન્ય દરદો દૂર થાય છે. કહેવાય છે કે જમરૂખ ખાવાથી તાવ આવે છે, શરદી થાય છે, આંતરડાંનાં કેટલાંક દરદો અને ઉધરસ પણ થાય છે. પણ આ માન્યતા કેવળ ભ્રમ છે. એક વાત સાચી છે કે જેમ કોઈ પણ વસ્તુનો અતિયોગ કોઇ ને કોઇ પ્રકારની વિકૃતિ પેદા કરે છે તેવી વિકૃતિ આ જમરૂખના અતિસેવનથી પણ પેદા થાય છે. છતાં વિવેક ને સમજપૂર્વક જો એનો ઉપયોગ કરવામાં આવે તો એના સેવનથી અનેક પ્રકારનાં નાનાંમોટાં દરદો દૂર થાય છે. પિત્તજ વિકૃતિમાં કે પિત્તજ દરદોમાં એ સૌથી વિશેષ માફક આવે છે.

સૌથી પહેલાં, જેને રોગનું મૂળ ગણવામાં આવે છે તેવી કબજિયાતનો વિચાર કરીએ તો આજે એ ઘરઘરનો વ્યાધિ બની ગઈ છે. દિવસો સુધી મળ ન આવે, થોડોથોડો સુકાએલા ગાંઠાની જેમ ઊતરે, વિશેષ બળ કરવું પડે, મળમાં ખૂબ જ વાસ હોય, અને આવી કબજિયાતને પરિણામે શરીરમાં ગરમી રહેતી હોય, લોહી કાળું પડતું જતું હોય, કે કેટલીક વખત આવી જ કબજિયાતથી સ્વપ્નદોષ થઇ જતો હોય, તેવા દરદીને જમરૂખ ખૂબ જ માફક આવે છે. એનાથી મળક્રિયા સ્વાભાવિકરીતે થાય છે ને શરીરસ્થ રક્તધાતુઓને ઠંડક મળે છે.

આંતરડાંની ગરમી અને જૂના મળદોષમાંથી જ મરડાનો એક વ્યાધિ પેદા થાય છે તેમાં પણ જમરૂખ ઉપયોગી બને છે. આંતરડાંનું એવું જ એક દરદ હરસ છે. કાયમી બળ કરીને મળ લાવવાની ટેવથી આ વ્યાધિ પેદા થાય છે. એમાં મળદ્વારની માંસપેશીઓ શિથિલ બની પોતાનું સ્થાન છોડીને બહાર આવે છે. હરસમાં રક્તસ્રાવ થવો એ સ્વાભાવિક અસર છે. આવા દરદમાં જમરૂખની સંકોચનશક્તિ રોગમુક્ત થવામાં બળ પૂરે છે. જમરૂખની છાલ કે એનાં પાનનો ઉકાળો કરી ૧ તોલો પાનછાલને ૧૦ તોલા પાણીમાં રાત્રે પલાળી સવારના ઉકાળી બે તોલા બાકી રહે ત્યારે ચાળી ગાળીને પી જવાથી રક્ત બંધ થઈ મળદ્વારની માંસપેશીઓ સંકોચાઇને એના સ્થાને ગોઠવાય છે.

કેટલીક વખત નાનાં બાળકોને ઓરી પછી થતા ઝાડામાં, કે બીજી કોઇ ને કોઇ નબળાઇને કારણે, ગુદામાર્ગ બહાર ખસી આવતો હોય છે. આપણો સમાજ આ દરદને આમણ બહાર આવવાનો વ્યાધિ કહે છે. આ વ્યાધિમાં પણ ઉપરના ઉકાળાનું પ્રક્ષાલન સારો ફાયદો કરે છે.

મોઢામાં ચાંદાં પડવાં, દાંતનાં પેઢાં ફૂલી જવાં તથા કળતર થવી, દાંતના સડાને કારણે એમાં શૂળ આવી લોહી નીકળવું એવાં નાનાંમોટાં દરદોમાં જમરૂખનો ખાવામાં ઉપયોગ કરવામાં આવે કે એનાં છાલ-પાનનો ઉકાળો કરી કોગળા કરવામાં આવે, યા એનાં પાન ચાવીચાવીને એનો રસ સમગ્ર મોઢામાં ફેરવીફેરવીને થૂંકી નાખવામાં આવે તો પણ ઉપરની તમામ ફરિયાદોમાં ઘરગથ્થુ રીતેજ આરામ મેળવાયછે.

વાતજ અને પિત્તજ વિકૃતિ શાંત કરનારું જમરૂખ ગાંડપણની એક કીમતી ઔષધિ છે, કારણ કે એના સેવનથી મગજના જ્ઞાનતંતુઓને બળ મળે છે, ખોટી ગરમી દૂર થાય છે ને માનસિક સમતુલા વધે છે. એક જમરૂખ લઈ એને પાણીના વાસણમાં રાત્રે મૂકી રાખવું અને સવારના નરણા કોઠે ધીમેધીમે ચાવીને ખાઈ જવું.

ગાંડપણની સ્થિતિ જેમ જ દારૂ, ભાંગ, ચરસ જેવા નશાકારક પદાર્થ લેવાથી પેદા થતી માનસિક અસ્વસ્થતાના ઝેરને ઉતારવા માટે જમરૂખડીનો રસ પિવડાવવાની પ્રાચીન વૈદ્યોએ ભલામણ કરી છે. અને એ જ રીતે છૂટથી જમરૂખ આપવાથી પણ એનું ઝેર દૂર થાય છે.

જમરૂખમાં રહેલા રાસાયનિક દ્રવ્ય ટેનીનની મુખ્ય શક્તિ સંકોચન કરવાની છે. આથી સ્વાભાવિક રીતે જ આંતર-બાહ્ય અવયવોમાં રુક્ષતા, જડતા વધે છે. જમરૂખના આ દોષને કારણે પંડિતો કહે છે કે જમરૂખ ભૂખ્યા પેટે ખાવું હિતકર નથી. પણ ખોરાક પછી તે લેવાથી વિશેષ પાચક, પોષક ને દીપક બને છે. જમરૂખની આ ઉપયોગિતા હોવા છતાં ય નીચેના દરદીએ ખાવાં હિતકર નથી: (૧) જેને ભૂખ જ લાગતી ન હોય એવા મંદાગ્નિના દરદીએ; (૨) પ્રસૂતા સ્ત્રી, તેમ જ આર્તવવાળી સ્ત્રીએ; (૩) આમવાત, સંધિવાતના દરદીએ; (૪) હૃદયગત કોઈ વ્યાધિના કારણે શરીરના કોઈ ને કોઇ ભાગ ઉપર સોજો આવતો હોય એવા શોથજન્ય દરદમાં પણ જમરૂખ હિતકર નથી. પણ ઝાડા, મરડો, ઊલટી, કૉલેરા જેવા ઉગ્ર રોગો, રક્તસ્રાવ, હરસ, કબજિયાત, ગાંડપણ ને અજીર્ણ જેવાં દરદોમાં એ છૂટથી વાપરી શકાય છે. એવી જ રીતે જ્યાં જ્યાં પ્રજીવક 'સી'ની જરૂર છે તેવા રસરક્તદોષમાં પણ એનો છૂટથી ઉપયોગ કરી શકાય છે.

('પ્રવાસી') —ચિકિત્સક

આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમાં: વ્યક્તિવિશેષ • દિનવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: બાબર



હિંદમાં મુઘલ સલ્તનતની સ્થાપના કરનાર આ ધૈર્યવાન, દીર્ઘદર્શી ને સામર્થ્યશાળી બાદશાહનો જન્મ ઈ. ૧૪૮૩ની ૧૪મી ફેબ્રુઆરીએ ફરઘાનાના બાદશાહ ઉમર શેખને ત્યાં થયો હતો. એ પિતૃપક્ષે તૈમૂરનો અને માતૃપક્ષે ચંગીઝખાનનો વંશજ હતો. તેનું મૂળ નામ હતું ઝહીરુદ્દીન મુહંમદ. બાબર એ તેનું લાડનું મોંગોલ નામ છે. ઈ. ૧૪૯૫માં એ તેના પિતાની ગાદીએ બેઠો. બાદ ૧૪૯૭માં તેણે સફળપણે સમરકંદ પર ચડાઈ કરી, પરંતુ ઉમરાવોમાંના આંતરિક બળવાને પરિણામે તેણે પોતાના રાજ્ય સાથે સમરકંદ પણ ગુમાવ્યું. જોકે પછી બંને રાજ્યો તેણે ફરી મેળવ્યાં. ૧૫૦૧માં ઉઝબેકિસ્તાનના શાસક શૈબાનીખાને તેને હરાવીને સમરકંદમાંથી દૂર કર્યો.

૧૫૦૪માં તેણે હિંદુકુશ પર્વત પાર કર્યો અને કાબુલ કબજે કર્યું. ૧૫૧૦માં શૈબાનીના અવસાન પછી તેણે ઈરાનના શાહ ઈસ્માઇલની મદદ મેળવી સ્વદેશનો કબજો લેવાના પ્રયત્નો જારી રાખ્યા, પણ ૧૫૧૪માં ઉઝબેકોએ તેને સખત હાર આપી.

દિલ્હીનો શાહાનશાહ ઇબ્રાહીમ લોદી તેના અફઘાન ઉમરાવોમાં ઘણો અપ્રિય થઈ પડ્યો હતો, જેમાંના ઘણાએ બાબરને ઇબ્રાહીમ લોદીને દૂર કરવા કહેવડાવ્યું. આ તકનો બાબરે સંપૂર્ણ લાભ લીધો. પંજાબ જીતી ૧૫૨૬ના એપ્રિલમાં પાણીપતના મેદાનમાં અફઘાન શાહાનશાહ ઇબ્રાહીમ લોદીની એક લાખની સેના સામે પોતાનું ૧૨,૦૦૦નું સૈન્ય તેણે ખડું કરી દીધું. અને આટલું નાનકડું લશ્કર હોવા છતાં એક લાખના વ્યવસ્થિત ને કેળવાએલા સૈન્ય સામે તે હિંદુસ્તાનમાં એ વખતે અજાણી એવી પોતાની પાસેની તોપો તથા પોતાના લશ્કરને અપાએલી તાલીમ પર મુસ્તાક હતો. ૭૦૦ ગાડાંઓની કિલ્લેબંધી રચી તેણે મન ફાવે તેમ તૂટી પડતા અફઘાનો પર તોપમારો ચલાવી ખુદ ઇબ્રાહીમ સાથે ૧૫,૦૦૦ લોથ પાડી દીધી ને પોતાનો વિજય નિશ્ચિત કરી લીધો. એ વખતે હિંદુસ્તાનમાં ચાલતી અવ્યવસ્થા સામે પોતાની સેનાપતિ તરીકેની કુનેહ ને લશ્કરી કાર્યદક્ષતાથી તેણે હિંદનો ઘણોખરો ભાગ જીતી લીધો: મેવાડના રાણા સંગે બે લાખ અને દસ હજારનું સૈન્ય લઇ આ વિજિગીષુ પરદેશીનો સામનો કર્યો પણ એમાં તે ફાવ્યો નહિ. ઈ. ૧૫૨૭ની ૧૦મી માર્ચે તેણે આગ્રા નજીકના ગામ ખાનુઆ ખાતે ત્યાંના હિંદુ રાજાને હરાવ્યો. હવે ઉત્તર હિંદનો બાબર પૂરેપૂરો સ્વામી બની ચૂક્યો હતો. જિંદગીનાં છેલ્લાં વર્ષ તેણે હિંદમાંની પોતાની શાહાનશાહતને વ્યવસ્થિત કરવામાં, મહેસૂલ-પદ્ધતિ નક્કી કરવામાં અને રાજધાનીના શહેર આગ્રાને સુધારવામાં ગાળ્યાં. ૧૫૩૦ની ૨૬મી ડિસેમ્બરે આગ્રા ખાતે ૪૮ વર્ષની વયે તેનું અવસાન થયું. તેની પછી ગાદી પર તેનો પુત્ર હુમાયૂં આવ્યો, જોકે મુઘલ સલ્તનતે સામ્રાજ્યનો હિંદવ્યાપી વિસ્તાર જોયો હુમાયૂંના પુત્ર અકબરના શાસનકાળમાં.

રખડુ જાતિના તાર્તાર લોકોનાં તરવરાટ અને ઝિંદાદિલીમાં તેણે ઈરાનની સંસ્કૃતિ ને સ્થિરતા પૂરી. સાહિત્ય, સંગીત અને બીજી લલિત કલાઓનો તે રસિક ભોક્તા હતો. ઈરાની ભાષાનો તે સિદ્ધ કવિ હતો અને માતૃભાષા તુર્કીનો એક અચ્છો ગદ્યપદ્યલેખક હતો. તેણે મૂળ તુર્કી ભાષામાં લખેલું આત્મચરિત્ર સાહિત્યદૃષ્ટિએ ગણનાપાત્ર છે, અને તેનો ઘણી ભાષાઓમાં તરજુમો પણ થયો છે.

દિનવિશેષ

તા. ૧ હિંદની સ્વાતંત્ર્ય-સાધનામાં અમૂલો ફાળો આપનાર અબ્બાસ તૈયબજી જન્મ્યા, ૧૮૫૪.
તા. ૩ 'કુંભમેળા'માં ગંભીર હોનારત, ૫૦૦ માણસો ચગદાઈ ગયાં ને ૧૦૦૦ને ઈજા થઈ, ૧૯૫૪.
તા. ૬ સૂરતમાં વેપારની કોઠી નાખવા માટે અંગ્રેજોને જહાંગીરની મંજૂરી મળી, ૧૬૧૩.
તા. ૭ અંગ્રેજી સાહિત્યના મહાન ને લોકપ્રિય નવલનવેશ ચાર્લ્સ ડિકન્સનો જન્મ, ૧૮૧૨.
તા. ૧૦ રશિયાએ જાપાનને કચડવા યુદ્ધની જાહેરાત કરી (જેમાં અંતે પોતે જ હાર્યું), ૧૯૦૪.
તા. ૧૨ ગુલામોના તારણહાર, માનવતાના પૂજારી પ્રમુખ એબ્રહૅમ લિંકનનો જન્મ, ૧૮૦૯.
તા. ૧૩ રાષ્ટ્રપ્રેમને જીવન ને કવનમાં વણી લેનાર શ્રીમતી સરોજિની નાયડુનો જન્મ, ૧૮૯૭.
તા. ૧૯ 'ભારત સેવક સમાજ'ના આદ્ય સ્થાપક ગોપાલ કૃષ્ણ ગોખલેનું અવસાન, ૧૯૧૫.
તા. ૨૧ ભારતનો વિશ્વવિખ્યાત 'કોહિનૂર' ('તેજનો પર્વત') હીરો અંગ્રેજોના હાથમાં ગયો, ૧૮૪૯.
તા. ૨૨ દેશસેવામાં મૂક ફાળો આપી ભારતજનની બનેલાં કસ્તૂરબાનું અવસાન, ૧૯૪૪.
તા. ૨૪ હિંદના ગવર્નર જનરલ લૉર્ડ આમ્હર્સ્ટે બ્રહ્મદેશ વિરુદ્ધ લડાઇ જાહેર કરી, ૧૮૨૪.
તા. ૨૭ રૉલેટ બિલના વિરોધમાં મહાત્મા ગાંધીજીએ ભારતમાં સત્યાગ્રહ શરૂ કર્યો, ૧૯૧૯.
તા. ૨૯ સ્વતંત્ર ભારતમાંની છેલ્લી બ્રિટિશ લશ્કરી ટુકડીની મુંબાઇમાંથી વિદાય, ૧૯૪૮.

પ્રસંગવિશેષ: નેપોલિયન એલ્બાથી નાસી છૂટ્યો, ૨૬મી ફેબ્રુઆરી ૧૮૧૫

ફ્રાન્સના સમ્રાટ નેપોલિયને આખા યુરોપખંડમાં પોતાની આણ વર્તાવી તેનો છેલ્લો તબક્કો હતો ઈ. ૧૮૧૨માં તેણે રશિયા સામે કરેલી ચડાઇ, જેમાં પાછા વળતાં કૉઝૅક સૈન્યે તેના સૈન્ય પર કરેલા હિચકારા હુમલા અને હવામાનમાંની ભીષણ ઠંડીએ તેની સૈન્યસંપત્તિ ખુટવાડી દીધી તથા તેને પોતાને યે ઘરડો અને ચિંતાતુર બનાવી મૂક્યો. તેના વિશ્વાસઘાતી દેશદ્રોહી તાલેરાં રાજાઓના કાવાદાવા વધી ગયા હતા, અને તેના વિશ્વાસુ સેનાપતિઓ પણ તેના વિરોધી બની ગયા હતા. થાક્યાપાક્યા અને કંટાળી ગએલા નેપોલિયને ૧૮૧૪ના એપ્રિલમાં ગાદીત્યાગ કર્યો. નેપોલિયનને હવે ભૂમધ્ય સમુદ્રમાં આવેલા એલ્બા નામના નાનકડા ટાપુમાં મોકલી દેવામાં આવ્યો, અને બુર્બોવંશના એક નબીરાને–ગિલોટીન ઉપર ચડાવવામાં આવેલા બીજા એક લૂઈ નામધારીને–૧૮મા લૂઈના નામથી ફ્રાન્સની ગાદી ઉપર બેસાડવામાં આવ્યો.

એવામાં નેપોલિયન એલ્બા ટાપુમાંથી એક નાનકડી હોડીમાં છટકી ગયો અને રીવિયેરા પરગણાના કૅનિસ બંદરે તે ઈ. ૧૮૧૫ની ૨૬મી ફેબ્રુઆરીએ એકલદોકલ ઊતર્યો. અહીં નાનકડું સૈન્ય એકઠું કરી તે પૅરિસ પહોંચ્યો. બુર્બો રાજા નાસી છૂટ્યો. બીજી તરફ યુરોપના રાજાઓ અને તેમના પ્રધાનો અંદરઅંદરની તકરારો ભૂલી ગયા અને નેપોલિયનને ફરીથી હરાવવાના કાર્યમાં તેમણે પોતાનું બધું લક્ષ કેન્દ્રિત કર્યું. આથી આખું યુરોપ તેની સામે ધસી આવ્યું. આખરે વૅલિંગ્ટન અને બ્લ્યૂખરની સરદારી નીચે અંગ્રેજ સૈન્યોએ તે ફ્રાન્સને કિનારે ઊતર્યો ત્યાર પછી માત્ર ૧૦૦ દિવસ બાદ બ્રુસેલ્સ નજીક વૉટરલૂના રણક્ષેત્ર પર તેને હરાવ્યો. એથી તેના આગમન પછીનો સમય '૧૦૦ દિવસનો અમલ' તરીકે ઓળખાય છે.


બાહ્ય અવકાશમાં ઉડ્ડયનની સિદ્ધિ




અવકાશમાં થઇ બીજા ગ્રહો પર જવાનું સ્વપ્ન સાકાર થતું જાય છે. એથી વેપાર અને ખેતીને મદદ કરવા હવામાન નિયંત્રિત કરી શકાશે.




ઇતિહાસના આરંભથી અવકાશે આકર્ષણ કર્યું છે; પણ ૧૬૧૦માં ગૅલિલિયોના ટેલિસ્કોપે મનુષ્યની જિજ્ઞાસાને વધુ જાગૃત કરી.



૧૮મી સદીમાં સર વિલિયમ કૉંગ્રેવે બંદૂકના ઘન બળતણથી એક માઈલ ઊડી શકે તેવાં રૉકેટ બનાવ્યાં. પણ તેનું નિયંત્રણ થઈ ન શકતું.



વીસમી સદીના પ્રારંભે એક અમેરિકન અધ્યાપક ડૉ. ગૉડાર્ડે પ્રવાહી બળતણ વાપરીને રૉકેટવિદ્યાનો આખો ખયાલ પલટી નાખ્યો.



બાહ્ય અવકાશમાં રૉકેટની ઝડપ વધુ હોય, એ સાબિત કરવા તેમણે હવા વિનાની બરણીમાં પિસ્તોલમાંથી ખાલી કારતૂસ છોડી બતાવ્યું.




તે પછી રૉકેટોએ આફતમાં આવેલાં વહાણોને જીવાદોરી પહોંચાડી છે; જમીન ને દરિયા પર સંકેત માટે ઝબકતી રૉકેટ-બંદૂકો વપરાઈ છે.




રૉકેટશક્તિનો બીજો ઉપયોગ તે જેટ-ઍસિસ્ટેડ-ટેઈક-ઑફ (જાટો). તે વડે ભારવાહક વિમાનો ટૂંકી જગ્યામાંથી ઊંચે ચડી શકે છે.



૧૯૪૯માં અમેરિકાએ પહેલું બહુવિભાગી રૉકેટ ઉડાડ્યું, જેમાં છેલ્લા સિવાયના બધા વિભાગ પોતાનું બળતણ બળી જતાં ખરી પડે છે.




પછી એ જ શોધ દ્વારા અમેરિકાએ ૧૯૫૮માં આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષ દરમ્યાન પહેલો કૃત્રિમ ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરતો મૂક્યો.




પછી તેણે સાડા ચાર ટનનો સંદેશા મોકલતો 'બોલતો' ઉપગ્રહ 'ઍટલાસ' અવકાશમાં મોકલીને સંદેશા-વ્યવહારમાં નવો યુગ શરૂ કર્યો.



પછી 'વૅન્ગાર્ડ' મોકલીને હવામાનશાસ્ત્રમાં નવો યુગ પ્રગટાવ્યો, કે જે દ્વારા કદાચ વિશ્વવ્યાપી ધોરણે હવામાનની આગાહી કરી શકાશે.



એ પછી 'પાયોનિયર'–ચોથો છોડયો, જેણે સૂર્યની કક્ષામાં દાખલ થઇ વધુમાં વધુ દૂર ૪,૦૬,૬૨૦ માઈલથી રેડિયોસંદેશ મોકલ્યા.



એ 'પાયોનિયર' હવે સૃષ્ટિના અંતકાળ સુધી સૂર્યની આસપાસ (ઉપરના ચિત્રમાં બતાવેલી ટપકાંવાળી ભ્રમણકક્ષામાં) ફર્યા કરશે.



હવે અવકાશ-પ્રવાસ સમયે માણસને હવા, પાણી, ખોરાક, ને ગરમી-ઠંડી તથા કિરણોત્સર્ગથી રક્ષણ આપવાના પ્રયોગો થાય છે.




માણસ ચંદ્ર પર જશે ત્યારે ત્યાં હવા પાણી કે અવાજે નહિ હોય. ઉષ્ણતામાન શૂન્ય નીચે ૨૦૦ અંશથી માંડી શૂન્ય ઉપર ૨૦૦ સુધી હશે.



નિષ્ણાતો માને છે કે પૃથ્વી પરથી રૉકેટ મારફત ફેંકેલા ભાગોમાંથી પૃથ્વીના વાતાવરણની બહાર બનાવેલા અવકાશમંચ પરથી માણસને ગ્રહો વચ્ચેના પ્રવાસ માટે ઊપડવાનું સહેલું પડશે. અવકાશમંચની આસપાસ વાતાવરણ કે ગુરુત્વાકર્ષણનું બળ નહિ હોવાથી ત્યાં વિમાનને પૃથ્વી કરતાં ઘણી ઓછી શક્તિ વાપરવી પડશે.



અવકાશયાન છોડવા ઉપરાંત અવકાશમંચ ખગોળના ઉચ્ચ અભ્યાસ માટે વેધશાળા તરીકે પણ કામ આપશે. પૃથ્વીના વાતાવરણથી નિરીક્ષણોમાં આવતી વિકૃતિ ત્યાં નહિ આવે. વળી તે હવામાનમથકો તરીકે તથા રેડિયો-ટેલિવિઝનનાં રિલેમથકો તરીકે પણ કામ આપશે. તેથી વિશ્વવ્યાપી પ્રસરણકાર્ય શક્ય બનશે.



ગ્રહો વચ્ચે પ્રવાસ કરતા અવકાશયાનનો વેગ, તેને પૃથ્વીના ગુરુત્વાકર્ષણમાંથી છૂટવા માટે ઓછામાં ઓછો કલાકે ૨૪,૬૮૮ માઇલનો તો હોવો જોઇએ. પછી તેની ઝડપ કલાકે ૪ થી ૫ હજાર માઈલ થશે. આ ઝડપે ચંદ્ર પર પહોંચતાં તેને ૫૦ કલાક, મંગળે પહોંચતાં ૨૯૦ દિવસ અને શુક્ર પર પહોંચતાં ૨૧૫ દિવસ લાગશે.

દોલત ગઈ તે સાંપડે, ગયાં વળે છે વ્હાણ;
અવસર વીત્યા ના વળે, ગયા ન આવે પ્રાણ.

પોતાના માનીતા ઘોડાને બેદરકારીથી મારી નાખવાથી અત્યંત ગુસ્સામાં એ ઘોડાવાળાને ઠાર મારવા જાતે તલવાર ખેંચતા ચીનના એક બાદશાહને તેના વજીરે અટકાવીને કહ્યું : 'પણ પોતાનો ગુનો એ પૂરો જાણતો નથી.'

'તો એને સમજાવ.' એમ પરવાનગી મળતાં વજીરે ઘોડાવાળાને કહ્યું : 'તું જાણે છે અલ્યા, કે તારી કેટલી કસૂર છે? પહેલી તો એ કે ઘોડાને તેં બેદરકારીથી મારી નાખ્યો, અને બીજી એ કે એક ઘોડાને બદલે માણસનો જાન લેવા તૈયાર થાય એટલા આપણા નામવરને ગુસ્સે કરીને દુનિયાની નજરમાં તેં એમને હલકા પાડ્યા.'

શાણા વજીરનો મર્મ સમજી બાદશાહે ઘોડાવાળાને માફી બક્ષી એ કહેવાની જરૂર છે?

ગણિતગમ્મત : ૫૨૬૩૧૫૭૮૯૪૭૩૬૮૪-૨૧૦, આ રકમ એવી છે કે એને ગમે તે અંક વડે ગુણવા છતાં એના મૂળ આંકડા આડાઅવળા થઇને પણ ગુણાકારમાં હાજર રહે છે જ!

અનેકાર્થી શબ્દ : **પાક**=ખેતીની પેદાશ; એક રોગ, ચાંદું, ગૂમડું;ગડગૂમડ વગેરેનું પાકવું તે; મિષ્ટ ખાદ્ય વાનગી; એક ખાદ્ય ઔષધ; રસોઈ, રાંધેલું અન્ન; રસોઈનું વાસણ; પરિપક્વતા; પરિણામ; વૃદ્ધાવસ્થાથી વાળ વગેરે ધોળા થવા તે; ઉષ્મા; ઘરનો અગ્નિ; પાચન; રાષ્ટ્રભંગ; સિદ્ધિ; લુવડ; ધાવણું બાળક; ખરાબ ગંધથી જીવડાંનું ઉત્પન્ન થવું તે; શેરડીના રસની ઊકળતી કડાઈમાં બફાએલું આદુ; શ્રાદ્ધમાં પિંડદાન માટે રાંધેલી ખીર; સમુદ્રમાં મોતી ઉત્પન્ન થવાં તે; કાવ્યના અર્થની પરિપક્વતા; એક અસુર; પાકું, પકવેલું; પાકી બુદ્ધિવાળું; અજ્ઞાત; અલ્પ; ઇનામદાર; ઉત્તમ; શુદ્ધ, પવિત્ર; પ્રશંસનીય; સંપૂર્ણ.

કહેવતોના અર્થ : 'કીડીને પાંખો આવી!' અકાળે કે અપાત્રે મળેલી સાહ્યબીના મદમાં, મત્સરથી કે બેફામપણે માણસ આત્મઘાતક વર્તન કરવા માંડે તે વર્ણવવા માટે વપરાતી આ કહેવત પાછળનું ઉદાહરણ સચોટ છે. ચોમાસામાં કીડીમંકોડીને ઓચિંતી પાંખો આવે છે ત્યારે તે જાત જે બેફામપણે ઊડે છે તેથી તે પંખી, ગરોળી આદિનું સરળ ભક્ષ્ય જ બની રહે છે. એને મળતી બીજી કહેવત 'ઘો મરવાની થાય ત્યારે વાઘરીવાડે જાય'ની માફક જ આ કહેવતનો અર્થ પણ એ જ છે કે 'કીડીને પાંખો આવી એટલે તે મરવાની.'

સરજનહારની સમગ્ર જીવસૃષ્ટિમાં કરોળિયો એ ઝડપીમાં ઝડપી જીવ છે. તે પોતાની લંબાઇ કરતાં સોગણું અંતર એક સેકંડમાં દોડી શકે છે. એ જ રીતે તમરું એ મજબૂતમાં મજબૂત જીવ છે. તે પોતાના વજન કરતાં ૮૫૦ ગણું વજન ઊંચકી જઈ શકે છે.




દૃષ્ટિભ્રમનો આ અચ્છો નમૂનો છે. સામાન્ય નજરે જોતાં એમાં એકએક છૂટા લંબચોરસ એકબીજા ઉપર ચીતરેલો લાગે છે, પણ ખરી રીતે જોતાં બધી આકૃતિ એક જ લીટીથી એકબીજને અનુસંધાને ચીતરેલી છે; એટલે કે પ્રત્યેક લંબચોરસની બીજી બાજુ ખુલ્લી છે.

પાણીથી પિત્તળ આઠગણું, કાંસું સાતગણું, લોઢું સાતગણું, ત્રાંબું આઠગણું, ૩ દોઢગણું, માટી સવાગણી, સંગેમરમર બેગણો, પારો તેરગણો, ચાંદી દસગણી, સોનું સોળગણું ને પ્લૅટિનમ ૨૧ ગણું ભારે છે. દૂધ ને લોહી સરખાં ભારે છે, બરફ ને ચરબી પાણીથી હલકાં છે.

હાથીદાંતની મેલી થએલી ચીજો મીઠામાં બોળેલી લીંબુની ચીર વડે ઘસી કોકરવરણા પાણીથી સાફ કરીને બરોબર સૂકવી નાખજો.

વૅસેલીનમાં સોડા બાઇ કાર્બ મેળવીને એક ડબ્બીમાં રસોડામાં રાખી મૂકવું સારું. અકસ્માત્ દાઝી જવાય તો જાડું જાડું લગાડવાથી ફોલ્લો પડતો અટકશે ને દાઝ પર શાંતિ વળશે.



તમિળ કવિ તિરુવલ્લુવરના માનમાં આ માસની ૨૩મી તારીખે બહાર પડેલી ૧૫ન. પૈ.ની નીલરંગી ટિકિટ




આ છોકરાને બંને બાજુના સરવાળાની સંખ્યા ૧૮ લાવવી છે : તો બંને બાજુના કયા આંકના પરસ્પર બદલવાથી તેમ થઈ શકશે એ કહેશો?



હસનઅલી શેઠે બહારગામની એક કંપનીમાં કોઈ માલનો ઑર્ડર મૂકેલો, તેમાં બરોબર સમજણ ન પડવાથી કંપનીએ તાર કર્યો કે 'ઑર્ડર નૉટ ક્લીઅર. કમ પર્સનલી.'

ઓછું અંગ્રેજી જાણતા હસનઅલી મૂંઝાયા. આ બોલાવે છે તો ખરા, પણ નામમાં કંઈ ભૂલ કરી લાગે છે. આથી ઘણી ગડમથલ પછી તેમણે સામો તાર કરી પુછાવ્યું : 'નો પરસનઅલી હીઅર. વિલ હસનઅલી ડુ?'



ધાતુચિત્ર : ભગવાન બુદ્ધના અવશેષો રાખવાનું પાત્ર, જેના પર તેમની દિવ્યતાનાં સૂચક ચાર છત્રો શોભે છે. સ્તૂપો ઉપરનાં છત્રોનો અર્થ પણ એ જ છે.